# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08
નોરા ફતેહી શોકમાં ડૂબી.... અંગત મિત્રના નિધનથી ભાંગી પડી, રડી રડીને હાલત...



પેજ-09
રાહુલ દ્રવિડનું જીવનગૌરવ સન્માન 'ધ વોલ' ને બીસીસીઆઈની સલામી

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 36.00 | 22.00 |
| વડોદરા | 36.00 | 21.00 |
| સુરત | 32.00 | 22.00 |

પેજ 5



દુનિયામાં ઈંધણનું ગંભીર સંકટ સર્જાશે ટ્રમ્પ વહીવટીતંત્રને ઓઈલ...


17
MARCH-2026
TUESDAY


રશિયા ચીનનો ઈરાનને સૈન્ય સહયોગ મળતા જંગ ભભૂકી ઉઠી



પેજ 10

**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 75502.85 | ▲ | 938.93 |
| નિફ્ટી | 23408.80 | ▲ | 257.70 |
| સોનું | 156900 | ▼ | 1566 |
| ચાંદી | 258455 | ▼ | 980 |


વર્ષ-15 । અંક-124 । વિક્રમ સંવત-2082 । ફાગણ વદ - 14 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# સરકારી હોસ્પિટલમાં આગ, 10 દર્દીઓ ભડથું

## લોકોને બચાવવામાં 11 કર્મચારીઓ દાઝ્યાં; ઓડિશાના CM કટકની હોસ્પિટલે પહોંચ્યા : આગ હોસ્પિટલના પહેલા માળે બનેલા ટ્રોમા કેરના ICUમાં લાગી હતી



મૃતકોના પરિવારોને ૨૫-૨૫ લાખ રૂપિયાનું વળતર જાહેર

(એજન્સી) કટક | તા 16

ઓડિશાના કટકમાં SCB મેડિકલ કોલેજ હોસ્પિટલમાં આગ લાગી હતી. રવિવારે મોડી રાત્રે 3 વાગ્યે થયેલા આ અકસ્માતમાં 10 દર્દીઓના મોત થયા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આગ હોસ્પિટલના પહેલા માળે બનેલા ટ્રોમા કેરના ICUમાં લાગી હતી.દર્દીઓને સુરક્ષિત સ્થળોએ ખસેડતી વખતે હોસ્પિટલના ઓછામાં ઓછા 11 કર્મચારીઓ પણ દાઝી ગયા હતા. ઓડિશાના CM મોહન ચરણ માંઝી ઘાયલોને મળવા હોસ્પિટલ પહોંચી ગયા છે.

### મુખ્યમંત્રીની સંવેદના અને વળતર

મૃતકોના પરિવારો પ્રત્યે ઘેરી સંવેદના વ્યક્ત કરી હતી. તેમણે આ દુર્ઘટનામાં જીવ ગુમાવનારા દરેક દર્દીના પરિવારને ૨૫-૨૫ લાખ રૂપિયાનું વળતર આપવાની જાહેરાત કરી છે.

### કર્મચારીઓની બહાદુરી

આગની ભીષણતા વચ્ચે પણ હોસ્પિટલના કર્મચારીઓએ ભારે સાહસ બતાવ્યું હતું. દર્દીઓને સુરક્ષિત સ્થળે ખસેડતી વખતે હોસ્પિટલના ઓછામાં ઓછા ૧૧ કર્મચારીઓ ગંભીર રીતે દાઝી ગયા હતા.

### તપાસના ચક્રો ગતિમાન

પ્રાથમિક તપાસમાં આ ભીષણ આગ પાછળનું કારણ એર કન્ડીશનીંગ યુનિટમાં થયેલું શોર્ટસર્કિટ હોવાનું માનવામાં આવે છે. જોકે, મુખ્યમંત્રીએ આ ઘટનાને અત્યંત ગંભીરતાથી લઈ ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપ્યા છે.

### હોસ્પિટલમાં શોકનું મોજું

વહેલીસવારે ૩વાગ્યે બનેલી આઘટનાને કારણે SCB હોસ્પિટલ પરિસરમાં ભારે અફરાતફરી અને શોકનું મોજું ફરી વળ્યું છે. અનેક પરિવારોએ પોતાના સ્વજનોને ગુમાવ્યા છે, જેઓ પહેલેથી જ ગંભીર બીમારી સામે ઝઝૂમી રહ્યા હતા.

બંગાળ : સુવેન્દુ અધિકારીને મમતાની બંને બેઠકો ભવાનીપુર-નંદીગ્રામથી ટિકિટ

# ભાજપે 144 ઉમેદવારોની પહેલી યાદી બહાર પાડી

(એજન્સી) નવી દિલ્હી | તા 16

ભારતીય જનતા પાર્ટી (BJP) એ બંગાળ વિધાનસભા ચૂંટણી માટે પોતાના ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી દીધી છે. પ્રથમ યાદીમાં 144 ઉમેદવારોના નામ છે. પાર્ટીએ સુવેન્દુ અધિકારીને નંદીગ્રામ અને ભવાનીપુરથી ટિકિટ આપી છે. આ બંને બેઠકો બંગાળના CM મમતા બેનર્જીની છે.સુવેન્દુ અધિકારીએ 2021 વિધાનસભા ચૂંટણીમાં મમતાને નંદીગ્રામ બેઠક પરથી હરાવ્યા હતા. નંદીગ્રામમાં હાર પછી મમતા ભવાનીપુરથી પેટાચૂંટણી જીત્યા હતા. ભવાનીપુર બેઠક TMCનો મજબૂત ગઢ માનવામાં આવે છે.

**ભાજપે કેરળમાં 47 ઉમેદવારોની જાહેરાત**

### બંગાળમાં હાઈવોલ્ટેજ જંગની તૈયારી

સુવેન્દુ અધિકારીને બે બેઠકો પરથી ટિકિટ આપીને ભાજપે સ્પષ્ટ સંકેત આપ્યો છે કે તેઓ મમતા બેનર્જીને તેમના જ ગઢમાં ઘેરવા માંગે છે. સુવેન્દુએ નંદીગ્રામમાં મમતા બેનર્જીને પરાજય આપ્યો હતો, મમતાની પરંપરાગત બેઠક ભવાનીપુર પર પણ તેમને પડકારશે. આ ઉપરાંત દિલીપ ઘોષને ખડગપુર સદર અને સ્વપન દાસગુપ્તાને રાશબિહારી બેઠક પરથી ટિકિટ આપવામાં આવી છે.

### કેરળમાં દિગ્ગજો મેદાનમાં

કેરળ વિધાનસભા ચૂંટણી માટે જાહેર કરાયેલી ૪૭ ઉમેદવારોની યાદીમાં પણ ભાજપે મોટા નામો પર દાવ ખેલ્યો છે. પૂર્વ કેન્દ્રીય મંત્રી રાજીવ ચંદ્રશેખર નેમોમ બેઠક પરથી ચૂંટણી લડશે, જ્યારે પ્રદેશ પ્રમુખ કે. સુરેન્દ્રન મંજેશ્વર બેઠક પરથી નસીબ અજમાવશે. પૂર્વ ડીજીપી આર. શ્રીલેખાને વટ્ટિયૂરકાવુ અને મેજર રવિને ઓટ્ટપાલમથી મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. કેરળમાં ભાજપ આ વખતે પોતાનો વોટ શેર વધારવા અને વધુ બેઠકો જીતવા માટે એડીચોટીનું જોર લગાવી રહી છે.

# પૂર્વ PM દેવગૌડાએ રાહુલના પ્રદર્શનની ટીકા કરી

**સોનિયાને પત્ર લખીને કહ્યું- સંસદની સીડીઓ પર ચા-નાસ્તો કરવાથી તેની ગરિમા ખરડાય છે**



(એજન્સી) નવી દિલ્હી | તા 16

ભૂતપૂર્વ વડાપ્રધાન અને જેડી(એસ) નેતા એચ.ડી. દેવગૌડાએ સંસદમાં વિપક્ષના હોબાળાની રીતને લઈને કોંગ્રેસ સંસદીય દળના અધ્યક્ષ સોનિયા ગાંધીને પત્ર લખ્યો છે. તેમણે વિપક્ષના નેતા રાહુલ ગાંધીનું નામ લીધા વિના સંસદમાં તેમના વિરોધની ટીકા કરી છે.92 વર્ષીય દેવગૌડાએ બે પાનાના પત્રમાં રાહુલના હાલના પ્રદર્શનોનો ઉલ્લેખ કરતા કહ્યું કે સંસદના બજેટ સત્ર દરમિયાન સતત સૂત્રોચ્ચાર, પોસ્ટર બતાવવા અને ધરણા-પ્રદર્શનથી લોકતાંત્રિક સંસ્થાઓની ગરિમાને નુકસાન પહોંચી રહ્યું છે.

# બંગાળ-આસામ સહિત 5 રાજ્યોમાં આચારસંહિતા




- ચૂંટણી પંચે 5000 થી વધુ ફ્લાઈંગ સ્ક્વોડ તૈનાત કર્યા, ભાજપ આજે કેરળના ઉમેદવારોની યાદી જાહેર કરશે
- પશ્ચિમ બંગાળમાં બે તબક્કાનું મતદાન, જ્યારે કેરળ-તમિલનાડુમાં સિંગલ ફેઝમાં લોકશાહીનો ઉત્સવ

(એજન્સી) કોલકાતા | તા 16

ECI એ રવિવારે પશ્ચિમ બંગાળ, કેરળ, તમિલનાડુ અને આસામ એમ ચાર રાજ્યો તેમજ કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીમાં વિધાનસભા ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કર્યો. આ સાથે જ આ રાજ્યોમાં આચારસંહિતા લાગુ થઈ ગઈ છે.ચૂંટણી પંચે સોમવારે જણાવ્યું કે ચૂંટણીવાળા રાજ્યોમાં 5,173 થી વધુ ફ્લાઈંગ સ્ક્વોડ તૈનાત કરવામાં આવી છે જેથી ફરિયાદો પર 100 મિનિટની અંદર કાર્યવાહી થઈ શકે. આ ઉપરાંત, 5,200 થી વધુ સ્ટેટિક સર્વેલન્સ ટીમો (SST) પણ તૈનાત કરવામાં આવી છે.

**.....સુવિચાર.....**

વ્યક્તિએ છેલ્લા શ્વાસ સુધી પ્રયત્ન કરવો જોઈએ, કાં તો લક્ષ્ય પ્રાપ્ત થશે અથવા અનુભવ બંને સારો છે !






# ડીકે શિવકુમારનો આરોપ-કોંગ્રેસના ધારાસભ્યોને ₹5-5 કરોડની ઓફર થઈ

**રાજ્યસભા ચૂંટણીમાં ક્રોસ વોટિંગ માટે ખરીદવા આવ્યા 4 લોકો; 2 કસ્ટડીમાં**

(એજન્સી) બેંગલુરુ | તા 16

કર્ણાટકના બેંગલુરુમાં રાજ્યસભા ચૂંટણી પહેલાં ડેપ્યુટી સીએમ ડીકે શિવકુમારે આરોપ લગાવ્યો કે ઓડિશા કોંગ્રેસના ધારાસભ્યોને ક્રોસ-વોટિંગ માટે 5-5 કરોડ રૂપિયાની ઓફર આપવામાં આવી. આ મામલે પોલીસે બે લોકોને કસ્ટડીમાં લીધા છે.

શિવકુમારે રવિવારે કહ્યું કે ઓડિશાના ચાર લોકો બેંગલુરૂ નજીક બિદાદી સ્થિત એક રિસોર્ટ પહોંચ્યા હતા, જ્યાં ઓડિશા કોંગ્રેસના ધારાસભ્યો રોકાયા છે. અહીં તેમણે રાજ્યસભા ચૂંટણીમાં ક્રોસ-વોટિંગના બદલામાં ધારાસભ્યોને પૈસા આપવાની ઓફર કરી.



### બેંગલુરુમાં 8 ધારાસભ્યો રોકાયા હતા

ઓડિશાના આઠ કોંગ્રેસ ધારાસભ્યો 12 માર્ચથી બેંગલુરુના એક રિસોર્ટમાં રોકાયા હતા. રાજ્યસભા ચૂંટણી પહેલાં હોર્સ ટ્રેડિંગની આશંકાને કારણે તેમને અહીં લાવવામાં આવ્યા હતા.ઓડિશાની 4 બેઠકો પર રાજ્યસભા ચૂંટણી સોમવારે યોજાવાની છે, જેમાં ભાજપને બે અને બીજેડીને એક બેઠક મળવાની સંભાવના છે. ચોથી બેઠક પર ભાજપ અને બીજેડીના ઉમેદવાર વચ્ચે મુકાબલો થશે.કોંગ્રેસ અને બીજુ જનતા દળે એક-એક ઉમેદવાર ઉતાર્યા છે, જ્યારે ભાજપે વધારાના ઉમેદવારને મેદાનમાં ઉતારીને મુકાબલાને રસપ્રદ બનાવી દીધો છે.

### BJP-BJD એ ઉમેદવારો જાહેર કર્યા

BJD એ સંતૃપ્ત મિશ્રાને પોતાના ઉમેદવાર જાહેર કર્યા છે, અને BJP એ આગામી રાજ્યસભા ચૂંટણીઓ માટે ઓડિશા પાર્ટી પ્રમુખ મનમોહન સામલ અને સુજીત કુમારના નામની જાહેરાત કરી છે.બીજુ જનતા દળે ગુરુવારે પાર્ટીના તમામ ધારાસભ્યો માટે 'થ્રી-લાઈન વ્હીપ' જારી કર્યો.

### ભાજપના 82 ધારાસભ્યો પારાદીપમાં રોકાયા

ભાજપે પણ 14 માર્ચે પોતાના 82 ધારાસભ્યોને પારાદીપ મોકલી દીધા હતા. પાર્ટીએ પ્રદેશ અધ્યક્ષ મનમોહન સામલ, સાંસદ સુજીત કુમાર અને અપક્ષ ઉમેદવાર દિલીપ રાયના સમર્થનમાં રણનીતિ બનાવવા માટે આ પગલું ભર્યું છે.

# બિહાર-યુપીમાં વાવાઝોડા-વરસાદનું એલર્ટ

50 કિમીની ઝડપે પવનો ફૂંકાશે; સિક્કિમમાં વાવાઝોડાથી મહિલાનું મોત, ઓડિશામાં વાવાઝોડું, 2નાં મોત

(એજન્સી) નવી દિલ્હી | તા16

દેશના ઘણા ભાગોમાં વરસાદ, કરા અને વાવાઝોડાનો દોર શરૂ થઈ ગયો છે. હવામાન વિભાગે સોમવારે અરુણાચલ પ્રદેશ, આસામ અને મેઘાલયમાં ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. બિહાર, ઉત્તર પ્રદેશ, છત્તીસગઢ સહિત 18 રાજ્યોમાં વાવાઝોડું, વીજળી અને કરા પડવાની સંભાવના છે.




પશ્ચિમ બંગાળ, ઝારખંડ અને ઉત્તરાખંડમાં કેટલાક સ્થળોએ 50-60 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે તેજ પવનોનું એલર્ટ છે. બિહાર, હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર, ઓડિશા, સિક્કિમ અને ઉત્તર પ્રદેશમાં વીજળીના કડાકા સાથે 40-50 કિમી/કલાકની ઝડપે વાવાઝોડું ફૂંકાઈ શકે છે.

દિલ્હીમાં રવિવારે સવારની શરૂઆત હળવા વરસાદથી થઈ. જેનાથી લોકોને ગરમીથી થોડી રાહત મળી. પંજાબ અને હરિયાણાના ઘણા વિસ્તારોમાં પણ વરસાદ થયો. અમૃતસરમાં મહત્તમ તાપમાન 21.8C અને પટિયાલામાં 26.6C રહ્યું, જે સામાન્ય કરતાં લગભગ 4 ડિગ્રી ઓછું છે.

રાજસ્થાનના ઉત્તરીય વિસ્તારોમાં પણ હળવો વરસાદ અને ઝરમર વરસાદ થયો. સિક્કિમના ઘણા વિસ્તારોમાં રવિવારે મોડી સાંજે વાવાઝોડા સાથે ધોધમાર વરસાદ થયો. ઘણી જગ્યાએ મોટા-મોટા વૃક્ષો અને વીજળીના થાંભલા પણ પડી ગયા. રકડોંગ કાફર વિસ્તારમાં વૃક્ષ પડવાથી એક મહિલાનું મૃત્યુ થયું.

આ તરફ, ઓડિશાના મયુરભંજ જિલ્લામાં રવિવારે એક વિશાળ વાવાઝોડાએ ભારે તબાહી મચાવી. આ ઘટનામાં બે લોકોના મોત થયા, જ્યારે 25 થી વધુ લોકો ઘાયલ થયા. તેજ વાવાઝોડાને


### ECએ બંગાળમાં ચૂંટણી પહેલા 10 અધિકારીઓ બદલ્યા:દુષ્યંત નરિયાલા મુખ્ય સચિવ



(એજન્સી) નવી દિલ્હી | તા 16

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીની તારીખોની જાહેરાતના બીજા જ દિવસે ચૂંટણી પંચે 10 અધિકારીઓની બદલી કરી દીધી છે. પંચે પીયૂષ પાંડેની જગ્યાએ સિદ્ધનાથ ગુપ્તાને DGP બનાવ્યા છે.તે જ સમયે, સુપ્રતિમ સરકારની જગ્યાએ અજય કુમાર નંદને કોલકાતા પોલીસ કમિશનર બનાવવામાં આવ્યા છે. પંચે રાજ્યના મુખ્ય સચિવ નંદિની ચક્રવર્તીને પદ પરથી હટાવી દીધા છે.

# સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં AAP તમામ 12000 સીટો પર ચૂંટણી લડશે: ઈસુદાન ગઢવી



અમદાવાદ : આમ આદમી પાર્ટી પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીના અધ્યક્ષસ્થાને પ્રદેશ ચૂંટણી સમિતિ દ્વારા પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈસુદાન ગઢવીની સાથે સાથે ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા, ધારાસભ્ય ચૈતર વસાવા, પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠિયા, મહામંત્રી રાકેશ હીરપરા, નેશનલ જોઈન્ટ સેક્રેટરી રાજુભાઈ સોલંકી, ફ્રન્ટલ સંગઠન પ્રદેશ અધ્યક્ષ પ્રવીણ રામ, ફ્રન્ટલ સંગઠન પ્રદેશ મહામંત્રી સામત ગઢવી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ તકે પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે સ્થાનિક સ્વરાજની આવનારી ચૂંટણી નગરપાલિકા, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને મહાનગરપાલિકાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ તમામ 12000 સીટો પર ચૂંટણી લડવાનું નક્કી કર્યું છે. તેના અનુસંધાને રાજ્યને 7 ઝોનમાં વહેંચવામાં આવ્યું છે અને દરેક ઝોનમાં ઝોન ચૂંટણી સમિતિઓ બનાવવામાં આવી છે. જેમાં ઝોન પ્રમુખ, સેન્ટ્રલ ઝોન પ્રેસિડેન્ટ, ઓબ્ઝર્વર અને વિધાનસભા પ્રભારીઓ સહિતની ટીમ બનાવવામાં આવી છે. આ ટીમ દ્વારા 10 થી 15 તારીખ દરમિયાન 26 લોકસભા વિસ્તાર હેઠળ આવતા ઉમેદવારોના ઈન્ટરવ્યૂ લેવામાં આવ્યા હતા. તેના અનુસંધાને હવે એ-ગ્રેડ, બી-ગ્રેડ અને સી-ગ્રેડ પ્રમાણે ઉમેદવારો અંગે ચર્ચા શરૂ કરવામાં આવી રહી છે. આજથી સ્ટેટ ઈલેકશન કમિટી દ્વારા 16, 17 અને 18 તારીખ સુધી ત્રણ દિવસ સુધી જુદા જુદા ઝોનમાંથી આવેલા નામો પર ચર્ચા કરવામાં આવશે.

# ગુજરાત હાઈકોર્ટની સર્કિટ બેંચ રાજકોટ અને સુરતમાં શરૂ કરવાની આપ ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાની માંગ

અમદાવાદ : વિધાનસભામાં થયેલી ચર્ચા અંગે આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે આજે મેં સરકારને કુલ ત્રણ તારાંકિત પ્રશ્નો પૂછ્યા હતા. જોકે મારા બે પ્રશ્નો સિલેક્ટ થયા નથી, એટલે કે મંજૂર થયા નથી, જ્યારે એક પ્રશ્ન મંજૂર થવાને કારણે સરકાર તરફથી તેનો જવાબ મને મળ્યો છે. મૂળ મુદ્દો એ છે કે ગુજરાત હાઈકોર્ટ અમદાવાદમાં આવેલી છે અને ગુજરાત રાજ્ય ખૂબ વિશાળ છે. એક બાજુ કચ્છનો સરહદી વિસ્તાર છે, એક બાજુ વાપી સુધી ગુજરાત ફેલાયેલું છે, એક બાજુ વાવ સુધી અને બીજી બાજુ ઝાલોદ સુધી રાજ્ય વિસ્તરેલું છે. તેમ છતાં હાઈકોર્ટની માત્ર એક જ પ્રિન્સિપલ બેંચ અમદાવાદમાં કાર્યરત છે. હું પોતે વકીલ તરીકે વકીલાતના



વ્યવસાય સાથે સંકળાયેલો હોવાથી મને ખબર છે કે હાઈકોર્ટની માત્ર એક જ પ્રિન્સિપલ બેંચ હોવાને કારણે રાજ્યના અલગ અલગ જિલ્લાઓમાં પ્રેક્ટિસ કરતા વકીલો, કેસ સાથે સંકળાયેલા પક્ષકારો તથા સરકારી અધિકારીઓને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. ઉદાહરણ તરીકે, વાપી કે કચ્છના અંતરિયાળ વિસ્તારોથી લઈને દેવભૂમિ દ્વારકા જેવા દૂરના વિસ્તારોમાંથી કેસની તારીખ માટે અમદાવાદ આવવું પડે છે. પોલીસ, કલેક્ટર, ફરિયાદી, આરોપી અને વકીલ સૌને અમદાવાદ આવવું પડે છે, જેના કારણે રહેવા, જમવા, મુસાફરી અને અન્ય ખર્ચા સહિત હજારો રૂપિયાનો ખર્ચ થતો હોય છે. ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે અન્ય રાજ્યોમાં હાઈકોર્ટની એક કરતાં વધુ બેંચો કાર્યરત છે. મહારાષ્ટ્રમાં મુંબઈ મુખ્ય પ્રિન્સિપલ બેંચ છે, પરંતુ નાગપુર અને અન્ય વિસ્તારોમાં પણ હાઈકોર્ટની બેંચો છે. તે જ રીતે મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, તમિલનાડુ અને પશ્ચિમ બંગાળ જેવા રાજ્યોમાં પણ એકથી વધુ હાઈકોર્ટ બેંચો કાર્યરત છે. તેમણે જણાવ્યું કે ગુજરાતમાં પણ જો સુરત અને રાજકોટ ખાતે હાઈકોર્ટની સર્કિટ બેંચ શરૂ કરવામાં આવે તો સૌરાષ્ટ્ર વિસ્તારના કેસોની સુનાવણી રાજકોટ ખાતે થઈ શકે અને દક્ષિણ ગુજરાતના કેસોની સુનાવણી સુરતમાં થઈ શકે. જેના કારણે વાપી, વલસાડ, ડાંગ, તાપી, નર્મદા જેવા દૂરના વિસ્તારોના લોકોને અમદાવાદ આવવાની જરૂર નહીં રહે અને તેમનો સમય તેમજ ખર્ચ બંને બચી શકે. આ મુદ્દે સરકારનું ધ્યાન દોરવા માટે પ્રશ્ન પૂછ્યો હતો, પરંતુ તેમનો આ પ્રશ્ન મંજૂર ન થતાં સરકાર તરફથી કોઈ જવાબ મળ્યો નથી અને આ મુદ્દે વિધાનસભામાં કોઈ ચર્ચા પણ થઈ નથી.

# 2021માં આપ તરફથી કોર્પોરેશનની ચૂંટણી લડ્યા બાદ સચિન રાજપૂત ભાજપમાં જોડાઈ ગયેલ છે: ડો. જ્વેલ વસરા

અમદાવાદ : આમ આદમી પાર્ટી મધ્ય ઝોન કાર્યકારી અધ્યક્ષ ડો. જ્વેલ વસરાએ વીડિયો માધ્યમથી જણાવ્યું હતું કે આજે સવારથી અમરાઈવાડીના સચિન રાજપૂતને લઈને ન્યૂઝ ચાલી રહ્યાં છે. તેમણે જણાવ્યું કે સચિન રાજપૂત હાલ આમ આદમી પાર્ટીનો કાર્યકર નથી પરંતુ ભાજપનો કાર્યકર છે. વર્ષ 2021માં સચિન રાજપૂતે આમ આદમી પાર્ટી તરફથી કોર્પોરેશનની ચૂંટણી લડી હતી, જેમાં તે હારી ગયો હતો. ત્યારબાદ તેણે ભાજપનો કેસરીયો ધારણ કર્યો છે. તેમણે કહ્યું કે જ્યારે જ્યારે ભાજપના કાર્યકરો આવા દુષ્કર્મોમાં પકડાય છે ત્યારે તેઓ સીધા આમ આદમી પાર્ટી પર આક્ષેપ કરી દે છે કે આ વ્યક્તિ આમ આદમી પાર્ટીનો કાર્યકર છે. હકીકતમાં લોકો અને મીડિયા દ્વારા યોગ્ય તપાસ કરવામાં આવવી જોઈએ કે સંબંધિત વ્યક્તિ કઈ પાર્ટી સાથે જોડાયેલ છે.ડૉ. જ્વેલ વસેરાએ વધુમાં જણાવ્યું હતું કે આમ આદમી પાર્ટીના કાર્યકરો ક્યારેય આવા કામોમાં સામેલ થતા નથી, કારણ કે પાર્ટીના કાર્યકરો નિષ્ઠા અને સિદ્ધાંતો સાથે કામ કરે છે. જે લોકો નિષ્ઠાથી ભટકી જાય છે તે લોકો પાર્ટી છોડીને ભાજપમાં જોડાઈ જાય છે. તેમણે વધુમાં કહ્યું કે આમ આદમી પાર્ટીમાં રહીને દારૂનો ધંધો કે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કરી શકાતી નથી. જો કોઈ આવા કામ કરે છે તો તે અન્ય પાર્ટીઓમાં જઈને કરે છે. હાલમાં પાર્ટી દ્વારા કોર્પોરેશન, તાલુકા અને જિલ્લા સ્તરે ઉમેદવારોના સેન્સ લેવામાં આવી રહ્યા છે અને ફોર્મ ભરનાર લોકોની પણ તપાસ કરવામાં આવી રહી છે. તેમણે મીડિયા ચેનલોને અપીલ કરી હતી કે કોઈને પણ આમ આદમી પાર્ટીનો કાર્યકર કહેતા પહેલાં યોગ્ય તપાસ કરવામાં આવે અને ત્યારબાદ જ માહિતી જાહેર કરવામાં આવે.

# ડી-સાગ એજન્સી બંધ કરીને ગ્રામસભાના ઠરાવ પરથી કામ કરાવવાની ચૈતર વસાવાની માંગ

અમદાવાદ : આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ વિધાનસભા ખાતે પત્રકાર પરિષદમાં પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, આજે મારો સવાલ હતો કે છેલ્લા બે વર્ષમાં આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા "ડી-સાગ" એટલે કે ડેવલોપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાતને કેટલી રકમ ફાળવવામાં આવી. તો સરકારના મંત્રી તરફથી જવા મળ્યો કે વર્ષ 2024-25માં 19573.06 લાખ, 2025-26માં 17009 લાખ રૂપિયા એજન્સીને ફાળવવામાં આવે છે. 18297.06 લાખ વર્ષ 2024-25માં વપરાયા અને 1276 લાખ વણવપરાયેલ પડ્યા છે, વર્ષ 2025-26 માં 7703.43 લાખ વપરાયા અને 9305.57 લાખ રૂપિયા વણવપરાયેલા પડ્યા છે. સરકાર એક તરફ સુદ્રઢ વહીવટની વાત કરે છે પણ આદિજાતિ માટે વપરાયેલા બજેટ વપરાતા નથી. વર્ષ 2024-25 માં પણ 4373 કરોડની જોગવાઈ કરવામાં આવી હતી એમાં પણ



3,373 કરોડ વપરાયા અને એમાં પણ આ એજન્સીને કરોડો રૂપિયા આદિજાતિ વિકાસ વિભાગે આપ્યા છે. વર્ષ 2025-26માં પણ 5120 કરોડની જોગવાઈ કરવામાં આવી હતી એમાં પણ 2410 કરોડ વપરાયા અને એમાં પણ સરકારે એજન્સીને કરોડો રૂપિયા આપ્યા.ધારાસભ્ય ચૈતર વસાવાએ વધુમાં જણાવ્યું હતું કે, મારે સરકારને સવાલ કરવો છે કે 24 જિલ્લાઓમાં ટ્રાઈબલ સબપ્લાનની કચેરીઓ ચાલે છે, પ્રાયોજના વહીવટદાર અધિકારી ત્યાં બેસે છે અને આખો સ્ટાફ તમારી પાસે છે તો આ એજન્સીને ફંડ ફાળવવાની શું જરૂરત છે? ડેવલોપમેન્ટ સપોર્ટ એજન્સી બારોબાર પોતાના લાગતા વળગતા કોન્ટ્રાક્ટરોને એજન્સીઓને કામ આપી, કયા કામમાંથી કોને કેટલી ટકાવારી મળશે એનું બારોબાર આયોજન કરીને આદિજાતિનું બજેટ વાપરવામાં આવે છે. આદિવાસી લોકોને શું જોઈએ છે, શિક્ષણમાં શું સુવિધા જોઈએ છે, કુપોષણ દૂર કરવા શું સુવિધા જોઈએ છે, આંગણવાડીમાં શું સુવિધા જોઈએ છીએ, એ વિશે ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતના પૂછવામાં આવતું નથી.

# બેંક ઓફ બરોડાએ 500 મિલિયન અમેરિકી ડોલરની પાંચ વર્ષની સિન્ડિકેટેડ લોન ઊભી કરી

મુંબઈ : બેંક ઓફ બરોડાએ ગિફ્ટ સિટી સ્થિત તેના આઈએફએસસી બેન્કિંગ યુનિટ દ્વારા સફળતાપૂર્વક 500 મિલિયન અમેરિકી ડોલરની પાંચ વર્ષની સિન્ડિકેટેડ ટર્મ લોન ફેસિલિટી પૂરી કરી છે. આ સોદામાં એશિયાના મહત્વપૂર્ણ બજારોમાંથી કુલ 13 રોકાણકારોએ ભાગ લીધો હતો. તેમાં તાઈવાન, દક્ષિણ કોરિયા, જાપાન અને સિંગાપોર જેવા દેશોનો સમાવેશ થાય છે. વૈશ્વિક વ્યાજદરની પરિસ્થિતિ સતત બદલાતી હોવા છતાં આ સોદામાં રોકાણકારોનો મજબૂત પ્રતિસાદ અને ઊંચી માંગ જોવા મળી હતી.

# 22 અને 24 માર્ચની અમદાવાદ-ગોરખપુર એક્સપ્રેસ મઉ સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે

અમદાવાદ : ઉત્તર પૂર્વ રેલવેના ઔંઢીહાર-ભટની સેક્શનના લાર રોડ અને સેલેમપુર સ્ટેશનો વચ્ચે પેચ ડબલિંગ માટે નોન-ઈન્ટરલોકિંગ કાર્યને કારણે અમદાવાદ-ગોરખપુર એક્સપ્રેસ આંશિક રીતે રદ રહેશે. તેની વિગત નીચે મુજબ છે: આંશિક રીતે રદ થતી ટ્રેનો: 22 અને 24 માર્ચ 2026ના રોજ ટ્રેન નં. 19489 અમદાવાદ-ગોરખપુર એક્સપ્રેસ મઉ સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે અને મઉ-ગોરખપુર વચ્ચે આંશિક રીતે રદ રહેશે. 23 અને 25 માર્ચ 2026ના રોજ ટ્રેન નં. 19490 ગોરખપુર-અમદાવાદ એક્સપ્રેસ મઉ સ્ટેશનથી ઓરિજિનેટ થશે અને ગોરખપુર-મઉ સ્ટેશન વચ્ચે આંશિક રીતે રદ રહેશે. ટ્રેનોના સ્ટોપેજ, સમય અને કોચ રચનાની વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે લીલીયા તાલુકાના ગામોમાં વિકાસકાર્યોનો પ્રારંભ



સાવરકુંડલા : સાવરકુંડલા-લીલીયા વિસ્તારના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ માનનીય ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાના હસ્તે લીલીયા તાલુકા બવાડા, ભેંસવડી, પૂજાપાદર, ગોઢાવદર ભેંસવડી ગામે પંચાયત ઘર તેમજ સુજલામ સુફલામ યોજના અંતર્ગત તળાવ ઊંડા ઉતારવાના કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું.લીલીયા તાલુકાના બવાડા તેમજ ભેસવડી ગામે રૂ.૨૫ લાખના ખર્ચે નવા ગ્રામ પંચાયત ઘર (સચિવાલય)ના નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. આ નવા પંચાયત ઘરથી ગ્રામ પંચાયતના વહીવટી કાર્ય વધુ સુવ્યવસ્થિત રીતે થઈ શકશે તેમજ ગ્રામજનોને સરકારી સેવાઓ સરળતાથી ઉપલબ્ધ થશે. આ બવાડા તેમજ ભેસવડી ગામે નવી ગ્રામ સચિવાલય બનવાથી ગામના લોકોને વિવિધ સરકારી કામો માટે સુવિધા મળશે. તેમજ વહીવટી કામગીરી પણ સરળ અને ઝડપી બનશે. ગ્રામ સચિવાલયમાં ગામના લોકોને વિવિધ સરકારી યોજનાઓ વિશે માહિતી મળશે અને તેઓ યોજનાઓનો લાભ મેળવી શકશે. આ ઉપરાંત, ગ્રામજનો ગ્રામ સચિવાલયમાંથી મહત્વના દસ્તાવેજો પણ મેળવી શકશે. ગ્રામ સચિવાલયની સ્થાપનાથી ગ્રામજનોના સમય અને ખર્ચની બચત થશે અને વહીવટી કાર્યક્ષમતામાં વધારો થશે. આ વિકાસ કાર્યથી ગ્રામજનોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે. ગ્રામ્ય વિસ્તારના લોકો માટે વિવિધ સરકારી યોજનાઓ અને સેવાઓનો લાભ મેળવવામાં સરળતા રહે તે માટે ગ્રામ્ય કક્ષાએ ગ્રામ સચિવાલયની સ્થાપના કરવામાં આવશે. લીલીયા તાલુકાના પુંજાપાદર તેમજ ગોઢાવદર ગામે સુજલામ સુફલામ યોજના અંતર્ગત તળાવ ઊંડા કરવામાં કામોનું ખાતમૂહર્ત કરવામાં આવ્યું.

# નર્મદા પરિક્રમાની તડમાર તૈયારીઓ : રાજ્ય સરકાર રૂ. 10 કરોડના ખર્ચે શ્રદ્ધાળુઓને પૂરી પાડશે અનેક સુવિધાઓ

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો 'આસ્થા સાથે સુરક્ષા'નો સંવેદનશીલ અભિગમ

ગાંધીનગર : ભારતીય સંસ્કૃતિમાં સદીઓથી સાધુ-સંતો અને શ્રદ્ધાળુઓ માટે નર્મદા પરિક્રમા માત્ર યાત્રા નથી; પણ આસ્થા, સાધના અને આધ્યાત્મિક શક્તિનો અનોખો અનુભવ રહી છે અને ગુજરાતમાં યોજાતી ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમા આ જ સનાતન પરંપરાનું જીવંત પ્રતિબિંબ છે કે જ્યાં ભક્તો નર્મદા માતાની આરાધના સાથે પરિક્રમા કરીને આધ્યાત્મિક સાહસ થકી શાંતિનો અનુભવ મેળવે છે. ગુજરાત સરકાર પણ દર વર્ષે યોજાતી ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમાને ભવ્ય અને સુવ્યવસ્થિત બનાવવા માટે વિશાળ પાયે વ્યવસ્થાઓ કરે છે. આ વર્ષે આગામી ફાગણ વદ અમાસ 19 માર્ચથી ચૈત્ર વદ અમાસ 17 એપ્રિલ 2026 સુધી ચાલનારી આ 30 દિવસીય નર્મદા પરિક્રમા માટે પણ રાજ્ય સરકારે તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ આપેલા 'વિકાસ ભી, વિરાસત ભી' મંત્રને અનુસરતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા ગુજરાતમાં પણ ધાર્મિક અને સાંસ્કૃતિક પરંપરાઓના સંરક્ષણ સાથે આધુનિક સુવિધાઓના વિકાસ પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. મુખ્યમંત્રીનાં સંવેદનશીલ નેતૃત્વ તથા માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર નર્મદા પંચકોશી પરિક્રમા માટે એવી વ્યવસ્થાઓ ઉભી કરી રહી છે કે જેમાં શ્રદ્ધા, સુરક્ષા અને સુવિધા; ત્રણેયનો સુમેળ જોવા મળશે. નર્મદા પરિક્રમાર્થીઓની 'દુર્ગમ' યાત્રાને 'સુગમ' બનાવવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેંદ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ (જીપીવાયવીબી) દ્વારા પરિક્રમા દરમિયાન ઉમટનાર હજારો શ્રદ્ધાળુઓને આરામદાયક સુવિધાઓ ઉપલબ્ધ થાય; તે માટે અંદાજે રૂ. 10 કરોડના ખર્ચે મોટા પાયે હંગામી તેમજ કાયમી માળખાકીય વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી રહી છે. શ્રદ્ધાળુઓની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને વર્ષ 2025-26માં નર્મદા પરિક્રમા માટે લગભગ રૂ. 5.41 કરોડના ખર્ચે હંગામી વ્યવસ્થાઓ વધુ મજબૂત બનાવવામાં આવી રહી છે. તેમાં વધારાના ડોમ શેલ્ટર, મોબાઈલ-ટોયલેટ, વોટર સ્ટેશન, મેડિકલ યુનિટ, 24+7 એમ્બ્યુલન્સ, લાઈટિંગ તથા ઈમર્જન્સી હેલ્પ પોઈન્ટ, વિશાળ વોટરપ્રૂફ ડોમ શેલ્ટરમાં યાત્રાળુઓ માટે ખાટલા, ગાદલા, ઓસીકા, ખુરશીઓ અને બેડશીટ સાથેની બેઠક અને વિશ્રામની વ્યવસ્થા રહેશે.

POST OFFER ADVERTISEMENT TO THE PUBLIC SHAREHOLDERS OF

## CLASSIC FILAMENTS LIMITED

**Registered Office: Plot No. 1, Priyanka House, Umiyadham Road, Varachha, Surat- 395006, CIN: L17114GJ1990PLC013667, Tel. No.: 0261-2540570, Email: classicfilaments@ymail.com, Website: www.classicfilamentsltd.com**

Open Offer for acquisition of upto 15,89,471 (Fifteen Lakhs Eighty-Nine Thousand Four Hundred and Seventy-One) fully paid-up equity shares of face value of Rs. 10/- each, representing 26.00% of the total paid-up equity and voting share capital of Classic Filaments Limited (hereinafter referred to as the **"CFL"** or the **"Target Company"**) at an Offer Price of Rs. 12/- (Rupees Twelve Only) per equity share by Mr. Sumit Bansal, Mr. Vikkas Bansal, Mr. Tarun Jain and Mr. Varun Jindal (hereinafter collectively referred to as the **"Acquirers"**).

This Post Offer Advertisement is being issued by VC Corporate Advisors Private Limited, being the Manager to the Offer, on behalf of the Acquirers, in connection with the Open Offer made by the Acquirers, pursuant to and in compliance with Regulation 18(12) of the Securities and Exchange Board of India (Substantial Acquisition of Shares and Takeovers) Regulations, 2011 and subsequent amendments thereto [**"SEBI (SAST) Regulations"**].

This Post Offer Advertisement should be read in continuation of and in conjunction with the Public Announcement (**"PA"**) dated October 24, 2025, Detailed Public Statement (**"DPS"**) dated October 31, 2025 which was published in the Financial Express (English Daily) all editions, Jansatta (Hindi Daily) all editions, Pratahkal (Marathi daily) Mumbai edition and Ahmedabad Express (Gujarati daily) Surat edition on October 31, 2025, Draft Letter of Offer (**"DLOF"**) dated November 10, 2025, the Letter of Offer (**"LOF"**) dated January 28, 2026, Recommendation of Committee of Independent Directors of the Target Company dated February 05, 2026 which was published on February 06, 2026 and Offer Opening Public Announcement Cum Corrigendum to the Detailed Public Statement and Letter of Offer dated February 10, 2026 in the aforementioned newspapers. This Post Offer Advertisement is being published in all the newspapers in which the DPS and the Offer Opening Public Announcement Cum Corrigendum to the Detailed Public Statement and Letter of Offer was published. Capitalized terms used but not defined in this Post Offer Advertisement shall have the meaning assigned to such terms in the LOF.

The Public Shareholders of the Target Company are requested to kindly note the following information with respect to the Open Offer.

| | | | |
|---|---|---|---|
| 1. | **Name of the Target Company** | : | Classic Filaments Limited |
| 2. | **Name of the Acquirer(s) ~~and PAC~~** | : | Mr. Sumit Bansal (**"Acquirer 1"**), |
| | | | Mr. Vikkas Bansal (**"Acquirer 2"**), |
| | | | Mr. Tarun Jain (**"Acquirer 3"**) and |
| | | | Mr. Varun Jindal (**"Acquirer 4"**) |
| | | | [There are no PACs with the Acquirers] |
| 3. | **Name of the Manager to the Offer** | : | VC Corporate Advisors Private Limited |
| 4. | **Name of the Registrar to the Offer** | : | Skyline Financial Services Private Limited |
| 5. | **Offer details:** | | |
| | **a) Date of Opening of the Offer** | : | Wednesday, February 11, 2026 |
| | **b) Date of Closing of the Offer** | : | Wednesday, February 25, 2026 |
| 6. | **Date of Payment of Consideration** | : | Thursday, March 12, 2026 |
| 7. | **Details of Acquisition** | | |

| Sl. No. | Particulars | Proposed in the Offer Document | | Actuals | |
|---|---|---|---|---|---|
| 7.1. | **Offer Price** | Rs. 12/-per equity share | | Rs. 12/- per equity share | |
| 7.2. | **Aggregate number of shares tendered** | 15,89,471 | | 01 | |
| 7.3. | **Aggregate number of shares accepted** | 15,89,471 | | 01 | |
| 7.4. | **Size of the Offer (Number of shares multiplied by offer price per share)** | Rs. 1,90,73,652/- | | Rs. 12/- | |
| 7.5. | **Shareholding of the Acquirers before Share Purchase Agreement (SPA) and Public Announcement (No. & %)** | Nil | | Nil | |
| | | Not Applicable | | Not Applicable | |
| 7.6. | **Shares Acquired by way of SPA** | | | | |
| | • **Number** | 41,88,549 | | 41,88,549 | |
| | • **% of Fully Diluted Equity Share Capital** | 68.51% | | 68.51% | |
| 7.7. | **Shares Acquired by way of Open Offer** | | | | |
| | • **Number** | 15,89,471 | | 01 | |
| | • **% of Fully Diluted Equity Share Capital** | 26.00% | | 0.00% | |
| 7.8. | **Shares acquired after Detailed Public Statement** | | | | |
| | • **Number of shares acquired** | Nil | | Nil | |
| | • **Price of the shares acquired** | Not Applicable | | Not Applicable | |
| | • **% of the shares acquired** | Not Applicable | | Not Applicable | |
| 7.9. | **Post Offer shareholding of Acquirers** | | | | |
| | • **Number** | 57,78,020 | | 41,88,550 | |
| | • **% of Fully Diluted Equity Share Capital** | 94.51% | | 68.51% | |
| 7.10. | **Pre and Post Offer shareholding of Public Shareholders** | **Pre-Offer** | **Post Offer** | **Pre-Offer** | **Post Offer** |
| | • **Number** | 19,24,801 | 3,35,330 | 19,24,801 | 19,24,800 |
| | • **% of Fully Diluted Equity Share Capital** | 31.49% | 5.49% | 31.49% | 31.49% |

8. Pursuant to the consummation of the underlying transaction under the SPA dated October 24, 2025 on December 09, 2025 in accordance with Regulation 22(2) of the SEBI (SAST) Regulations, the Acquirers have collectively acquired 41,88,549 Equity Shares, representing 68.51% of the total paid-up equity and voting share capital of the Target Company at a negotiated price of Rs. 10/- per Equity Share, aggregating to Rs. 4,18,85,490/- (Rupees Four Crores Eighteen Lakhs Eighty-Five Thousand Four Hundred and Ninety Only). In this regard, the Acquirers have duly complied the provisions specified under Regulation 18(6) of the SEBI (SAST) Regulations.
9. Pursuant to this Offer, the Acquirers shall become the Promoters of the Target Company and the existing promoters will cease to be the Promoters of the Target Company and shall be reclassified in accordance with the provisions of Regulation 31A(10) of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015.
10. The Acquirers accept full responsibility for the information contained in this Post Offer Advertisement and also for the fulfilment of their obligations as laid down in the SEBI (SAST) Regulations.
11. A copy of this Post Offer Advertisement will be available on the websites of SEBI at www.sebi.gov.in, BSE at www.bseindia.com and the registered office of the Target Company.

**ISSUED BY MANAGER TO THE OFFER:**

**VC Corporate Advisors Private Limited**
SEBI REGN. No.: INM000011096
Validity of Registration: Permanent
CIN: U67120WB2005PTC106051
(Contact Person: Ms. Urvi Belani/ Mr. Premjeet Singh)
31, Ganesh Chandra Avenue, 2nd Floor,
Suite No.- 2C, Kolkata-700 013
Tel. No.: (033) 2225 3940
Email: mail@vccorporate.com
Website: www.vccorporate.com

**Skyline Financial Services Private Limited**
SEBI REGN. No.: INR000003241
Validity of Registration: Permanent
CIN: U74899DL1995PTC071324
(Contact Person: Mr. Anuj Rana)
D-153A, First Floor, Okhla Industrial Area,
Phase-I, New Delhi-110020
Tel. No.: (011) 40450193-97
Email ID: ipo@skylinerta.com
Website: www.skylinerta.com

**On behalf of the Acquirers:**

| Sd/- | Sd/- | Sd/- | Sd/- |
|---|---|---|---|
| **Sumit Bansal** | **Vikkas Bansal** | **Tarun Jain** | **Varun Jindal** |
| **Acquirer 1** | **Acquirer 2** | **Acquirer 3** | **Acquirer 4** |

**Place: Kolkata** **Date: 17.03.2026**

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# પોલિસી અને ભાગીદારી દ્વારા ભૂતાપીય ઊર્જા ઈકોસિસ્ટમના વિકાસ" વિષયક 8મી આંતરરાષ્ટ્રીય પરિષદ PDEU ખાતે યોજાઈ

(એજન્સી) ગાંધીનગર | તા. 16

ગાંધીનગર સ્થિત Pandit Deendayal Energy University (PDEU) ખાતે 16 માર્ચ 2026ના રોજ Building the Ecosystem through Policy & Partnership" વિષય પર 8મી આંતરરાષ્ટ્રીય ભૂતાપીય ઊર્જા પરિષદ યોજાઈ. આ પરિષદનું આયોજન PDEU ના Center of Excellence for Geothermal Energy (CEGE) દ્વારા કરવામાં આવ્યું હતું અને તેનો સંચાલન Society of Petroleum Engineers (SPE) PDEU Student Chapter દ્વારા કરવામાં આવ્યું હતું. પરિષદમાં દેશ-વિદેશના અગ્રણી વૈજ્ઞાનિકો, નીતિનિર્માતાઓ, શિક્ષણવિદો, ઉદ્યોગજગતના નિષ્ણાતો તેમજ Ministry of New and Renewable Energy (MNRE) ના પ્રતિનિધિઓએ ભાગ લીધો અને ભારતમાં ભૂતાપીય ઊર્જાના વિકાસ માટેની તકો અને પડકારો અંગે વિસ્તૃત ચર્ચા કરી.કાર્યક્રમનું ઉદ્ઘાટન PDEU ના ડિરેક્ટર જનરલ S. Sundar Manoharan દ્વારા કરવામાં આવ્યું. MNRE તરફથી Sangita M. Kasture (Scientist G), Anil Kumar (Scientist E) અને Priya Yadav (Scientist D) હાજર રહ્યા હતા. તેમણે ભારતમાં ભૂતાપીય ઊર્જાના વિકાસ માટે સરકાર દ્વારા લેવામાં આવતી પહેલ અને નીતિ આધાર વિશે માહિતી આપી.ડૉ. Sangita M. Kasture એ તેમના સંબોધનમાં કેન્દ્રમાં ચાલી રહેલા નોંધપાત્ર કાર્યની પ્રશંસા વ્યક્ત કરી અને ટીમના સતત પ્રયાસોથી આ કેન્દ્ર ભારતમાં અગ્રણી ભૂતાપીય સંશોધન કેન્દ્ર તરીકે વિકસ્યું હોવાનું જણાવ્યું. તેમણે Ministry of New and Renewable Energy (MNRE) દ્વારા સપ્ટેમ્બર 2025માં જાહેર કરાયેલ ભૂતાપીય નીતિ અંગે વિગતવાર માહિતી આપી. ભારત સરકાર નીચા થી મધ્યમ એન્થાલ્પી ધરાવતા ભૂતાપીય સ્ત્રોતોના વિકાસ પર વિશેષ ભાર મૂકી રહી હોવાનું તેમણે જણાવ્યું. મંત્રાલય, ઉદ્યોગ અને શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચે મજબૂત સહકારથી પ્રદર્શન પ્રોજેક્ટ્સને વેગ મળશે. તેમણે હાઈબ્રિડ સિસ્ટમ્સ દ્વારા કાર્યક્ષમતા અને વીજ ઉત્પાદન ક્ષમતા વધારવાની સંભાવનાઓ પણ ઉજાગર કરી.Dr. Akhouri Bishwapriya, ઉપમહાનિર્દેશક (DDG), Geological Survey of India એ તેમના સંબોધનમાં પૂર્વ ભારતના વિશાળ પરંતુ ઓછા અન્વેષિત ભૂતાપીય સંભાવનાઓ પર પ્રકાશ ભાર મૂક્યો અને સુરજકુંડ વિસ્તારમાં ભૂતાપીય સંશોધન કેન્દ્ર સ્થાપવાની સંભાવના વ્યક્ત કરી. ભૂગોળ અને ટેક્ટોનિક પરિસ્થિતિઓ ભૂતાપીય તંત્રના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા



પાડ્યો. તેમણે ખાસ કરીને મુંગેર-સહરસા રિજ ક્ષેત્રનો ઉલ્લેખ કરી જણાવ્યું કે આ ભૌગોલિક રીતે મહત્વપૂર્ણ વિસ્તાર હજુ સુધી ભૂતાપીય ઊર્જા માટે પૂરતો અનુસંધાન પામ્યો નથી. સુરજકુંડ અને બલબલ જેવા વિસ્તારોમાં મધ્યમ એન્થાલ્પી ધરાવતા ભૂતાપીય સ્ત્રોતોની સારી સંભાવના હોવાનું તેમણે જણાવ્યું. તેમણે સરકાર અને શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચે સહકાર વધારવાની જરૂરિયાત પર ભજવે છે તે અંગે પણ તેમણે સમજણ આપી.Panel Discussion - 1 નું વિષય "Opportunities and Challenges in Geothermal Prospecting in India" હતું, જેનું સંચાલન Anirbid Sircar (Professor, PDEU) દ્વારા કરવામાં આવ્યું. આ પેનલમાં Geological Survey of India ના પૂર્વ ઉપમહાનિર્દેશક Prafulla Sarolkar, MIT World Peace University ના પ્રોફેસર Rajib Kumar Sinharay, Patna University ની આસિસ્ટન્ટ પ્રોફેસર Kriti Yadav, MNRE ના વૈજ્ઞાનિકો Anil Kumar અને Priya Yadav, Women in Geothermal Ambassador Kunzes Dolma તેમજ ડ્રિલિંગ ક્ષેત્રના નિષ્ણાત Rajiv Kumar Sinha જોડાયા હતા. Panel Discussion - 2 નું વિષય "Technology in Geothermal Sector (India) in light of recent MNRE announced policy" હતું, જેનું સંચાલન CEGE - PDEU ની સંયોજક Namrata Bist દ્વારા કરવામાં આવ્યું. આ પેનલમાં Parashar Mishra (Senior Geologist, Geological Survey of India), Akhouri Bishwapriya (Deputy Director, GSI - Jharkhand), Parul Institute of Applied Sciences ના પ્રોફેસર Ashish Nagar, Indian Institute of Technology Gandhinagar ના એસોસિયેટ પ્રોફેસર Pankaj Khanna, Oil and Natural Gas Corporation ના સુપરિન્ટેન્ડિંગ એન્જિનિયર Ashutosh Rawat, PDEU ના આસિસ્ટન્ટ પ્રોફેસર Manan Shah અને Balief Corporation ના સ્થાપક Pratik Patel જોડાયા હતા.આ પરિષદમાં આંતરરાષ્ટ્રીય વક્તાઓ તરીકે Ella Llanos (Founder & Principal Investigator, ETICA Consulting & Research, Australia), Agata Rostran (Researcher - Geothermal Energy, Reykjavik University, Iceland) અને Bjarni Richter (Director, GRO Geothermal Training Programme, Iceland) એ ભાગ લીધો અને વૈશ્વિક સ્તરે ભૂતાપીય ઊર્જાના વિકાસ તથા આંતરરાષ્ટ્રીય સહકાર અંગે પોતાના અનુભવો શેર કર્યા.પરિષદ દરમિયાન ભૂતાપીય ઊર્જા સંસાધનોની શોધખોળ, નવી ટેક્નોલોજી, સરકારની નીતિ આધાર અને ભારતમાં મજબૂત ભૂતાપીય ઊર્જા ઈકોસિસ્ટમ બનાવવા માટે જરૂરી સહયોગી વ્યૂહરચનાઓ અંગે મહત્વપૂર્ણ ચર્ચાઓ થઈ. કાર્યક્રમના અંતે ઉપસ્થિત પ્રતિભાગીઓ વચ્ચે નેટવર્કિંગ અને વિચારોના આદાનપ્રદાન સાથે પરિષદ સફળતાપૂર્વક પૂર્ણ થઈ.

## વડોદરામાં બાળકી સાથે અડપલાં કરનાર નરાધમ દુકાનદાર સામે ફાટી નીકળ્યો રોષ



વડોદરા | સંસ્કારી નગરી વડોદરામાં માસૂમ બાળકીઓ અસુરક્ષિત હોવાની વધુ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. શહેરના પોલો ગ્રાઉન્ડ પાસે આવેલી રાજસ્થંભ સોસાયટીમાં એક વૃદ્ધ દુકાનદારે નાની બાળકી સાથે અડપલાં કર્યા હોવાનો આરોપ લાગતા સમગ્ર વિસ્તારમાં ભારે તંગદિલી ફેલાઈ છે. આ ઘટનાને પગલે સ્થાનિક રહીશોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે અને આરોપી સામે કડક કાર્યવાહીની માંગ સાથે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. ઘટનાની વિગતો મુજબ, સોસાયટીમાં જ રહેતી એક નાની બાળકી નજીકમાં આવેલી જનરલ સ્ટોર પર છાસ લેવા માટે ગઈ હતી. આ દરમિયાન દુકાન ચલાવતા વૃદ્ધે બાળકી સાથે અયોગ્ય શારીરિક વર્તન કર્યું હોવાનો આક્ષેપ છે. આ હરકતથી ગભરાયેલી માસૂમ બાળકી રડતી રડતી પોતાના ઘરે પહોંચી હતી અને પરિવારજનોને 'દુકાનવાળા કાકાએ ગલત રીતે ટચ કર્યું' હોવાની જાણ કરી હતી. બાળકીની વાત સાંભળી પરિવારના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. આ વાત વાયુવેગે સોસાયટીમાં ફેલાઈ જતાં મોટી સંખ્યામાં લોકો અને મહિલાઓ દુકાન પર એકત્ર થઈ ગયા હતા.

## કરજણ રેલવે સ્ટેશન પર આત્મહત્યા: માલગાડી આગળ યુવકે લગાવી મોતની છલાંગ

(એજન્સી) કરજણ | તા. 16


વડોદરા જિલ્લાના કરજણ રેલવે સ્ટેશન પાસે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. ગત ૧૩મી માર્ચની રાત્રે અંદાજે ૮ વાગ્યાના સુમારે એક ૪૦ વર્ષીય અજાણ્યા યુવકે પૂરઝડપે પસાર થઈ રહેલી માલગાડી નીચે પડતું મૂકીને આત્મહત્યા કરી લીધી છે. આ ઘટનાને પગલે રેલવે સ્ટેશન પરિસરમાં ચકચાર મચી ગઈ હતી. ઘટનાની જાણ થતા જ રેલવે પોલીસ કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. મૃતક યુવક મજબૂત બાંધાનો છે અને તેની ઉંમર આશરે ૪૦ વર્ષ હોવાનું અનુમાન છે. તેણે શરીર પર સફેદ કલરનું અને બ્લેક લાઈન વાળું શર્ટ તથા કમરે બ્લુ કલરનું ફોર્મલ પેન્ટ પહેરેલું છે. યુવકે કયા કારણોસર આ આત્યંતિક પગલું ભર્યું તે હજુ સુધી જાણી શકાયું નથી. રેલવે પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતદેહનો કબજો મેળવ્યો હતો અને તેને પોસ્ટમોર્ટમ અર્થે કરજણ સામૂહિક આરોગ્ય કેન્દ્ર (CHC) ખાતે ખસેડ્યો છે. વડોદરા રેલવે પોલીસ દ્વારા આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. યુવક પાસેથી કોઈ ઓળખપત્ર મળી ન આવતા પોલીસે તેના વાલી-વારસોની શોધખોળ તેજ કરી છે. પોલીસે જાહેર જનતાને વિનંતી કરી છે કે જો કોઈ વ્યક્તિ આ વર્ણન ધરાવતા યુવક વિશે માહિતી ધરાવતું હોય, તો તેમણે તાત્કાલિક વડોદરા રેલવે પોલીસનો સંપર્ક કરવો. મીડિયા અહેવાલ મુજબ, પીએમ રિપોર્ટ આવ્યા બાદ મૃત્યુના ચોક્કસ કારણો અને સમય વિશે વધુ સ્પષ્ટતા થશે.

છેલ્લા કેટલાક સમયથી રેલવે ટ્રેક પર આત્મહત્યા કરવાના બનાવોમાં ચિંતાજનક વધારો જોવા મળી રહ્યો છે. કરજણ રેલવે સ્ટેશનની આ ઘટનાને પગલે સ્થાનિક મુસાફરોમાં પણ અરેરાટી ફેલાઈ ગઈ છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, પોલીસ રેલવે સ્ટેશનના સીસીટીવી ફૂટેજ પણ તપાસી રહી છે જેથી એ જાણી શકાય કે યુવક ક્યાંથી અને કેવી રીતે સ્ટેશન પર આવ્યો હતો. હાલમાં તો પોલીસે બિનવારસી લાશની ઓળખ વિધિ માટે સોશિયલ મીડિયા અને અન્ય માધ્યમોનો સહારો લીધો છે.

## રાજકોટમાં યુવકની ઘાતકી હત્યા: સમાધાન માટે ગયેલા ભાવેશનું 6 શખસોએ ઢીમ ઢાળ્યું

(એજન્સી) રાજકોટ | તા. 16

સૌરાષ્ટ્રના પાટનગર ગણાતા રાજકોટ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી હોય તેવો વધુ એક બનાવ પ્રકાશમાં આવ્યો છે. શહેરના વ્યસ્ત ગણાતા 150 ફૂટ રિંગ રોડ પર જૂની અદાવતનું સમાધાન કરવા



ગયેલા ભાવેશ વાણવી નામના યુવકની 6 શખસોએ કુહાડી અને પાઈપના ઘા ઝીંકી નિર્મમ હત્યા કરી નાખી છે. આ ઘટનાને પગલે દલિત સમાજમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને પરિવારે જ્યાં સુધી આરોપીઓ ન પકડાય ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાનો ઈનકાર કરી દીધો છે.

મૃતક ભાવેશની માતાએ હોસ્પિટલના બિછાને રડતા રડતા આક્ષેપ કર્યો હતો કે, તેમનો દીકરો 2 લાખ રૂપિયા લઈને સામે પક્ષ સાથે સમાધાન કરવા માટે ગયો હતો. જોકે, આરોપીઓએ તેને છેતરીને બોલાવ્યો હતો અને ત્યારબાદ તેના પર તૂટી પડ્યા હતા. પરિવારજનોના જણાવ્યા મુજબ, ભાવેશને એટલી ક્રૂરતાથી માર મારવામાં આવ્યો હતો કે તેના શરીરનું એક પણ અંગ બાકી રાખ્યું નથી. ભાવેશ પરિણીત હતો અને તેને બે સંતાનો છે, જેમણે આજે પિતાની છત્રછાયા ગુમાવી છે.

રવિવારે રાત્રે ભાવેશ તેના મિત્રો રાહુલ અને પ્રિન્સ સાથે રૈયા રોડ પર બેઠો હતો. ત્યાંથી પરત ફરતી વખતે ડ્રીમ સિટી સામે સ્વીફ્ટ કાર અને બાઈક પર આવેલા 4 થી 5 શખસોએ લાકડી, ધારિયા અને કુહાડી વડે હુમલો કર્યો હતો. હુમલાખોરો ભાવેશને કારમાં ઉઠાવી ગયા હતા અને ત્યારબાદ તેની હત્યા કરી નાખી હતી.

## રાજકોટમાં સાયબર માફિયાઓનો આતંક: નેટ બેન્કિંગ હેક કરી 20 લાખ પડાવ્યા

(એજન્સી) રાજકોટ | તા. 16

સ્માર્ટ સિટી રાજકોટમાં છેલ્લા કેટલાક સમયથી ડિજિટલ લૂંટારુઓ સક્રિય થયા છે. રાજકોટમાં સાયબર માફિયાઓનો આતંક એટલી હદે વધ્યો છે કે ભેજાબાજ ગઠિયાઓએ એક જાગૃત નાગરિકનું નેટ બેન્કિંગ એકાઉન્ટ હેક કરી ૨૦ લાખ રૂપિયાની છેતરપિંડી આચરી હતી. જોકે, આ હાઈટેક લૂંટનો ભેદ ઉકેલવામાં રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસને મોટી સફળતા મળી છે. પોલીસે આ ગુનામાં સંડોવાયેલા ત્રણ આરોપીઓને ઉના અને રાજકોટના અલગ-અલગ વિસ્તારોમાંથી દબોચી લીધા છે.

ડિજિટલ ટ્રાન્ઝેક્શનના જમાનામાં ઠગબાજોએ ફરિયાદીના બેંક ખાતાની નેટ બેન્કિંગ વિગતો ચોરી લીધી હતી. કોઈપણ ઓટીપી કે ગંધ આવ્યા વગર ગઠિયાઓએ ટેકનોલોજીનો દુરુપયોગ કરી અલગ-અલગ વ્યવહારો દ્વારા કુલ ૧૯,૯૯,૪૦૦ રૂપિયા પોતાના મળતિયાઓના ખાતામાં ટ્રાન્સફર કરી લીધા હતા. જ્યારે ફરિયાદીને આર્થિક નુકસાનની જાણ થઈ ત્યારે તેમણે તુરંત પોલીસનો સંપર્ક સાધ્યો હતો. પોલીસે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ અને આઈટી એક્ટ મુજબ ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

સાયબર ક્રાઈમ પોલીસની ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને બેંક સ્ટેટમેન્ટના આધારે તપાસ તેજ કરતા જાણવા મળ્યું હતું કે છેતરપિંડીના નાણાં ઉનાના એક વેપારીના ખાતામાં જમા થયા છે. પોલીસે ઓપરેશન હાથ ધરીને વિનોદભાઈ ભોજવાણી, યશભાઈ જાદવ અને મહમ્મદદાનિશ સિપાઈ ને ઝડપી લીધા હતા. પૂછપરછમાં બહાર આવ્યું કે વિનોદના ખાતામાં નાણાં જમા થતા હતા અને યશ તથા દાનિશ કમિશનના આધારે આ નાણાંની હેરફેરી કરવામાં મદદ કરતા હતા. પોલીસે અત્યાર સુધીમાં કુલ ૭,૪૪,૪૦૦ રૂપિયાની રકમ રિકવર કરી છે અને બાકીના નાણાં મેળવવા માટે રિમાન્ડની તજવીજ હાથ ધરી છે. રાજકોટમાં સાયબર માફિયાઓનો આતંક જોતા પોલીસે નાગરિકોને અપીલ કરી છે કે કોઈપણ સંજોગોમાં યુઝર આઈડી, પાસવર્ડ કે ઓટીપી અજાણ્યા વ્યક્તિને આપવા નહીં. જો કોઈ પણ પ્રકારની નાણાકીય છેતરપિંડી થાય તો વિલંબ કર્યા વગર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર સંપર્ક કરવો જોઈએ, જેથી નાણાં ફ્રીઝ કરાવી શકાય.

## વડોદરા જિલ્લા પંચાયત વિદાય સમારંભ: પાંચ વર્ષની સફરનો લાગણીસભર અંત



વડોદરા | વડોદરા જિલ્લા પંચાયતના રાજકીય ઈતિહાસમાં આજે એક મહત્વનું પ્રકરણ પૂર્ણ થયું છે. વર્ષ ૨૦૨૧માં ચૂંટાયેલા સભ્યોનો પાંચ વર્ષનો કાર્યકાળ આવતીકાલે પૂર્ણ થઈ રહ્યો છે, ત્યારે આજે પંચાયતના સભાગૃહમાં એક વિશેષ વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સત્તા પક્ષ અને વિરોધ પક્ષના સભ્યોએ પક્ષના ભેદભાવ ભૂલીને પરસ્પરના સહયોગ અને પાંચ વર્ષના યાદગાર અનુભવો વાગોળ્યા હતા, જેના કારણે સભાગૃહમાં અત્યંત લાગણીસભર દ્રશ્યો સર્જાયા હતા. વર્ષ ૨૦૨૧માં યોજાયેલી ચૂંટણીમાં ભાજપના ૨૭ અને કોંગ્રેસના ૭ સભ્યો ચૂંટાઈને આવ્યા હતા. આ પાંચ વર્ષ દરમિયાન પ્રથમ અઢી વર્ષ પ્રમુખ તરીકે અશોક પટેલે અને ત્યારબાદ ગાયત્રીબેન મહિડાએ પદ સંભાળ્યું હતું. વિરોધ પક્ષના નેતા તરીકે મુબારક પટેલે પોતાની ભૂમિકા ભજવી હતી. વિદાય સમારંભ દરમિયાન સભ્યોએ સભાગૃહમાં થયેલી ચર્ચાઓ, આક્ષેપ-પ્રતિઆક્ષેપો અને લોકહિતના કાર્યોને યાદ કર્યા હતા. ઘણા સભ્યોએ અગાઉની બોલાચાલી બદલ ક્ષમા યાચના પણ કરી હતી.

**કોયલીની ઈન્દિરા નગર વસાહતમાં મોડી રાત્રે સર્જાયો ભયાનક અગ્નિકાંડ**

## વડોદરાના કોયલીમાં આગની ઘટના: ભજન દરમિયાન ગેસ ગળતરથી 5 શ્રદ્ધાળુઓ દાઝ્યા

(એજન્સી) વડોદરા | તા. 16

શહેરના કોયલી વિસ્તારમાં ગત રાત્રે ભક્તિના માહોલ વચ્ચે એકાએક આગની દુર્ઘટના સર્જાતા અરેરાટી ફેલાઈ ગઈ છે. કોયલીની ઈન્દિરા નગર વસાહતમાં આવેલા એક મકાનમાં ભજનનો કાર્યક્રમ ચાલી રહ્યો હતો, તે દરમિયાન ગેસ સિલિન્ડર લીકેજ થતા ભીષણ આગ ફાટી નીકળી હતી. વડોદરાના કોયલીમાં આગની ઘટનામાં પાંચ લોકો ગંભીર રીતે દાઝી ગયા હોવાના સમાચાર મળી રહ્યા છે, જેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

ઈન્દિરા નગરમાં એક મકાનમાં શ્રદ્ધાળુઓ ભજન-કીર્તનમાં મગ્ન હતા. આ સમયે ઉપસ્થિત લોકો માટે ચા-નાસ્તો તૈયાર કરવાની તૈયારી ચાલી રહી હતી. દરમિયાન અચાનક ગેસ સિલિન્ડર લીકેજ થતા ભડકો થયો હતો અને સિલિન્ડર આડો પડી ગયો હતો. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી આખા કાચા મકાનને લપેટમાં લઈ લીધું હતું. અચાનક થયેલા અગ્નિકાંડને પગલે ભજનના કાર્યક્રમમાં દોડધામ અને અફરાતફરી મચી ગઈ હતી. ઘટનાની જાણ થતા જ વડોદરા ફાયર બ્રિગેડના ઓફિસર મનોજ સીતાપરાની આગેવાની હેઠળ બે ટીમો સ્થળ પર પહોંચી ગઈ હતી. જ્યારે ફાયરની ટીમ પહોંચી ત્યારે આગ આસપાસના પાકા મકાનો સુધી પ્રસરી રહી હતી.



ફાયર ફાઈટરોએ ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો અને બાજુમાં આવેલા અન્ય રહેણાંક મકાનોને બચાવી લીધા હતા. પોલીસ કાફલાએ પણ ઘટનાસ્થળે પહોંચી ઈજાગ્રસ્તોની યાદી તૈયાર કરી આગળની તપાસ હાથ ધરી છે.

આ દુર્ઘટનામાં દાઝી ગયેલા પાંચેય યુવાનોને સ્થાનિકોની મદદથી તુરંત હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા. ઈજાગ્રસ્તોમાં અર્જુનભાઈ અમરશીભાઈ સોલંકી (35), અમિત ચંદુભાઈ ચૌહાણ (30), ધર્મેન્દ્રસિંહ ચૌહાણ (34), સુનિલ મહેન્દ્રભાઈ ચૌહાણ (28) અને ભાવેશ ભગાભાઈ ચૌહાણ (32) નો સમાવેશ થાય છે. હાલમાં તમામની સારવાર ચાલી રહી છે.

**મુસાફરોની ભીડ ડામવા DRM ને રજૂઆત**

## પ્રતાપનગર-જોબટ ટ્રેનમાં કોચ વધારવાની માંગ

(એજન્સી) વડોદરા | તા. 16

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ હેઠળ આવતી પ્રતાપનગર-જોબટ પેસેન્જર ટ્રેનમાં મુસાફરોની સતત વધતી સંખ્યાને જોતા હવે કોચની સંખ્યામાં વધારો કરવાની લોકમાગ ઉઠી છે. આ મહત્વના રેલવે રૂટ પર મુસાફરોની સુવિધા માટે 'ડિવિઝનલ રેલવે યુઝર્સ કન્સલ્ટેટિવ કમિટી' (DRUCC) ના સભ્ય દ્વારા વડોદરાના મંડળ રેલ પ્રબંધક (DRM) ને સત્તાવાર રજૂઆત કરવામાં આવી છે.

પ્રતાપનગર અને જોબટ વચ્ચે દોડતી ટ્રેન નંબર 59123/59124 હાલમાં માત્ર 12 કોચ સાથે દોડી રહી છે. આ ટ્રેન ડભોઈ, બોડેલી, પાવી જેતપુર, છોટા ઉદેપુર અને અલીરાજપુર જેવા મહત્વના સ્ટેશનોને જોડે છે. આ સમગ્ર વિસ્તાર આદિવાસી બહુલ હોવાથી હજારો વિદ્યાર્થીઓ, નોકરીયાત વર્ગ અને ગ્રામ્ય પ્રજા રોજિંદી અવરજવર માટે આ ટ્રેન પર નિર્ભર છે. છેલ્લા કેટલાક સમયથી મુસાફરોનો પ્રવાહ વધતા હાલના 12 કોચ સાવ અપૂરતા સાબિત થઈ રહ્યા છે. સ્થાનિક મુસાફરોના જણાવ્યા મુજબ, ખાસ કરીને સવાર અને સાંજના વ્યસ્ત સમય દરમિયાન ટ્રેનમાં પગ મૂકવાની પણ જગ્યા હોતી નથી. ભીડ એટલી હદે વધી જાય છે કે લોકોને ઉભા રહેવામાં પણ મુશ્કેલી પડે છે, જેના કારણે મુસાફરોની સુરક્ષા સામે પણ જોખમ ઊભું થાય છે. આ ગંભીર બાબતને ધ્યાનમાં રાખીને DRUCC સભ્ય મોહમ્મદ હબીબ લોખંડવાલાએ DRM ને પત્ર લખીને તાત્કાલિક ધોરણે વધારાના કોચ જોડવા વિનંતી કરી છે. રજૂઆતમાં જણાવવામાં આવ્યું છે કે જો ટ્રેનમાં કોચની સંખ્યા વધારવામાં આવશે તો મુસાફરોને આરામદાયક મુસાફરીનો અનુભવ મળશે અને ટ્રેનની ક્ષમતા વધવાથી રેલવેની આવકમાં પણ નોંધપાત્ર વધારો થશે.

## વડોદરામાં દબાણ હટાવો ઝુંબેશ: વારસિયામાં બુલડોઝર ગરજ્યું, ગેરકાયદે ઓટલા તોડી પડાયા



વડોદરા | વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના આંતરિક અને જાહેર રસ્તાઓને દબાણમુક્ત કરવા માટે આક્રમક અભિગમ અપનાવવામાં આવ્યો છે. આજે શહેરના ગીચ ગણાતા વારસિયા વિસ્તારમાં પાલિકાની દબાણ શાખા અને સ્વચ્છતા ટીમે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને ગેરકાયદે દબાણોનો સફાયો કર્યો હતો. આ કાર્યવાહી દરમિયાન અનેક દુકાનદારોએ રસ્તા પર ખડકેલા માલ-સામાન અને ગેરકાયદે બનાવેલા ઓટલાઓ પર બુલડોઝર ફેરવી દેવામાં આવતા દબાણકર્તાઓમાં ભારે ભાગદોડ મચી ગઈ હતી. વારસિયા વિસ્તારમાં ખાસ કરીને હોલસેલ વેપારીઓ પોતાની દુકાનોની બહાર ફૂટપાથ અને જાહેર માર્ગો પર મોટા પ્રમાણમાં માલ-સામાન ગોઠવી દેતા હોય છે. આ ઉપરાંત ખાણી-પીણીની લારીઓ અને ગલ્લાઓને કારણે મુખ્ય માર્ગો સાંકડા થઈ જતા વાહનચાલકો અને રાહદારીઓને ભારે હાલાકી ભોગવવી પડતી હતી.

**વહીવટી તંત્રની ગંભીર નિષ્કાળજી સામે રોષ, ઉત્તરવાહિની નર્મદા પરિક્રમા તૈયારીઓ પર સવાલો ઉઠ્યા**

## નર્મદા નદી પરનો હંગામી પુલ ધોવાયો તંત્રની પોલ ખુલી

(એજન્સી) રાજપીપળા | તા. 16

નર્મદા જિલ્લામાં પવિત્ર ચૈત્ર માસમાં યોજાનારી ઉત્તરવાહિની નર્મદા પરિક્રમાના પ્રારંભ પૂર્વે જ વહીવટી તંત્રની ઘોર બેદરકારીના દર્શન થયા છે. આગામી ૧૯મી માર્ચથી હજારો શ્રદ્ધાળુઓ જ્યારે પરિક્રમા માટે ઉમટવાના છે, ત્યારે શહેરાવથી તિલકવાડા વચ્ચે નર્મદા નદી પરનો હંગામી પુલ ધોવાઈ જવાની ઘટનાએ સમગ્ર તંત્રને ઊંઘતું ઝડપ્યું છે. સૌથી આશ્ચર્યની વાત એ છે કે, હજુ ગણતરીના કલાકો પહેલા જ ઉચ્ચ અધિકારીઓએ આ પુલનું જાત નિરીક્ષણ કર્યું હતું. આ ઘટનાને પગલે પરિક્રમાવાસીઓની સુરક્ષા સામે ગંભીર સવાલો ઊભા થયા છે અને લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ઉત્તરવાહિની નર્મદા પંચકોશી પરિક્રમાને ધ્યાનમાં રાખીને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા લાખોના ખર્ચે તૈયારીઓ કરવામાં આવી રહી હતી. બે દિવસ પહેલા જ ઈન્ચાર્જ જિલ્લા કલેક્ટર અને અન્ય ઉચ્ચ અધિકારીઓએ આ પરિક્રમા રુટનું નિરીક્ષણ કર્યું હતું. અધિકારીઓએ પરિક્રમાવાસીઓને નદી ઓળંગવા માટે બનાવાયેલા હંગામી પુલ પર ચાલીને કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. પરંતુ અધિકારીઓ ત્યાંથી ગયાના ગણતરીના કલાકોમાં જ આ પુલ ધરાશાયી થઈને પાણીમાં વહી જતા ભ્રષ્ટાચારની ગંધ આવી રહી છે. જો પરિક્રમા ચાલુ હોત અને હજારો લોકો પુલ પર હોત, તો કેટલી મોટી જાનહાની થઈ હોત તે વિચારીને જ ધ્રુજારી છૂટી જાય છે.

હંગામી પુલના નિર્માણમાં કઈ એજન્સીને આ કામ સોંપવામાં આવ્યું હતું અને તે માટે કેટલો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો હતો, તે અંગે અત્યારે તંત્રમાં મૌન છવાયેલું છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, પુલના નિર્માણમાં હલકી કક્ષાની



સામગ્રી અને એન્જિનિયરિંગ ક્ષતિઓના કારણે આ સ્થિતિ સર્જાઈ છે. પરિક્રમા શરૂ થાય તે પહેલાં જ તંત્રની નિષ્કાળજી બહાર આવતા અનેક સવાલો ઉઠી રહ્યા છે. શું આ પુલ માત્ર કાગળ પર મજબૂત હતો? અધિકારીઓએ નિરીક્ષણ દરમિયાન આ ખામી કેમ ન પારખી? તેવા પ્રશ્નો પરિક્રમાવાસીઓમાં ચર્ચાઈ રહ્યા છે.

નર્મદા પરિક્રમામાં દર વર્ષે લાખો શ્રદ્ધાળુઓ જોડાય છે. પરિક્રમા દરમિયાન આ હંગામી પુલ એ સામે પાર જવા માટેનો મુખ્ય માર્ગ હોય છે. મીડિયા અહેવાલ મુજબ, આ ઘટના બાદ શ્રદ્ધાળુઓમાં ભયનો માહોલ છે. જો તંત્ર હજુ પણ નહીં જાગે તો ૧૯મી માર્ચથી શરૂ થનારી પરિક્રમામાં અફરાતફરી સર્જાવાની પૂરેપૂરી શક્યતા છે. શ્રદ્ધાળુઓની માંગ છે કે આ મામલે જવાબદાર એજન્સી અને અધિકારીઓ સામે કડક પગલાં લેવામાં આવે અને નવેસરથી મજબૂત પુલ બનાવવામાં આવે.

પુલ ધોવાઈ જવાની ઘટના બાદ જ્યારે આ અંગે જવાબદાર વિભાગના અધિકારીઓનો સંપર્ક કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો, ત્યારે તેમણે ફોન ઉપાડવાનું ટાળ્યું હતું. અધિકારીઓનો 'નો રિપ્લાય' સૂચવે છે કે તંત્ર પાસે પોતાની ભૂલ છુપાવવા સિવાય કોઈ રસ્તો નથી.

**વડોદરામાં પોલીસ ટીમ પર હુમલો**

## પતિ-પત્નીના ઝઘડામાં મધ્યસ્થી કરવા ગયેલા જવાનોને નડ્યો નડતર

(એજન્સી) વડોદરા | તા. 16

સંસ્કારી નગરી વડોદરાના કારેલીબાગ વિસ્તારમાં મોડી રાત્રે એક વિચિત્ર અને ગંભીર ઘટના ઘટી છે. પતિ-પત્ની વચ્ચેના અંગત ઝઘડામાં મદદ કરવા અને સમાધાન કરાવવા પહોંચેલી પોલીસ ટીમ જ હુમલાનો ભોગ બની છે. વડોદરામાં પોલીસ ટીમ પર હુમલો કરનાર આ દંપતી સામે પોલીસે કડક વલણ અપનાવી સરકારી ફરજમાં રુકાવટનો ગુનો નોંધી તેમની ધરપકડ કરી છે.

કારેલીબાગ સ્થિત સંતોષી માતાના મંદિર પાસે રોડ પર ધીરજ સરોજ અને તેની પત્ની ઈન્દિરા વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ઝઘડો ચાલી રહ્યો હતો. આ દરમિયાન પત્નીએ પોલીસ કંટ્રોલ રૂમના ૧૧૨ નંબર પર ફોન કરીને 'પોતાના જીવને જોખમ' હોવાનો ગંભીર મેસેજ આપ્યો હતો. કંટ્રોલ રૂમ દ્વારા તાત્કાલિક મેસેજ મળતા જ કારેલીબાગ પોલીસ મથકના લોકરક્ષક દીપકભાઈ અને તેમની ટીમ ગણતરીની મિનિટોમાં ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસ જ્યારે સ્થળ પર પહોંચી ત્યારે દંપતી વચ્ચે ગાળાગાળી થઈ રહી હતી. પોલીસ જવાનોએ બંનેને શાંત પાડવા અને મામલો થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, પોલીસની સમજાવટને બદલે દંપતી ઉલટાનું પોલીસ સાથે જ ઝઘડવા લાગ્યું હતું. જ્યારે પોલીસે પતિ ધીરજને પકડવાનો પ્રયત્ન કર્યો ત્યારે પત્ની ઈન્દિરાએ ઉશ્કેરાઈને પોલીસ જવાન પર હુમલો કરી દીધો હતો. મીડિયા અહેવાલ મુજબ, જે પત્નીએ મદદ માટે પોલીસને બોલાવી હતી તેણે જ પોલીસ પર હાથ ઉપાડતા આશ્ચર્ય ફેલાયું હતું.

AHMEDABAD EXPRESS
AHMEDABAD • અમદાવાદ

અમદાવાદ એક્સપ્રેસ
TUESDAY • 17-03-2026

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશો-પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. પારિવારિક મોરચો તકલીફદાયક બની શકે છે.

**વૃષભ : બ. વ. ઉ.**

સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે. આ રાશિ ના અમુક લોકો ને પોતાના સંતાન થી આર્થિક લાભ થવા ની શક્યતા છે. આજે તમને પોતાના સંતાન પર ગર્વ અનુભવ થશે.

**મિથુન : ક. છ. ઘ.**

તમારા વિનમ્ર વર્તનની સરાહના થશે. અનેક લોકો તમારા છુટ્ટા મોંએ વખાણ કરશે. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. સાંજે મિત્રો સાથે બહાર જાવ-કેમ કે તે તમારી માટે કશુંક સારૂં કરશે.

**કર્ક : ડ. હ.**

તમારા વજન પર નજર રાખો અને વધુ પડતું ખાવાનું ટાળો. વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો. બાહ્ય પ્રવૃત્તિઓમાં વધારે પડતી ભાગીદારી તમારા માતા-પિતાના ગુસ્સાને આમંત્રણ આપી શકે છે. કારકિર્દીનું આયોજન કરવું એ બાબત પણ રમત જેટલી જ મહત્વની છે.

**સિંહ : મ. ટ.**

તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. વગર વિચાર્યે પોતાના પૈસા કોઈને પણ ના આપવા જોઈએ નહીંતર આવનારા સમય માં તકલીફ થયી શકે છે.

**કન્યા : પ. ઠ. ણ.**

હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. સમજદારીપૂર્વક સરેલું રોકાણ જ વળતર આપશે-આથી તમે તમારી પરસેવાની કમાણી ક્યાંય રોકો તે પૂર્વે પૂરેપૂરી ખાતરી કરી લેજો.

**તુલા : ર. ત.**

ધાર્મિક લાગણી ઊભી થશે અને તેનાથી તમે કોઈક સંતપુરૂષ પાસેથી દૈવી જ્ઞાન મેળવવા કોઈક ધાર્મિક સ્થળની મુલાકાત લેશો. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. તમારો ભાઈ તમારી જરૂરિયાતો પ્રત્યે તમારી ધારણા કરતાં વધુ સહકાર આપશે.

**વૃશ્ચિક : ન. ય.**

આજે તમને ઘેરી વળનાર લાગણીશીલ મૂડમાંથી તમારે બહાર આવવાની ઈચ્છા ધરાવતા હો તો તમારે ભૂતકાળને ભૂલવો પડશે. તમારું ધન તમારા કામ માં ત્યારેજ આવી શકે છે જયારે તમે પોતાની ફિજૂલખર્ચી બંધ કરો.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. આજે કોઈ જૂનો મિત્ર તમારા થી નાણાકીય મદદ માંગી શકે છે.

**મકર : ખ. જ.**

તમારા અધીરો તથા જિદ્દી સ્વભાવ પર અંકુશ રાખવાનો પ્રયાસ કરો ખાસ કરીને પાર્ટીમાં કેમ કે ત્યાં આ સ્વભાવ મૂડ બગાડી શકે છે. વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો. જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમારી આસપાસના લોકો તમને ખૂબ જ અપેક્ષાયુક્ત લાગશે-તમે આપી શકો તે કરતાં વધારનું વચન આપતા નહીં-અને અન્યોને ખુશ કરવા તમારી જાતને થકાવટની હદ સુધી ન ખેંચતા. વગર વિચાર્યે પોતાના પૈસા કોઈને પણ ના આપવા જોઈએ.

**મીન : દ. ચ. ઝ. થ.**

કોઈક આજે તમારો મૂડ બગાડી શકે છે પણ તેને લગતી હતાશાને તમારા પર સવાર થવા ન દો. આ વ્યર્થ ચિંતા તથા બેચેની તમારા શરીર પર વિપરિત અસર કરી તમને ત્વચાને લગતી તકલીફ આપી શકે છે. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે.

**પલાશ ફોટો પ્રદર્શન અને સાંસ્કૃતિક કાર્યક્રમો બન્યા મહોત્સવના આકર્ષણનું કેન્દ્ર**

# કેસુડો બનશે આદિવાસી પરિવારોના આર્થિક સશક્તિકરણનું માધ્યમ: વન આધારિત અર્થતંત્રને મજબૂત બનાવવા સરકાર કટિબદ્ધ

(એજન્સી) પાલનપુર | તા.16

રાજ્યના વન અને પર્યાવરણ, વાહનવ્યવહાર અને ક્લાયમેટ ચેન્જ રાજ્ય મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીના અધ્યક્ષસ્થાને બનાસકાંઠાના દાંતા- પીપળાવાળી વાવ ખાતે રાજ્યમાં સૌપ્રથમ વખત કેસુડા મહોત્સવ-૨૦૨૬નું આયોજન કરાયું હતું. બનાસકાંઠા વન્યજીવ વિભાગ દ્વારા વસંત ઋતુના આગમનને વધાવવા અને પ્રકૃતિના અમૂલ્ય વારસા સમાન કેસુડા (પલાશ) વૃક્ષના મહત્વને ઉજાગર કરવા માટે જિલ્લામાં પ્રથમ વખત કેસુડા મહોત્સવ-૨૦૨૬નું ભવ્ય આયોજન કરાયું હતું.

આ પ્રસંગે મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીના હસ્તે પલાશ ફોટો પ્રદર્શનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું, જેમાં કેસુડાના વિવિધ પાસાઓને ઉજાગર કરતી મનમોહક તસવીરો પ્રદર્શિત કરાઈ હતી. આ પ્રદર્શન પ્રકૃતિપ્રેમીઓ અને ફોટોગ્રાફર્સ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. મહોત્સવમાં વસંતના આનંદને જીવંત રાખતા સાંસ્કૃતિક કાર્યક્રમોની સાથે કેસુડાના ફૂલમાંથી બનેલા કુદરતી રંગો, આયુર્વેદિક ઔષધિઓ અને પરંપરાગત ઉત્પાદનોના પંદર જેટલા સ્ટોલ્સ પણ ઊભા કરવામાં આવ્યા હતા. મંત્રીશ્રીએ આ સ્ટોલ્સની મુલાકાત લઈ સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા પર ભાર મૂક્યો હતો.આ પ્રસંગે રાજ્યના વન અને પર્યાવરણ મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીએ જણાવ્યું હતું કે, કેસુડો એ આપણા સમાજની સાંસ્કૃતિક, ઔષધીય અને પર્યાવરણીય પરંપરાનું પ્રતીક છે. વસંત ઋતુના આગમન સાથે જંગલોમાં ખીલતા કેસુડાના અગ્નિરંગી ફૂલો પ્રકૃતિના સૌંદર્યને વધારવા સાથે અનેક ઔષધીય ગુણધર્મો પણ ધરાવે છે. આયુર્વેદમાં કેસુડાના ફૂલ, પાન અને બીજનો ઉપયોગ વિવિધ રોગોની સારવારમાં થતો આવ્યો છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં પ્રથમ વખત બનાસકાંઠા વન વિભાગ દ્વારા આયોજિત "કેસુડા મહોત્સવ" વન સંપદાનું સંરક્ષણ અને તેના આધારે સ્થાનિક લોકોના જીવનમાં સમૃદ્ધિ લાવવાનો એક સશક્ત પ્રયાસ છે. આ પહેલથી ખાસ કરીને આદિવાસી વિસ્તારોમાં રહેતા પરિવારોને નવા રોજગાર અને આવકના સ્ત્રોત ઉપલબ્ધ થશે.

મંત્રીશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના છેવાડાના માનવી સુધી વિકાસ પહોંચાડવાના સંકલ્પને દોહરાવતા જણાવ્યું હતું કે, દેશ અને રાજ્ય સરકાર વન આધારિત અર્થતંત્રને મજબૂત બનાવવા માટે સતત પ્રયત્નશીલ છે. કેસુડો, અરીઠા, ગુંદર, શતાવરી જેવી ઔષધીય અને વન પેદાશો આદિવાસી સમાજ માટે આવકનું મહત્વપૂર્ણ સાધન બની શકે છે.

વન વિકાસ નિગમ તથા વન વિભાગ દ્વારા આ પેદાશોના સંકલન, સંવર્ધન અને મૂલ્યવર્ધન માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી રહી છે. સાથે સાથે આદિવાસી ભાઈ-બહેનો દ્વારા તૈયાર કરવામાં આવતી હસ્તકલા વસ્તુઓ, ઔષધીય ઉત્પાદનો અને કુદરતી પેદાશોના વેચાણ માટે યોગ્ય બજાર વ્યવસ્થા ઉભી કરવામાં આવશે, જેથી તેમને યોગ્ય ભાવ અને આવક મળી રહે.

**વર્ષ 2025-26 દરમિયાન વેરાની વસૂલાત**

## સિહોર નગરપાલિકાની તિજોરીમાં વેરાની રૂા. 1.25 કરોડની આવક

(એજન્સી) સિહોર | તા.16



સિહોર નગરપાલિકા દ્વારા ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૦૨૬ના અત્યાર સુધીમાં વેરા વસૂલાત પેટે સવા કરોડથી વધુની આવક મેળવવામાં આવી છે. હજુ નાણાંકીય વર્ષ પૂર્ણ થવાને એક પખવાડિયું બાકી હોય, ૨૫ લાખ જેટલી બાકી વેરાની આવક થવાની ધારણ છે. સિહોર પાલિકા દ્વારા આ વર્ષે વેરા વસૂલાતની કડક ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. કરદાતાઓમાં પણ જાગૃતતા આવી હોવાના કારણે છેલ્લા સાડા ૧૧ માસમાં ન.પા.ની તિજોરીમાં ૧.૨૫ કરોડની માતબર રકમ ટેક્સ પેટે જમા થઈ છે. હજુ માર્ચ એન્ડીંગના ૧૫-૧૬ દિવસ બાકી હોય, આ વર્ષે વેરાની રકમ દોઢેક કરોડને આંબી જશે તેવું ટેક્સ શાખાના સુપરવાઈઝર રાજુભાઈ ટીમાલિયાએ માહિતી આપતા જણાવ્યું હતું. વધુમાં કરદાતાઓની સુવિધા માટે શનિ-રવિની જાહેર રજામાં ટેક્સ શાખા ખુલ્લી રાખવામાં આવી હતી. આગામી દિવસોમાં પણ જાહેર રજામાં ટેક્સ કલેક્શન બારી ખુલ્લી રખાશે તેમ જાણવા મળ્યું છે.

**માર્ગ માથાનો દુખાવો**

## આણંદમાં કેબલની કામગીરી બાદ ખાડા નહીં પૂરાતા ભારે પરેશાની

આણંદ : આણંદ શહેરના સરદાર પટેલ રાજમાર્ગ પર આવેલા લક્ષ સર્કલથી વિદ્યાનગર નાના બજાર તરફ જતા માર્ગ પર તંત્ર અને ખાનગી કંપનીની બેદરકારી સામે આવી છે. કેબલ નાખવા માટે ખોદવામાં આવેલા મસમોટા ખાડાઓ એક માસ વીતવા છતાં ન પુરાતા વાહનચાલકો અને રાહદારીઓ ભારે હાલાકી ભોગવી રહ્યાં છે. આણંદના સરદાર પટેલ રાજમાર્ગ ઉપર આવેલી એપીસી નજીકના લક્ષ સર્કલથી કોમ્પ્યુટર સાયન્સ કોલેજ થઈ વિદ્યાનગરના નાના બજાર તરફ જતા માર્ગની સાઈડમાં થોડા દિવસો પૂર્વે ખાનગી મોબાઈલ કંપની દ્વારા કેબલ નાખવા માટે રોડની સાઈડમાં મસ મોટા ખાડા ખોદવામાં આવ્યા હતા. જોકે લગભગ એક માસ જેટલો સમય વિતવા આવ્યો હોવા છતાં આ માર્ગ ઉપર અનેક ઠેકાણે કેબલ નખાઈ ગયા બાદ પણ ખાડા પુરવાનું વિસરાઈ જતા વાહન ચાલકો તથા રાહદારીઓને અનેક તકલીફોનો સામનો કરવો પડી રહ્યો છે. ખાડા ખોદ્યા બાદ કાટમાળ રોડ ઉપર પાથરવામાં આવ્યો છે, જેને લઈ રાહદારીઓ તથા વાહન ચાલકોને અકસ્માતનો ભય સતાવી રહ્યો છે.

### સોખડા, કમળા ચોકડી, વસો પાસે સર્જાયેલા અકસ્માતમાં 3 ને ઈજા

નડિયાદ : ખેડા જિલ્લામાં દિન પ્રતિદિન અકસ્માતના બનાવો વધી રહ્યાં છે. ત્યારે સોખડા, કમળા ચોકડી અને વસો નજીક સર્જાયેલા અકસ્માતમાં ત્રણ લોકોને ઈજા થઈ હતી. આ ત્રણેય અકસ્માતના બનાવ અંગે જે-તે વિસ્તારની પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. માતર તાલુકાના સોખડા ગામમાં રહેતા અજીતભાઈ સનાભાઇ પરમાર તા.૧૨ માર્ચ ૨૦૨૬ની સાંજે મોટરસાયકલ પર આણંદથી ઘરે જઈ રહ્યાં હતા. આ દરમિયાન સોખડા રોડ ઉપર ઢાળ નજીક સામેથી ખભા ઉપર લોખંડના સળિયા મૂકી એક્ટિવા ચાલક આવી રહ્યો હતો. ત્યારે એક્ટિવા બાઈક સાથે અથડાતા બાઈક ચાલક અજીતભાઈ પરમારને લોખંડના સળિયા વાગતા ઈજા થઈ હતી.

**દાયકાનો રેકોર્ડબ્રેક**

## 3 ઈસમોએ યુવાનની જમીન પચાવી પાડી લેન્ડ ગ્રેબિંગ કર્યું

ભાવનગર : બોરડી ગામના વતની અને હાલ સુરત ખાતે રહેતા યુવાનની જમીન ત્રણ ઈસમોએ કબજો કરી જમીનમાં ખેતી કરી ઉપજ મેળવી લેન્ડ ગ્રેબિંગ કર્યું હતું. મૂળ મહુવા તાલુકાના બોરડી ગામના વતની અને હાલ સુરત ખાતે રહેતા જીતેન્દ્રભાઈ મગનભાઈ બલદાણીયાને બોરડી ગામે ખાતા નંબર ૧૨૧૮ ના સર્વે નંબર ૧૪૪ પૈકી ૩ ની જમીન ૦-૬૫-૭૬ હે. આરે. ચો. મી ની જમીન વારસાગત આવેલી છે.જમીનમાં સંયુક્ત જીતેન્દ્રભાઈના માતા ,જીતેન્દ્રભાઈ બેન અને બન્ને ભાઈ ભાગીદાર છે.આ જમીન પર નાગજી જીથરભાઇ બલદાણીયા , મોહન રાઘવભાઇ બલદાણીયા, ભરત ભુપતભાઇ બલદાણીયાએ જીતેન્દ્રભાઈની માલીકીની અને સંયુકત માલીકીની રેવન્યુ સર્વે નંબર ૧૪૪ પૈકી ૩ ની કુલ ૦૦-૬૫-૭૬ હે. આ. ચો.મી. માંથી ૦૦-૨૨-૫૯ હે. આરે.ચો. મી.ની જમીન આજદિન સુધી ગેરકાયદેસર રીતે કબ્જો કરી જમીન પચાવી પાડવા સારૂ જમીન ઉપર ખેતી કામ કરી ખેત ઉપજ મેળવી ગેરકાયદેસર રીતે કબ્જો કરી લીધો હતો.

**નડિયાદ બાળ સુરક્ષા એકમની સફળતા**

## કપડવંજ પંથકની રસ્તો ભટકેલી બાળકીનું 3 દિવસ બાદ પરિવાર સાથે પુનઃ મિલન



નડિયાદ : નડિયાદ અને વડોદરા જિલ્લા વહીવટી તંત્રના સંકલનથી એક માસૂમ દીકરીના જીવનમાં ફરી ખુશીઓ પરત ફરી છે. વડોદરાથી મળી આવેલી આશરે ૧૨ વર્ષની અજાણી બાળકી વિશે માહિતી મળતા નડિયાદ જિલ્લા બાળ સુરક્ષા એકમ અને ૧૦૯૮ ચાઈલ્ડ હેલ્પલાઈનની ટીમે તાત્કાલિક તપાસ હાથ ધરી હતી. કપડવંજ વિસ્તારમાં સ્થળાંતરિત જીવન જીવતા પરિવારની આ દીકરી રસ્તો ભટકી ગઈ હતી, જેને ત્રણ દિવસની મહેનત બાદ શોધી કાઢી કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કરી પરિવારને સોંપવામાં આવી હતી. નડિયાદ જિલ્લા બાળ સુરક્ષા એકમને વડોદરા ખાતેથી એક સગીર બાળકી મળી આવી હોવાની જાણકારી પ્રાપ્ત થઈ હતી. આ દીકરી પોતાના ઘરનો રસ્તો ભૂલી ગઈ હોવાથી અને માનસિક રીતે ગભરાયેલી હોવાથી પોતાના ગામ કે પરિવાર વિશે કોઈ ચોક્કસ વિગતો આપી શકતી નહોતી. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને રાખીને નડિયાદ બાળ સુરક્ષા એકમ અને ૧૦૯૮ ચાઈલ્ડ હેલ્પલાઈનની સંયુક્ત ટીમે ઓપરેશન શરૂ કર્યું હતું. બાળકીએ આપેલી પ્રાથમિક અને અસ્પષ્ટ વિગતોના આધારે ટીમે કપડવંજ અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારો પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. સતત ૩ દિવસ સુધી ટીમના સભ્યોએ વિવિધ ગામોમાં ફરીને સ્થાનિક લોકોની પૂછપરછ કરી હતી અને દરેક શક્ય સ્થળોની રૂબરૂ મુલાકાત લઈને ઓળખ પ્રસ્થાપિત કરવાના પ્રયાસો કર્યા હતા. આ શોધખોળ દરમિયાન ટીમે આધુનિક ટેકનોલોજીનો ખૂબ જ પ્રશંસનીય ઉપયોગ કર્યો હતો. ફિલ્ડ પર રહેલા કર્મચારીઓ જ્યારે શંકાસ્પદ વિસ્તારોમાં પહોંચતા ત્યારે તેઓ મોબાઈલ ફોન દ્વારા વીડિયો કોલ કરીને બાળકીને ત્યાંના રસ્તાઓ અને પરિચિત સ્થળો બતાવતા હતા. આ પ્રયાસનો મુખ્ય હેતુ બાળકીના સ્મરણમાં કંઈક તાજું થાય અને તે પોતાનું ઘર ઓળખી શકે તેવો હતો. જોકે શરૂઆતમાં સફળતા મળી નહોતી, પરંતુ ટીમે હિંમત હાર્યા વગર તપાસ ચાલુ રાખી હતી. ખાસ કરીને કપડવંજ પંથકમાં મજૂરી અર્થે આવતા અને સ્થળાંતર કરતા પરિવારોની વસાહતોમાં બાળકીનો ફોટો બતાવીને ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવી હતી. અંતે એક એવા પરિવાર સુધી પહોંચવામાં સફળતા મળી હતી જેની દીકરી છેલ્લા કેટલાક સમયથી ગુમ હતી. પરિવારની ઓળખ થતા જ નડિયાદ જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા જરૂરી કાયદાકીય અહેવાલ તૈયાર કરવામાં આવ્યો હતો. આ અહેવાલ નડિયાદ બાળ કલ્યાણ સમિતિ સમક્ષ રજૂ કરી વડોદરા બાળ કલ્યાણ સમિતિ સાથે સંકલન સાધવામાં આવ્યું હતું.

**રૂ. 4.17 લાખનો મુદ્દામાલ કબજે**

**દારૂ મંગાવનાર સહિત ત્રણ શખ્સ ફરાર થઈ ગયા**

## પાળીયાદ ગામની સીમમાંથી બિયરના ટીનનો જથ્થો મળ્યો

(એજન્સી) ભાવનગર | તા.16



પાળીયાદ ગામની સીમમાં આવેલ સુરેન્દ્રનગર જવાના જુના માર્ગે આવેલ વાડીમાં બોટાદ લોકલ ક્રાઈમ બ્રાન્ચે દરોડો પાડી બિયરના ટીન નો જથ્થો પકડી પાડયો હતો જ્યારે ત્રણ શખ્સ ફરાર થઈ ગયા હતા. બોટાદ લોકલ ક્રાઈમ બ્રાંચનો સ્ટાફ પેટ્રોલિંગ કરી રહ્યો હતો તે દરમિયાન બાતમી મળી હતી કે,ચુડા તાલુકાના ભાણેજડા ગામે રહેતી ઉદય જીલુભાઈ ભાંભળા તથા ગૌતમ જીલુભાઈ ખાચર એ પાળીયાદ ગામની સીમમાં આવેલ સુરેન્દ્રનગર જવાના જુના માર્ગે આવેલ ગોવિંદ વાઘાભાઈ ખટાણાની વાડીમાં વિદેશી દારૂની જથ્થો રાખેલ છે .જે બાતમીના આધારે બોટાદ લોકલ ક્રાઈમ બ્રાન્ચના સ્ટાફે દરોડો પાડી તલાશી લેતા વાડીમાં બનાવેલ ઢાળીયા પાસેની દીવાલ પાસેથી બોક્સમાં છુપાવેલ બિયર ટીન ૧૮૯૬ રૂ.૪,૧૭,૧૨૦ ની મળી આવતા પોલીસે કબ્જે લીધા હતા.જ્યારે ઉદય જીલુભાઈ ભાંભળા તથા ગૌતમ જીલુભાઈ ખાચર ,ગોવિંદ વાઘાભાઈ ખટાણા ફરાર થવાના સફળ રહ્યા હતા.આ બનાવ સંદર્ભે પોલીસે ત્રણેય શખ્સ વિરૂધ્ધ પાળીયાદ પોલીસ મથકમાં ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### બાલાસિનોરમાં ગેસ કે પેટ્રોલ-ડીઝલના કાળાબજારિયા સામે કડક પગલાં લેવાશે

બાલાસિનોર : કોમર્શિયલ વપરાશના રાંધણ ગેસની અછતની અફવાને લઈને દેશભરમાં અત્યારે અફડાતફડીનો માહોલ છે. અમુક જગ્યાએ પેટ્રોલ પમ્પ પર પણ લાંબી કતારો લાગે છે. ત્યારે બાલાસિનોરમાં આવી સ્થિતિ ન સર્જાય તે માટે કાળાબજાર કરતા તત્વોને પકડીને કડક પગલાં લેવાની ચેતવણી પોલીસે આપી છે. બાલાસિનોર ટાઉન પોલીસે પેટ્રોલ પમ્પના માલિકો, સંચાલકો અને મેનેજરો અને રાંધણ ગેસ એજન્સીના વિક્રેતા સાથે મીટિંગનું આયોજન કર્યું હતું. હાલની સ્થિતિને ધ્યાને લઈને કોઈ વસ્તુની સંગ્રહખોરી કે કાળાબજારી ન થાય તેની તકેદારી રાખવા આ બેઠકમાં તાકીદ કરવામાં આવી હતી. લોકોને પણ ખોટી અફવાથી દૂર રહીને દોડધામ નહીં કરવા અપીલ કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનિય છે કે, છેલ્લા કેટલાક દિવસોથી રાંધણ ગેસના કોમશયલ બાટલાની અછતની અફવાના કારણે દેશભરમાં નાના વેપારી દોડધામ કરી રહ્યાં છે.

**ચેકડેમનો લાભ સાત ગામના ખેડૂતોના મડતો હતો**

## ઉપલેટા નાં ગઢાળા ગામનો ચેક ડેમ છેલ્લા સાત વર્ષ થી ટુટેલ હાલતમાં પૂર્વ સરપંચે સિંચાઈ મંત્રીને લખ્યો પત્ર

| વિજય રાડીયા | ઉપલેટા



ઉપલેટા તાલુકાના ગઢાળા ગામના પૂર્વ સરપંચ નારણભાઈ આહિરે રાજ્યના સિંચાઈ મંત્રીને પત્ર પાઠવીને જણાવેલ છે કે આજે છેલ્લા સાત વર્ષ થી ગઢાળા ગામની બાજુમાં આવેલ મોજ નદીમાં છેલ્લા 50 વર્ષથી ચેકડેમ આવેલ હતો આ ચેકડેમનો લાભ સાત ગામના ખેડૂતોના મડતોહતો પરંતુ છેલ્લા 7 વર્ષમાં ગામ લોકોએ તેમજ પાંચ ગામના લોકોએ સત્તાવાળાઓને અનેક વખત રજૂઆત કરે પરંતુ હજુ સુધી આ ચેકડેમ રીપેર કરવામાં આવેલ નથી જેને કારણે છેલ્લા સાત વર્ષથી નદીમાં રોકાતું પાણી વહી જાય છે નદી ખાલી ખમ દેખાય છે ત્યારે સરકાર મોટી મોટી જાહેરાત કરે છે પાણી રોકો ની પરંતુ ખેડૂતોને જે જરૂર છે તે કામગીરી આ સરકારમાં થતી નથી માત્ર ને માત્ર મોટી મોટી જાહેરાતો કરે છે પરંતુ આ સરકારે 30 વર્ષમાં એક પણ નદીનો મોટો ડેમ બનાવેલ નથી જો આ ચેકડેમ ની કામગીરી ટુંક સમયમાં કરવા માનહી આવે તો ખેડૂતો સરકાર સામે આંદોલન કરશે તેવી ચીમકી પાંચ ગામના લોકોએ કરેલ છે વધુમાં ગઢડા ગામના પૂર્વ સરપંચ નારણભાઈ આહીર દ્વારા જણાવવામાં આવેલ.

**ઉદ્ધત વર્તન કર્યાનો આક્ષેપ**

### નડિયાદના વાણિયા વાડ વિસ્તારમાં આવેલી સોસા.માં એમજીવીસીએલના કર્મીનો આતંક

(એજન્સી) નડિયાદ | તા.16

નડિયાદના વાણિયા વાડ વિસ્તારમાં આવેલી યશ કમલ સોસાયટીમાં એમજીવીસીએલના કર્મચારીએ પૂર્વ મંજૂરી વગર ઘૂસી જઈ રહીશો સાથે ઉદ્ધત વર્તન કર્યું હોવાના આક્ષેપો થઈ રહ્યાં છે. બિલ ભરવાની મુદત બાકી હોવા છતાં કનેક્શન કાપવાની ધમકી આપી સ્માર્ટ મીટર સ્વીકારવા દબાણ કરાતા રહીશોમાં ભારે રોષ ફેલાયો છે. આ મામલે રહીશોએ ઉચ્ચ સ્તરે લેખિત ફરિયાદ કરી કાર્યવાહીની માંગ કરી છે. નડિયાદના કોલેજ રોડ પર આવેલી યશ કમલ કોઓપરેટિવ હાઉસિંગ સોસાયટીમાં ગત તારીખ ૧૩ માર્ચ ૨૦૨૬ના રોજ સવારે વી.આર.માલી નામનો આસિસ્ટન્ટ લાઇનમેન શંકાસ્પદ હાલતમાં મીટર બોક્સ પાસે ફરતો મળી આવ્યો હતો. સોસાયટીના રહીશોએ પૂછપરછ કરતા તેણે શરૂઆતમાં ગોળ-ગોળ જવાબ આપ્યા હતા, પરંતુ આઈડી કાર્ડ માંગતા તે વસો સબ ડિવિઝનનો કર્મચારી હોવાનું બહાર આવ્યું હતું. આ કર્મચારીએ બાકી બિલના નામે કનેક્શન કાપવાની ધમકી આપી હતી, જ્યારે હકીકતમાં બિલ ભરવાની છેલ્લી તારીખ ૨૦-૦૩-૨૦૨૬ હતી. આમ, સમય મર્યાદા બાકી હોવા છતાં રહીશોને ડરાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. સોસાયટીના રહીશોએ જ્યારે લાઈનમેનના ઉપરી અધિકારી સાથે ફોન પર વાત કરી ત્યારે તેમણે પણ અત્યંત ઉદ્ધત ભાષામાં જવાબ આપ્યો હતો કે તેમની પાસે બધી સત્તા છે અને તેઓ ગમે ત્યારે ગમે ત્યાં આવી શકે છે, તેવા આક્ષેપો થઈ રહ્યાં છે. સોસાયટીમાં મોટાભાગે સિનિયર સિટિઝન રહેતા હોવાથી કર્મચારીઓના આવા વર્તનને કારણે વૃદ્ધોમાં ભય અને અસુરક્ષાનો માહોલ જોવા મળી રહ્યો છે. રહીશોનો આક્ષેપ છે કે અમજીવીસીએલના સ્ટાફ દ્વારા અવારનવાર મીટરનો સીલ તોડી નાખવામાં આવે છે અને ત્યારબાદ ગ્રાહકોને છેડછાડના ખોટા કેસમાં ફસાવવાની ધમકી આપી સ્માર્ટ મીટર લગાવવા મજબૂર કરવામાં આવે છે.

**આચાર્ય દ્વારા સફાઈ ગ્રાન્ટ અને સ્ટેશનરીના નામે ઉચાપત કરાતી હોવાનો દાવો**

## પેટલી શાળામાં આચાર્ય અને શિક્ષકો આમને-સામને, આચાર્ય દ્વારા નાણાંકીય ભ્રષ્ટાચાર કરાયાનો આરોપ

(એજન્સી) નડિયાદ | તા.16

વસો તાલુકાની પેટલી પ્રાથમિક શાળાના આચાર્ય સામે શિક્ષકોએ કાર્યપદ્ધતિ અને આર્થિક ગેરરીતિઓના આક્ષેપો સાથે બ્યૂગલ ફૂંક્યું છે. તો બીજીતરફ આચાર્ય દ્વારા શિક્ષકો મોબાઈલ વાપરતા હોવા મામલે ઠપકો આપતા માથાકૂટ શરૂ થયાનો દાવો કરાયો હતો. આ વચ્ચે ફરી શિક્ષકોએ ગંભીર આક્ષેપ આચાર્ય સામે કર્યા છે. જેમાં આચાર્ય દ્વારા સરકારની વિવિધ ગ્રાન્ટોમાં ઘાલમેલ કરી નાણાંકીય ભ્રષ્ટાચાર કર્યો હોવાનો આક્ષેપ કરતા ગામમાં સનસનાટી મચી ગઈ છે. તેમજ આ મામલે યોગ્ય તપાસની માંગણી કરાઈ છે. શાળાના શિક્ષકોએ કરેલા આક્ષેપો મુજબ, આચાર્ય દ્વારા શાળાની ગ્રાન્ટના નાણાંમાં મોટાપાયે ગોલમાલ કરવામાં આવે છે. સફાઈ કામગીરી માટે સરકાર તરફથી મળતી માસિક ૪૦૦૦ની ગ્રાન્ટના નાણાં સફાઈ કામદારને આપવાને બદલે આચાર્ય પોતે જ હડપ કરી જતા હોવાનું જણાવાયું છે.શિક્ષકોએ આક્ષેપ કર્યો છે કે, આચાર્યનો ભૂતકાળ પણ વિવાદીત રહ્યો છે અને તેઓ અગાઉ જોરાપુરા અને સોડપુર ખાતે ફરજ દરમિયાન પણ વિવાદોમાં રહ્યા હતા. ત્યાં તેમના વિરૂદ્ધ વીડિયો બનાવી બ્લેકમેઈલ કરવા અને મારામારી કરવા જેવી ગંભીર ફરિયાદો ઉઠી હતી, જેના કારણે તેમની બદલી કરવામાં આવી હતી. હાલમાં પણ તેઓ પોતાની રાજકીય વગનો ઉપયોગ કરી શિક્ષકોને નોકરીમાંથી કઢાવી મૂકવાની ધમકીઓ આપી માનસિક ત્રાસ ગુજારે છે, તેવા પણ આક્ષેપો કરાયા છે. 'બાલ્યાર્પણ' કાર્યક્રમની પૂર્વતૈયારીના નામે મહિલા શિક્ષિકાઓને રાત્રિના ૧ વાગ્યા સુધી રોકી રાખી તેમની સાથે અભદ્ર ભાષાનો પ્રયોગ કરવામાં આવતા શિક્ષકોએ લડત ઉગામી હોવાનું આક્ષેપોમાં જણાવાયું છે. શિક્ષકોએ આક્ષેપ કર્યો છે કે, વિદ્યાર્થીઓને સ્ટેચ્યુ ઓફ યુનિટીના પ્રવાસે લઈ જવા માટે સરકાર દ્વારા ૮૫ હજાર જેટલી રકમ આપવામાં આવી હતી. આમ છતાં આચાર્યએ ૮૬ બાળકો પાસેથી ૯૦૦ રૂપિયા લેખે પૈસા ઉઘરાવ્યા હતા. તેમજ મળતીયાઓના બિલો રજૂ કરી અને સરકારી સહાય પેટે આવેલા પૈસા ચાઉં કરી નાખ્યા હોવાનો આરોપ મુક્યો છે.મહિલા શિક્ષિકાઓની સલામતી સામે પણ સવાલો ઉભા રહી રહ્યાં છે. આક્ષેપો મુજબ, મીટિંગ દરમિયાન રૂમના બારી-બારણાં બંધ કરી દેવા અને શિક્ષકોના મોબાઈલ ફોન જપ્ત કરી લેવા જેવી પ્રવૃત્તિઓથી આચાર્ય 'નરેન્દ્ર ઓન ફાયર' જેવી વાતો કરી ધાક જમાવવાનો પ્રયાસ કરે છે. નાનાં બાળકો ધરાવતી મહિલા શિક્ષિકાઓને મોડી રાત સુધી શાળામાં ગોંધી રાખી માનસિક ત્રાસ આપવો તે આચાર્યનો નિત્યક્રમ બની ગયો હોવાનું શિક્ષકોએ જણાવ્યું છે. એકતરફ આચાર્ય દ્વારા દાવો કરાયો છે કે, શિક્ષકોએ વિદ્યાર્થીઓને શાળામાં આવવા દીધા નહોતા. જ્યારે શિક્ષકોએ દાવો કર્યો છે કે, શાળા બંધ કરાઈ જ નથી પણ આચાર્યની સામે સલામતીનું જોખમ લાગતા શિક્ષકોએ સમયસર શાળાએ પહોંચી ગામના સરપંચ અને વાલીઓને બોલાવ્યા બાદ વિદ્યાર્થીઓને વર્ગમાં લઈ જઈ અભ્યાસ શરૂ કરાવ્યો હતો.

**દારૂનો જથ્થો પૂરો પાડનાર શખ્સની શોધખોળ**

## કપડવંજના વાઘાવત ગામેથી રૂ. 3.99 લાખના વિદેશી દારૂ સાથે શખ્સ ઝડપાયો

(એજન્સી) નડિયાદ | તા.16

ખેડા જિલ્લાના કપડવંજ તાલુકામાં આવેલા વાઘાવત ગામે આંતરસુબા પોલીસે સીમ વિસ્તારમાં દરોડો પાડી ગૌચરની જમીનમાં છુપાવેલો વિદેશી દારૂનો મોટો જથ્થો પકડી પાડયો છે. પોલીસે ૪,૦૪,૮૧૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી એક શખ્સની ધરપકડ કરી છે, જ્યારે આ માલ પૂરો પાડનાર અન્ય એક શખ્સને વોન્ટેડ જાહેર કરી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.આંતરસુબા પોલીસ સ્ટેશનના કર્મચારીઓ વાઘાવત કેનાલ પાસે પેટ્રોલિંગમાં હતા, તે દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે, વાઘાવત ગામના સીમ વિસ્તારમાં રહેતા મહેન્દ્રકુમાર ઉર્ફે ચીનો જવાનસિંહ સોલંકીએ પોતાના ઘરની પાસે આવેલી ગૌચરની જમીનમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડયો છે. પોલીસે પંચોને સાથે રાખી સ્થળ પર દરોડો પાડતા અલગ અલગ બ્રાન્ડની વિદેશી દારૂની બોટલો અને ક્વાર્ટર મળી આવ્યા હતા. તપાસ દરમિયાન રોયલ ચેલેન્જ વ્હીસ્કીની ૮૩ બોટલ, રોયલ સ્ટેગની ૧૨ બોટલ, ઓલ સીઝન્સ ગોલ્ડ કલેક્શનની ૯ મોટી બોટલ અને ૩૮૫ નંગ ક્વાર્ટર સહિત વ્હાઈટ લેસ વોડકાના ૨૭૨ ક્વાટર અને કિંગફિશર બીયરના ૧૨૨ ટીન મળી આવ્યા હતા. પોલીસે સ્થળ પરથી મહેન્દ્રકુમાર સોલંકીની અટકાયત કરી પૂછપરછ કરતા તેણે કબૂલાત કરી હતી કે, આ દારૂનો જથ્થો બે દિવસ પહેલા કાકરખાંડ ગામનો પરેશ રસિકભાઈ શર્મા પોતાની ગાડીમાં લઈને આવ્યો હતો અને તેને સાચવવા માટે આપ્યો હતો.

# News Brief

## પશ્ચિમ એશિયામાં યુદ્ધથી ભારતના તેલ પુરવઠા પર જોખમના વાદળો

નવી દિલ્હી: પશ્ચિમ એશિયામાં ચાલી રહેલી ભયાનક કટોકટી અને હોર્મુઝની સામુદ્રધુનીમાં ઉભા થયેલા અવરોધોને કારણે ભારતના ક્રૂડ ઓઈલ સપ્લાય ચેઈન પર ટૂંકા ગાળા માટે ગંભીર દબાણ સર્જાય તેવી શક્યતા છે. જોકે, વિવિધ સ્ત્રોતો પાસેથી તેલની ખરીદી અને સુરક્ષિત ભંડાર (ઈન્વેન્ટરીઝ) ને કારણે ભારત આ પ્રારંભિક ઝટકાને સહન કરી શકશે તેવું મોર્ગન સ્ટેનલીના તાજેતરના અહેવાલમાં જણાવાયું છે. અહેવાલ મુજબ, ભારત અને ચીન જેવા એશિયન દેશોની જરૂરિયાતનું 40% થી 50% તેલ હોર્મુઝના માર્ગે પસાર થાય છે, જે ભારતની ઉર્જા સુરક્ષા માટે આ પ્રદેશના મહત્વને રેખાંકિત કરે છે.ભારત તેની ક્રૂડ ઓઈલની જરૂરિયાતના લગભગ 46% જેટલો હિસ્સો પશ્ચિમ એશિયાના દેશોમાંથી આયાત કરે છે. આ નિર્ભરતાને કારણે ગલ્ફ પ્રદેશમાં કોઈ પણ અવરોધ ભારતની રિફાઈનિંગ ક્ષમતાને અસર કરી શકે છે. તેમ છતાં, મોર્ગન સ્ટેનલીનું માનવું છે કે એશિયા પેસિફિક ક્ષેત્રમાં તેલનો સુરક્ષિત ભંડાર 30 થી 200 દિવસ સુધી ચાલે તેમ છે, જે તાત્કાલિક માંગના આંચકાને રોકવા માટે કુશનનું કામ કરશે. ભારત અત્યારે આ જોખમને ઘટાડવા માટે વૈકલ્પિક સપ્લાયર્સનો સક્રિયપણે સંપર્ક કરી રહ્યું છે. પુરવઠાના જોખમોને ઘટાડવા માટે ભારતે રશિયા પાસેથી સસ્તા દરે મળતા ક્રૂડ ઓઈલ, ખાસ કરીને 'યુરલ્સ'ની ખરીદીમાં વધારો કર્યો છે. અમેરિકાએ રશિયન તેલ આયાત પરના પ્રતિબંધોમાં 30 દિવસની છૂટછાટ આપતા ભારત માટે આ એક મોટી તક બની છે. વધુમાં, સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે નવી દિલ્હી અત્યારે ઈરાન સાથે પણ વાતચીત કરી રહ્યું છે જેથી એલપીજી અને ક્રૂડ લઈને આવતા અંદાજે 20 થી વધુ ટેન્કરોને સલામત માર્ગ મળી રહે.

## ઈરાનના ખાર્ગ ટાપુ પર અમેરિકાના ભીષણ હુમલાથી સનસનાટી



નવી દિલ્હી: અમેરિકા દ્વારા ઈરાનના વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વના એવા ખાર્ગ ટાપુ પર કરવામાં આવેલા તાજેતરના લશ્કરી હુમલા બાદ વૈશ્વિક ઉર્જા બજારમાં ગભરાટ ફેલાયો હતો. જોકે, વૈશ્વિક નાણાકીય સંસ્થા જેપી મોર્ગનના અહેવાલ મુજબ, આ હુમલાની વૈશ્વિક તેલ પુરવઠા પર માત્ર મર્યાદિત અસર થવાની સંભાવના છે. પ્રારંભિક માહિતી સૂચવે છે કે અમેરિકી સૈન્યએ માત્ર સૈન્ય મથકોને જ નિશાન બનાવ્યા છે અને ટાપુ પરના તેલ માળખાગત સુવિધાઓને કોઈ નુકસાન પહોંચાડ્યું નથી. આ વ્યૂહાત્મક સંયમ અત્યારે ઈરાનને તેની નિકાસ ચાલુ રાખવાની તક આપી રહ્યો છે. જેપી મોર્ગને જણાવ્યું છે કે જો લોડિંગ ટર્મિનલ્સ, પાઈપલાઈન અને સ્ટોરેજ ટેન્ક જેવી મહત્વની સુવિધાઓ અકબંધ રહેશે, તો ઈરાન દરરોજ અંદાજે 15 લાખ થી 17 લાખ બેરલ ક્રૂડ ઓઈલની નિકાસ કરવાનું ચાલુ રાખી શકશે. શિપમેન્ટમાં આવતો કોઈપણ વિક્ષેપ કાયમી નુકસાનને બદલે માત્ર ટૂંકા ગાળાનો અને સાવચેતીના પગલા રૂપે હશે.

## ક્રૂડના ભાવમાં ભડકો વિશ્વમાં મોંઘવારી વધશે અને વિકાસ રૂંધાશે

નવી દિલ્હી: આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલના ભાવમાં આવેલા તોતિંગ ઉછાળાને કારણે વર્ષ 2026માં વૈશ્વિક અર્થતંત્ર પર જોખમના વાદળો ઘેરાયા છે. આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ (IMF) ના પૂર્વ મુખ્ય અર્થશાસ્ત્રી ગીતા ગોપીનાથે ચેતવણી આપી છે કે જો તેલના ભાવમાં વધારો ચાલુ રહેશે, તો તેનાથી વૈશ્વિક મોંઘવારીમાં મોટો ઉછાળો આવશે અને આર્થિક વિકાસનો દર નોંધપાત્ર રીતે ધીમો પડી જશે. તેમના મતે, તેલના ભાવમાં થયેલો આ ફેરફાર વિશ્વના તમામ દેશોના આર્થિક સૂચકાંકો પર નકારાત્મક અસર કરી શકે છે. સોશિયલ મીડિયા પર શેર કરેલી એક પોસ્ટમાં ગીતા ગોપીનાથે જણાવ્યું હતું કે, જો વર્ષ 2026માં તેલના ભાવ સરેરાશ 85 ડોલર પ્રતિ બેરલની આસપાસ રહેશે, તો તેનાથી વૈશ્વિક વિકાસ દરમાં 0.3% થી 0.4% સુધીનો ઘટાડો થઈ શકે છે. આટલું જ નહીં, મુખ્ય મોંઘવારી (Headline Inflation) માં પણ 60 બેઝિસ પોઈન્ટ્સનો વધારો થવાની સંભાવના છે. ઉલ્લેખનીય છે કે, પશ્ચિમ એશિયામાં સંઘર્ષ શરૂ થયો તે પહેલા વર્ષ 2026 માટે વૈશ્વિક વિકાસ દર 3.3% રહેવાનો અંદાજ હતો, જે તે સમયે તેલના ભાવ સરેરાશ 65 ડોલર પ્રતિ બેરલ રહેશે તેવી ધારણા પર આધારિત હતો.અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા ભીષણ યુદ્ધને કારણે છેલ્લા માત્ર 15 દિવસમાં આંતરરાષ્ટ્રીય બજારમાં તેલના ભાવમાં 40% થી વધુનો વધારો થયો છે. 27 ફેબ્રુઆરીના રોજ કાચું તેલ અંદાજે 73 ડોલર પર ટ્રેડ થઈ રહ્યું હતું, જે શનિવાર સુધીમાં ઉછળીને અંદાજે 103 ડોલર પર પહોંચી ગયું છે. આ આકસ્મિક ઉછાળો હોર્મુઝની સામુદ્રધુનીમાં ઉર્જા પુરવઠાના માર્ગો ખોરવાવાને કારણે આવ્યો છે, જેણે ખાસ કરીને એશિયાના દેશોની ઉર્જા સુરક્ષા સામે પ્રશ્નાર્થ ચિહ્ન મૂક્યું છે.

### હોર્મુઝની સામુદ્રધુનીમાં તેલ પુરવઠો રોકાયો

# દુનિયામાં ઈંધણનું ગંભીર સંકટ સર્જાશે ટ્રમ્પ વહીવટીતંત્રને ઓઈલ નેતાઓની ચેતવણી

## આંતરરાષ્ટ્રીય તેલના ભાવમાં ઉછાળો જોવા મળી રહ્યો છે

(એજન્સી) વોશિંગ્ટન ડીસી | તા 16

અમેરિકાના તેલ ઉદ્યોગના દિગ્ગજોએ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના વહીવટીતંત્રને કડક ચેતવણી આપી છે કે હોર્મુઝની સામુદ્રધુનીમાં ચાલી રહેલા અવરોધોને કારણે આગામી દિવસોમાં વૈશ્વિક ઈંધણ સંકટ વધુ વણસી શકે છે. 'ધ વોલ સ્ટ્રીટ જર્નલ'ના અહેવાલ મુજબ, ઈરાન સાથેના યુદ્ધના કારણે ઉર્જા ક્ષેત્રે પેદા થયેલી કટોકટી વધુ તીવ્ર બની રહી છે. એક્ઝોન મોબિલ, શેવરોન અને કોનોકોફિલિપ્સ જેવી કંપનીઓના મુખ્ય કાર્યકારી અધિકારીઓએ વ્હાઈટ હાઉસમાં ઉર્જા સચિવ ક્રિસ રાઈટ અને આંતરિક સચિવ ડગ બર્ગમ સાથેની બેઠકમાં વૈશ્વિક બજારની અસ્થિરતા અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. એક્ઝોન મોબિલના સીઈઓ ડેરેન વૂડ્સના જણાવ્યા અનુસાર, જો સટ્ટાખોરો તેલના ભાવમાં વધારો કરવાનું શરૂ કરશે તો વર્તમાન ઊંચા સ્તરોથી પણ કિંમતો ઘણી ઉપર જઈ શકે છે. તેમણે ચેતવણી આપી હતી કે બજાર રિફાઈન્ડ પ્રોડક્ટ્સના પુરવઠાની ભારે ખેંચનો સામનો કરી શકે છે. છેલ્લા કેટલાક દિવસોમાં જ અમેરિકી તેલના ભાવ 87 ડોલર પ્રતિ બેરલથી વધીને 99 ડોલર પર પહોંચી ગયા છે. શેવરોનના માઈક વિર્થ અને કોનોકોફિલિપ્સના રાયન લાન્સે પણ સ્વીકાર્યું છે કે આ અવરોધનું પ્રમાણ એટલું મોટું છે કે તેની ભરપાઈ કરવી મુશ્કેલ છે.



વિશ્લેષકોના અહેવાલ મુજબ, હોર્મુઝની સામુદ્રધુનીમાં દરરોજ અંદાજે 90 લાખ થી 100 લાખ બેરલ તેલનો પુરવઠો અત્યારે અટવાયેલો છે. અમેરિકાનું સ્થાનિક ઉત્પાદન વધવા છતાં તે આટલા વિશાળ પુરવઠાની ખોટ પૂરી કરી શકે તેમ નથી. આ સાંકડી જળપટ્ટી વિશ્વના તેલ નિકાસના લગભગ 20% હિસ્સાનું વહન કરે છે. દરરોજ અંદાજે 20 મિલિયન બેરલ ક્રૂડ ઓઈલ અહીંથી પસાર થાય છે, જે વૈશ્વિક તેલ વપરાશનો પાંચમો ભાગ છે. આ માર્ગ ખોરવાતા તેની અસર આર્થિક બજારો, સપ્લાય ચેઈન અને સામાન્ય લોકોના બજેટ પર સીધી પડી રહી છે.

રાષ્ટ્રપતિ ટ્રમ્પે રવિવારે જાહેરાત કરી હતી કે તેમણે સાત રાષ્ટ્રોને વિનંતી કરી છે કે તેઓ હોર્મુઝની સામુદ્રધુનીમાં પરિવહન માર્ગો સુરક્ષિત રાખવા માટે પોતાના યુદ્ધ જહાજો તૈનાત કરે. એરફોર્સ વન પર પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે ભારપૂર્વક જણાવ્યું હતું કે જે દેશો મધ્ય પૂર્વીય તેલ પર વધુ નિર્ભર છે, તેમણે પોતાના હિતોનું રક્ષણ કરવા આગળ આવવું જોઈએ. તેમણે ઉદાહરણ આપતા કહ્યું કે ચીન જેવો દેશ તેના તેલનો 90% હિસ્સો આ જ માર્ગે મેળવે છે, જ્યારે અમેરિકાની નિર્ભરતા ઘણી ઓછી છે.ટ્રમ્પની કડક વલણ છતાં, હજુ સુધી કોઈ પણ દેશે આ મિશન માટે નિશ્ચિત પ્રતિબદ્ધતા દર્શાવી નથી. મોંઘા તેલના ભાવે વિશ્વભરના દેશોની ચિંતા વધારી દીધી છે. સૂત્રો દ્વારા મળતા સમાચાર મુજબ, જો આ માર્ગ લાંબો સમય બંધ રહેશે તો પ્રવાહી કુદરતી ગેસ (LNG) ના પુરવઠા પર પણ માઠી અસર પડશે. ઉદ્યોગના નેતાઓ માને છે કે આગામી થોડા દિવસો વૈશ્વિક ઉર્જા સુરક્ષા માટે ખૂબ જ નિર્ણાયક સાબિત થશે, કારણ કે પુરવઠાની સાંકળમાં નાનો એવો ભંગ પણ વિશ્વભરમાં આર્થિક સુનામી લાવી શકે છે.

## ઈઝ માય ટ્રિપ ભારતની સૌથી વિશ્વસનીય બ્રાન્ડ તરીકે સન્માનિત

નવી દિલ્હી: ભારતના અગ્રણી ઓનલાઈન ટ્રાવેલ-ટેક પ્લેટફોર્મ પૈકીના એક, ઈઝ માય ટ્રિપ (EaseMyTrip) એ દેશના વ્યાપારી જગતમાં વધુ એક સીમાચિહ્નરૂપ સફળતા હાંસલ કરી છે. કંપનીને "ભારતની સૌથી વિશ્વસનીય બ્રાન્ડ્સ ૨૦૨૬-૨૦૨૭" ની યાદીમાં સ્થાન મળ્યું છે. આ સન્માન પ્રવાસીઓ દ્વારા પ્લેટફોર્મ પર મૂકવામાં આવેલા અતૂટ વિશ્વાસ અને કંપનીની ગ્રાહક-કેન્દ્રી ટ્રાવેલ સેવાઓ પ્રદાન કરવાની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે. 'ટીમ માર્ક્સમેન નેટવર્ક' દ્વારા આયોજિત છઠ્ઠી એડિશનમાં આ જાહેરાત કરવામાં આવી હતી, જેમાં બિઝનેસ સ્ટાન્ડર્ડ મીડિયા પાર્ટનર તરીકે જોડાયેલું હતું. આ પ્રતિષ્ઠિત યાદીમાં સ્થાન મેળવવા માટે કંપનીએ એક અત્યંત જટિલ અને પારદર્શક પસંદગી પ્રક્રિયામાંથી પસાર થવું પડ્યું હતું. મીડિયા અહેવાલ અનુસાર, 'કોહેરન્ટ માર્કેટ ઈનસાઈટ્સ' દ્વારા હાથ ધરવામાં આવેલા આ સંશોધનમાં પ્રાથમિક સંશોધન અને સેકન્ડરી ડેટા વિશ્લેષણનો સમન્વય કરવામાં આવ્યો હતો. બ્રાન્ડ્સનું મૂલ્યાંકન તેમની અધિકૃતતા, સાતત્ય, પારદર્શિતા, ગ્રાહક અનુભવ અને ગવર્નન્સ પ્રેક્ટિસ જેવા અનેક માપદંડોના આધારે કરવામાં આવ્યું હતું. વ્યાપક ગ્રાહક ઈન્ટરવ્યુ અને મલ્ટી-સ્ટેજ ડેટા વેરિફિકેશન બાદ જ ઈઝ માય ટ્રિપની પસંદગી કરવામાં આવી હતી.

### વિદેશી રોકાણકારોની જંગી વેચવાલી ચાલુ

## શેરબજારમાં કડાકો વિદેશી રોકાણકારોએ માર્ચમાં પંચાવન હજાર કરોડ ફટાક્યા

(એજન્સી) મુંબઈ | તા 16

ભારતીય શેરબજારમાં સોમવારે સપ્તાહના પ્રારંભે જ રોકાણકારોમાં નિરાશા જોવા મળી છે. પશ્ચિમ એશિયાના સંકટ અને વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (FPI) દ્વારા કરવામાં આવી રહેલી સતત વેચવાલીને કારણે બજાર દબાણ હેઠળ રહ્યું છે. આજે સવારે બજાર ખુલતાની સાથે જ બંને મુખ્ય ઈન્ડેક્સ લાલ નિશાનમાં ટ્રેડ કરતા જોવા મળ્યા હતા. નિફ્ટી 50 ઈન્ડેક્સ 35 પોઈન્ટ અથવા 0.15% ના ઘટાડા સાથે 23,116.10 પર ખુલ્યો હતો, જ્યારે બીએસઈ સેન્સેક્સ 148.13 પોઈન્ટ અથવા 0.20% ઘટીને 74,415.79 પર ખુલ્યો હતો. બજારના નિષ્ણાતોના મતે, ભૌગોલિક રાજકીય તણાવ અને વિદેશી રોકાણકારોનો ભારતીય બજારમાંથી મોહભંગ રોકાણકારોના સેન્ટિમેન્ટને અસર કરી રહ્યો છે. બેન્કિંગ અને માર્કેટ નિષ્ણાત અજય બગગાએ મીડિયા અહેવાલ દરમિયાન જણાવ્યું હતું કે, ભારત હાલમાં એક જટિલ રાજદ્વારી સ્થિતિમાંથી પસાર થઈ રહ્યું છે. રસપ્રદ વાત એ છે કે, હોર્મુઝની સામુદ્રધુની અન્ય દેશો માટે બંધ હોવા છતાં, ભારત ઈરાન અને અમેરિકા બંને સાથેના સારા સંબંધોને કારણે તેના ત્રણ ટેન્કરોને સુરક્ષિત માર્ગ અપાવવામાં સફળ રહ્યું છે. જોકે, આર્થિક મોરચે સ્થિતિ ચિંતાજનક છે. વિદેશી રોકાણકારોએ માત્ર માર્ચ મહિનામાં જ અત્યાર સુધીમાં અંદાજે 54,000 કરોડ ની જંગી વેચવાલી કરી છે.

## ડીપી વર્લ્ડ મુંદ્રાએ નાણાકીય વર્ષ 25માં 1.5 મિલિયન ટીઈયુસનું સંચાલન કર્યું, ભારતના એક્ઝિમ ટ્રેડમાં તેની ભૂમિકાને વધુ મજબૂત બનાવી

(એજન્સી) મુંદ્રા | તા 16

ડીપી વર્લ્ડની મુંદ્રા ઈન્ટરનેશનલ કન્ટેનર ટર્મિનલ (એમઆઈસીટી) એ નાણાકીય વર્ષ 2025માં મજબૂત પર્ફોર્મન્સ આપ્યું છે, લગભગ 1.5 મિલિયન ટીઈયુસની સાથે થ્રુપુટમાં 13.6 ટકાનો વધારો થયો છે. 2026ની શરૂઆતમાં પણ આ ગતિને આગળ વધારી છે, જાન્યુઆરીમાં વોલ્યુમ 1,46,063 ટીઈયુસ જેટલું થયું છે, જ્યારે ફેબ્રુઆરીમાં 1,32,590 ટીઈયુસ નોંધાયું છે, જે પાછલા બંને વર્ષના સ્તરને પણ વટાવી ગયા છે અને ભારતના એક્સિમ વેપાર માટે એક મુખ્ય પ્રવેશદ્વારા તરીકે ડીપી વર્લ્ડ મુંદ્રાની ભુમિકાને મજબૂત બનાવે છે. વર્ષ 2025માં જહાજોના કોલમાં 6.57%નો વધારો થતાં તે, 762 પર પહોંચ્યું છે, જેનાથી ડીપી વર્લ્ડ મુન્દ્રાની વૃદ્ધિ થઈ હતી, રેલ પર કન્ટેનરનો વધુ જથ્થોએ ટર્મિનલના ભારતના અંતરિયાળ વિસ્તાર સાથે મલ્ટિમોડલ કનેક્ટિવિટીને મજબૂત બનાવી છે. નવી ક્વે ક્રેન અને નવી ઈલેક્ટ્રિક રબર-ટાયર-ગેન્ટ્રી ક્રેન (આરટીજી)ના કમિશનિંગ સહિત માળખાગત સુધારાઓ બર્થ ઉત્પાદકતા અને કાર્યક્ષમતામાં વધારો કરીને આ વૃદ્ધિને વેગ આપવાનું ચાલુ રાખે છે.આ પર્ફોર્મન્સ વિશે, આલોક મિશ્રા, સીઈઓ, પોર્ટ્સ અને ટર્મિનલ્સ, ડીપી વર્લ્ડ મુંદ્રા



કહે છે, " વર્ષ 2025માં તેના ડબલ ડિજીટ વિકાસને ટકાવી રાખી અને 2026માં પણ એને જાળવી રાખવું એ દર્શાવે છે કે, વૈશ્વિક અસ્થિરતા વચ્ચે પણ વધતા જતા વેસલ્સ કૉલ અને રેલ વોલ્યુમ્સનું સક્ષમ રીતે સંચાલન કરવાની અમારી ક્ષમતા છે. અમે હજી પણ ભારતના વિસ્તરતા એક્ઝિમ ટ્રેડને ટેકો આપતી વિશ્વસનીય કામદીરી પૂરી કરવા પ્રતિબદ્ધ છીએ."પૂર્વિય, દક્ષિણ પૂર્વિય એશિયા, મધ્ય પૂર્વિય, પૂર્વિય તથા દક્ષિણ આફ્રિકા, યુએસ ઈસ્ટ કોસ્ટ તથા મેડિટેરેનીયનની સાથે સીધું જોડાણ હોવાને લીધે, ગુજરાતને સબકોન્ટિનેન્ટમાં વૈશ્વિક વેપાર પાવર હાઉસ બનાવવાની મહત્વકાંક્ષાને સહયોગ આપવામાં ડીપી વર્લ્ડ એ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.આ ટર્મિનલ તેના ટકાઉપણાના એજન્ડાને પણ આગળ વધારી રહ્યું છે. ડીપી વર્લ્ડ મુંદ્રાએ કામગીરીમાં વીજળીકરણને વેગ આપી રહ્યું છે, ઈલેક્ટ્રિક લાઈટ મોટર વાહનો (ઈ-એલએમવીસ), ઈલેક્ટ્રિક ફોર્કલિસ્ટ્સ અને આગામી ઈલેક્ટ્રિક ઈન્ટરનલ ટ્રાન્સફર વાહનો (ઈ-આઈટીવીસ)ને અમલી કરી રહ્યું છે. આ ટર્મિનલે, ભારતની રાષ્ટ્રીય ઉત્પાદક્તા પરિષદ (એનપીસી) દ્વારા ઝીરો વેસ્ટ ટુ લેન્ડફિલનું પ્રમાણપત્ર મેળવ્યું છે.

## અદાણી પાવરનો મહારાષ્ટ્રમાં મોટો ધડાકો સોળસો મેગાવોટનો ઓર્ડર મળ્યો

અમદાવાદ: ગુજરાત સ્થિત અદાણી પાવર લિમિટેડે રવિવારે એક મહત્વપૂર્ણ જાહેરાત કરતા જણાવ્યું છે કે, તેમને મહારાષ્ટ્ર સ્ટેટ ઈલેક્ટ્રિસિટી ડિસ્ટ્રિબ્યુશન કંપની લિમિટેડ (MSEDCL) તરફથી 1,600 મેગાવોટ વીજ પુરવઠા માટે 'લેટર ઓફ એવોર્ડ' (LoA) પ્રાપ્ત થયો છે. કંપની આ વીજળી તેના આગામી અલ્ટ્રા-સુપરક્રિટિકલ થર્મલ પાવર પ્રોજેક્ટમાંથી પૂરી પાડશે. ખાનગી ક્ષેત્રની આ દિગ્ગજ કંપનીએ અત્યંત સ્પર્ધાત્મક બિડિંગ પ્રક્રિયામાં સૌથી ઓછી ટેરિફ ઓફર કરીને આ સફળતા મેળવી છે. કંપનીએ પ્રતિ યુનિટ 5.30 ના સંયુક્ત ટેરિફ પર વીજળી આપવાની દરખાસ્ત કરી હતી.આ પ્રસ્તાવિત પાવર સપ્લાય એગ્રીમેન્ટ (PSA) ની મુદત 25 વર્ષની રહેશે. અદાણી પાવરના નિવેદન અનુસાર, આ કરાર હેઠળ વીજ પુરવઠો નાણાકીય વર્ષ 2030-31 થી શરૂ થવાનું આયોજન છે. થર્મલ પાવર સેક્ટરમાં રોકાણના વધતા પ્રવાહ વચ્ચે અદાણી ગ્રુપની આ કંપની માટે આ એક મોટી સિદ્ધિ છે.

### આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ઈન્ફરન્સ આર્કિટેક્ચર જાહેર થશે

## નવી એઆઈ ચિપ ડિઝાઈનથી મેમરી બજારમાં ભારે હલચલ

(એજન્સી) સેન હોઝે | તા 16

વિશ્વની સૌથી મૂલ્યવાન ચિપ નિર્માતા કંપની એનવીડિયા દ્વારા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષેત્રે એક નવો વિસ્ફોટ કરવાની તૈયારીઓ ચાલી રહી છે. કેલિફોર્નિયાના સેન હોઝે ખાતે યોજાનારી જીટીસી 2026 કોન્ફરન્સમાં કંપની એક નવી 'ઈન્ફરન્સ ચિપ આર્કિટેક્ચર' રજૂ કરી શકે છે, જે ઓન-ચિપ સ્ટેટિક રેન્ડમ એક્સેસ મેમરી (SRAM) પર આધારિત હશે. મીડિયા અહેવાલ મુજબ, આ નવી ડિઝાઈન હાલમાં એઆઈ ડેટા સેન્ટરોમાં વપરાતી જીપીયુ ડિઝાઈન કરતા તદ્દન અલગ હશે. આ સમાચારને પગલે વૈશ્વિક મેમરી માર્કેટમાં એવા પ્રશ્નો ઊભા થયા છે કે શું આ નવી ટેકનોલોજી હાલમાં પ્રચલિત હાઈ-બેન્ડવિડ્થ મેમરી (HBM) ના વર્ચસ્વને ઘટાડી દેશે?વર્તમાન સમયમાં જીપીયુ પ્રોસેસરો મોટા ડેટાસેટ્સને હેન્ડલ કરવા માટે તેની બાજુમાં એચબીએમના અનેક સ્ટેક્સનો ઉપયોગ કરે છે, જે અત્યંત ઝડપી ગતિએ ડેટા પ્રોસેસિંગમાં મદદ કરે છે. જોકે, એનવીડિયાની આ પ્રસ્તાવિત



નવી ડિઝાઈનમાં પ્રોસેસરની અંદર જ મોટા એસઆરએએમ બ્લોક્સ મૂકવામાં આવશે. સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે આ ફેરફારથી ડેટાની હેરફેર ઘટશે અને પ્રોસેસિંગમાં લાગતો સમય (લેટન્સી) પણ ઘટી શકે છે. જોકે, એસઆરએએમ એ સામાન્ય ડાયનેમિક રેન્ડમ એક્સેસ મેમરી (DRAM) કરતા ઘણી મોંઘી અને કદમાં મોટી હોય છે, જે તેને મોટા પાયે વાપરવા માટે પડકારરૂપ બનાવે છે.

## અવકાશ ક્ષેત્રે તમિલનાડુ સરકારનો મોટો ધડાકો અગ્નિકુલ કોસ્મોસમાં હિસ્સો ખરીદ્યો

ચેન્નાઈ: ભારતના સ્પેસ સેક્ટરમાં એક ઐતિહાસિક ઘટના ક્રમમાં, તમિલનાડુ સરકારે ચેન્નાઈ સ્થિત ખાનગી અવકાશ ક્ષેત્રની કંપની 'અગ્નિકુલ કોસ્મોસ' (AgniKul Cosmos) માં ઈક્વિટી હિસ્સો ખરીદવાની જાહેરાત કરી છે. રાજ્યમાં ડીપ-ટેક ઈનોવેશન અને વિકસતી સ્પેસ ઈકોસિસ્ટમને મજબૂત કરવા માટે આ એક અત્યંત મહત્વનું પગલું માનવામાં આવે છે. કંપની દ્વારા જાહેર કરવામાં આવેલા સત્તાવાર નિવેદન અનુસાર, તમિલનાડુ સરકારના તમિલનાડુ ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (TIDCO) દ્વારા આ રોકાણ કરવામાં આવ્યું છે, જે રાજ્ય સરકાર ટેકનોલોજીના વિકાસ માટે કેટલી ગંભીર છે તેનું સ્પષ્ટ પ્રમાણ આપે છે.કંપનીએ સોશિયલ મીડિયા પર આ રોકાણ બદલ આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, "ટીઆઈડીસીઓ દ્વારા તમિલનાડુ સરકાર પાસેથી ઈક્વિટી રોકાણ પ્રાપ્ત કરવું એ અમારા માટે સન્માનની વાત છે. આ સાબિત કરે છે કે રાજ્ય સરકાર સ્થાનિક ઈકોસિસ્ટમમાં વિકસિત મૂળ ટેકનોલોજીને ટેકો આપવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે."

### ભારતમાં ખાતર ઉત્પાદનમાં કાપની ગંભીર સ્થિતિ

## પશ્ચિમ એશિયાના યુદ્ધની ભારતીય ખેતી અને ખાતર પર માઠી અસર

(એજન્સી) નવી દિલ્હી | તા 16

પશ્ચિમ એશિયામાં સતત વધી રહેલા તણાવ અને સંકટની સીધી અસર હવે ભારતીય ખેતી અને ઉદ્યોગો પર દેખાવા લાગી છે. ખાસ કરીને ખાતર ઉત્પાદન ક્ષેત્રે મોટા પાયે અવરોધો ઉભા થયા છે. મોર્ગન સ્ટેનલીના તાજેતરના અહેવાલ મુજબ, પશ્ચિમ એશિયાના ઉર્જા પુરવઠા માર્ગો ખોરવાઈ જવાથી એશિયાના ખાતર, રસાયણ અને ઉત્પાદન ક્ષેત્રની સપ્લાય ચેઈન પર ગંભીર અસર પડી છે. હોર્મુઝની સામુદ્રધુનીમાં સર્જાયેલા અવરોધોને કારણે કાચા તેલ અને કુદરતી ગેસના પ્રવાહમાં ઘટાડો થયો છે, જેણે સીધી રીતે ઉદ્યોગો માટેના કાચા માલ (ફીડસ્ટોક) ની ઉપલબ્ધતાને પ્રભાવિત કરી છે.એશિયા તેની ઉર્જા જરૂરિયાતો માટે પશ્ચિમ એશિયા પર નિર્ભર છે. એશિયા તેની જરૂરિયાતના અંદાજે 25 ટકા ક્રૂડ ઓઈલ, એલએનજી અને પ્રોપેન પશ્ચિમ એશિયામાંથી આયાત કરે છે. આ ઉપરાંત, એશિયાની ખાતરની 14 ટકા જરૂરિયાત પણ આ જ પ્રદેશ દ્વારા પૂરી કરવામાં આવે છે. વર્તમાન કટોકટીને કારણે એશિયામાં લગભગ 10 મિલિયન ટન ખાતર ઉત્પાદન ક્ષમતા પ્રભાવિત થઈ છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, આ અસરો ભારત, દક્ષિણ કોરિયા, તાઈવાન અને થાઈલેન્ડ જેવા દેશોમાં સ્પષ્ટપણે જોવા મળી રહી છે.ભારત અને બાંગ્લાદેશમાં મર્યાદિત ફીડસ્ટોકને કારણે ખાતર ઉત્પાદનમાં મોટો ઘટાડો નોંધાયો છે. ખાસ કરીને ભારતમાં ખાતરના કારખાનાઓને જરૂરી ગેસ ન મળતા ઉત્પાદન પ્રક્રિયા ધીમી પડી છે. મીડિયા અહેવાલ સૂચવે છે કે ભારત હવે યુરિયા માટે વૈકલ્પિક સ્ત્રોતોની તપાસ કરી રહ્યું છે જેથી સ્થાનિક ખેતી પર તેની નકારાત્મક અસર ન પડે. વૈશ્વિક સ્તરે પણ નાઈટ્રોજન ખાતરનું ઉત્પાદન ઘટ્યું છે, જે વાર્ષિક ધોરણે કુલ યુરિયા ઉત્પાદનના 4 ટકા જેટલો કાપ દર્શાવે છે. ઘણા પ્લાન્ટ્સે તેમના સંચાલન દરોમાં ઘટાડો કર્યો છે અથવા એકમો સંપૂર્ણપણે બંધ કરી દીધા છે.ખાતરની સાથે સાથે પેટ્રોકેમિકલ ઉદ્યોગ પણ ભારે દબાણ હેઠળ છે. પ્રોપેન અને નેપ્થા જેવા મહત્વના કાચા માલની અછતને કારણે પેટ્રોકેમિકલ ઉત્પાદનોના ભાવમાં છેલ્લા બે અઠવાડિયામાં 15 થી 25 ટકાનો ઉછાળો જોવા મળ્યો છે. અહેવાલો મુજબ, લગભગ 25 મિલિયન ટન વાર્ષિક પેટ્રોકેમિકલ ક્ષમતા હાલમાં વિવિધ સ્તરે કાપનો સામનો કરી રહી છે. સપ્લાય ચેઈન ટૂંકી થતા કંપનીઓ હવે નિકાસને બદલે સ્થાનિક માંગને સંતોષવાને પ્રાથમિકતા આપી રહી છે, જેનાથી આંતરરાષ્ટ્રીય બજારમાં પણ અછત વર્તાઈ રહી છે.

### પામ એક્સ્પો | ટેકનોલોજીની સાથે હાઈબ્રિડ ઈવેન્ટ સોલ્યુશન્સને પણ પ્રાધાન્ય આપવામાં આવશે

## દિલ્હીમાં પામ એક્સ્પોની જાહેરાત, ઉત્તર ભારતના ઓડિયો-વિઝ્યુઅલ માર્કેટ માટે નવું પ્લેટફોર્મ

(એજન્સી) નવી દિલ્હી | તા 16

ઈન્ફોર્મા માર્કેટ્સ ઈન ઈન્ડિયાએ ઉત્તર ભારતના ઝડપથી વિકસી રહેલા પ્રો-એવી ઈકોસિસ્ટમને ધ્યાનમાં રાખીને 'પામ એક્સ્પો દિલ્હી' (PALM Expo Delhi) લોન્ચ કરવાની જાહેરાત કરી છે. પ્રોફેશનલ ઓડિયો, વિઝ્યુઅલ અને લાઈટિંગ ટેકનોલોજી માટે ભારતના અગ્રણી મંચ 'પામ એક્સ્પો મુંબઈ'ની સફળતા બાદ, હવે તે રાજધાની દિલ્હીમાં પોતાની સેવાઓ આપવા માટે તૈયાર છે. એક્સ્પોની પ્રથમ આવૃત્તિ ૭ થી ૯ જાન્યુઆરી ૨૦૨૭ દરમિયાન 'ભારત મંડપમ'માં યોજાશે, જેમાં ૭૦ થી ૧૦૦ પ્રદર્શકો ભાગ લે તેવી અને ૫,૦૦૦ થી ૭,૦૦૦ ઉદ્યોગના નિષ્ણાતો આવે તેવી અપેક્ષા છે. આ શોનું સત્તાવાર અનાવરણ દિલ્હીમાં એક હાઈ-ઓક્ટેન નેટવર્કિંગ ઈવનિંગ સાથે થયું હતું, જેમાં ઉદ્યોગ જગતના દિગ્ગજો, ઈનોવેટર્સ અને મુખ્ય હિતધારકો ઉપસ્થિત રહ્યા હતા.લોન્ચના પ્રસંગે



ઈન્ફોર્મા માર્કેટ્સ ઈન ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર શ્રી યોગેશ મુદ્રાસે જણાવ્યું હતું કે, "આજે પ્રોફેશનલ ઓડિયો માર્કેટ ૭૫૦ થી ૮૫૦ મિલિયન ડોલરની વચ્ચે છે અને લાઈટિંગ ઉદ્યોગ ૧૧ ટકાના વાર્ષિક દરે વધીને ૨ અબજ ડોલર સુધી પહોંચવા જઈ રહ્યો છે. આ વિસ્તાર દેશના સૌથી ઝડપથી વિકસતા કોરિડોરમાંનો એક છે. અહીં પ્રીમિયમ ઓડિયોના અપનાવવાનો દર રાષ્ટ્રીય સરેરાશ કરતા ૨૫ ટકા વધુ છે. ૩૦૦ થી વધુ પ્રોફેશનલ વેન્યુ ઉત્તર ભારતને ઓડિયો-વિઝ્યુઅલ બદલાવનું કેન્દ્રબિંદુ બનાવે છે. આધુનિક અને મોટા પાયાના સમાધાનોની માંગ સતત ઝડપથી વધી રહી છે. પામ દિલ્હીની કલ્પના ઉદ્યોગ જગતના એક એવા મંચ તરીકે કરવામાં આવી છે, જે માર્કેટ સુધી પહોંચ વધારીને ઉદ્યોગને ઉત્કૃષ્ટ મૂલ્ય પ્રદાન કરશે."દિલ્હી- એનસીઆર ના વધતા મહત્વને જોતા આ પગલું વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ છે, કારણ કે ઉત્તર ભારત દેશના કુલ એવી (AV) હાર્ડવેર માર્કેટનો ૪૦-૪૫% હિસ્સો ધરાવે છે. આ પ્રદર્શન ભવિષ્યની ટેકનોલોજી જેવી કે ઈમર્સિવ ઓડિયો-વિઝ્યુઅલ અનુભવ, એઆઈ -પાવર્ડ ઓડિયો મેનેજમેન્ટ, ડિજિટલ સાઈનેજ અને ઈન્ટરેક્ટિવ ડિસ્પ્લે સોલ્યુશન્સ પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ ઉપરાંત, ટકાઉપણું અને ઊર્જા-કાર્યક્ષમ ટેકનોલોજીની સાથે હાઈબ્રિડ ઈવેન્ટ સોલ્યુશન્સને પણ પ્રાધાન્ય આપવામાં આવશે. કોર્પોરેટ, સરકારી અને શૈક્ષણિક સંસ્થાઓ માટે આ મંચ બી2બી અને બી2જી નેટવર્કિંગનું એક મોટું કેન્દ્ર બની રહેશે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, ફાગણ વદ-14

# ઈરાનના મોઝેઈક ચક્રવ્યૂહમાં અમેરિકા-ઈઝરાયેલ અટવાઈ ગયા

અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન ઉપર હુમલા કરવામાં આવી રહ્યા છે. ઈરાનના અનેક સ્થળો ભડકે બળે છે, તેના સુપ્રીમ લીડરનું મોત થઈ ગયું છે છતાં ઈરાન ટસનું મસ થતું નથી. જાણકારોના મતે ઈરાન દ્વારા છેલ્લાં ઘણા દાયકાથી આ યુદ્ધ માટે તૈયારીઓ કરવામાં આવી રહી હતી. કહેવાય છે કે, ઈરાને પોતાના મોઝેઈક ચક્રવ્યૂહમાં અમેરિકા અને ઈઝરાયેલને ફસાવી દીધા છે. ઈરાનના ટોચના નેતા અને સુપ્રીમ કમાન્ડરોના મોત છતાં તાકીદે નવા નેતાઓ અને કમાન્ડરો ચુંટાઈ ગયા અને હજી ઈરાન લડી રહ્યું છે તેની પાછળ આ રણનીતિ જ જવાબદાર છે. વૈશ્વિક સ્તરે બીજો સવાલ એ પણ છે કે, જો ઈરાનની સેના કે જેને આઈઆરજીસી કહેવાય છે તે માત્ર સુપ્રીમ લીડર અને કમાન્ડરના ઈશારે જ કામ કરે છે તો પછી આયતોલ્લાહ ખામેનેઈના મોત બાદ પણ તે કેવી રીતે યુદ્ધ કરી રહી છે. જાણકારો માને છે કે, અમેરિકા ગમે ત્યારે આ યુદ્ધ કરવાનું છે તેવા ઈરાનને ભણકારા હતા અને તેના કારણે જ તેણે પોતાની રીતે તમામ તૈયારીઓ કરી રાખી હતી. તેણે દાયકાઓથી મોઝેઈક ચક્રવ્યૂહની રચના કરેલી હતી જેમાં ગમે ત્યારે અમેરિકા ફસાય તેમ હતું. હાલમાં તેવું જ થયું છે. કહેવાય છે કે, ૨૦૦૩માં જ્યારે અમેરિકાએ ઈરાનના પડોશી દેશ ઈરાક ઉપર હુમલો કર્યો અને સદ્દામ હુસૈનને પકડી લીધો ત્યારે દુનિયા સ્તબ્ધ થઈ ગઈ હતી. બીજી તરફ ઈરાકની સમગ્ર સિસ્ટમ ખોરવાઈ ગઈ હતી. સદ્દામ હુસૈનનું કમાન્ડ સ્ટ્રક્ચર એવી રીતે તૂટી ગયું કે, આખો દેશ બરબાદ થઈ ગયો. સદ્દામ દ્વારા તૈયાર કરવામાં આવેલું સરકારી માળખું, કમાન્ડ, સૈન્ય બધું જ બરબાદ થઈ ગયું. અમેરિકાએ બધું જ પોતાના હાથમાં લઈ લીધું અને ટૂંક જ સમયમાં ગૃહયુદ્ધને કારણે સમગ્ર દેશ બરાબદ થઈ ગયો. ઈરાન ત્યારે જ સમજી ગયું હતું કે, આજે નહીં તો કાલે પણ અમેરિકા ઈરાન ઉપર પણ હુમલો કરીને આવી સ્થિતિનું નિર્માણ કરી શકે છે. તેના કારણે જ ઈરાન દ્વારા તે સમયથી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી હતી. આ ઘટનાક્રમ સમજવા જેવો છે. એક તરફ અમેરિકા અને ઈઝરાયેલ પ્લાનિંગ કરતા હતા કે, ઈરાન ઉપર હુમલો કરવો. ઈઝરાયેલે વર્ષો સુધી ખામેનેઈની જાસુસી કરી હોવાનું જણાવ્યું હતું. ઈઝરાયેલના અહેવાલ પ્રમાણે ખામેનેઈ એક જ જગ્યાએ મિટિંગ કરવાના હતા. ઈઝરાયેલના આ અહેવાલો ઉપર અમેરિકાને વિશ્વાસ હતો. ઈઝરાયેલ અને અમેરિકી સેનાએ સાથે મળીને મિટિંગના દિવસે હુમલો કરી દીધો. તેમની સુચના સાચી પડી ખામેનેઈ અને તેમની સાથે ઘણા કમાન્ડરો અને ખામેનેઈના કેટલાક પરિવારજનો પણ આ હુમલામાં મૃત્યુ પામ્યા. અમેરિકા અને ઈઝરાયેલને વિશ્વાસ હતો કે, ખામેનેઈના મોત બાદ ઈરાન તુટી જશે અને બધું અટકી જશે પણ એવું બન્યું નહીં. અહીંયા જ ઈરાને આ બંને સાથે ખેલ કરી નાખ્યો. ટ્રમ્પ જણાવી રહ્યા છે કે, ટૂંક સમયમાં યુદ્ધ પૂરું થઈ જશે પણ ઈરાને હુંકાર કર્યો છે કે, હવે તો યુદ્ધ શરૂ થયું છે. અમેરિકા અને ઈઝરાયેલે જે કરવાનું હતું તે કરી લીધું હવે અમે યુદ્ધ કરીશું. યુદ્ધ અમેરિકાએ શરૂ કર્યું હતું પૂરું ઈરાન કરશે. ઈરાકની ઘટના બાદ ઈરાને પોતાનું સમગ્ર કમાન્ડ સ્ટ્રક્ચર જ બદલી કાઢયું હતું અને તે જ આ યુદ્ધનું સૌથી મોટું ચક્રવ્યૂહ છે. જાણકારોના મતે ૨૦૦૫માં આઈઆરજીસી સેનાના કમાન્ડર મોહમ્મદ જાફરીએ તત્કાલિન સરકાર અને સુપ્રીમ કમાન્ડરને નવી રણનીતિ લાગુ કરવા અને સેનાનું માળખું બદલવાની ભલામણ કરી હતી. દુનિયાના મોટાભાગના દેશોમાં સૈન્ય એક જ સેન્ટ્રલ કમાન્ડ હેઠળ કામ કરતી હોય છે. ટોચના સ્થાને એક સુપ્રીમ કમાન્ડર હોય છે અથવા સેનાનો વડો હોય છે જેના આદેશ પ્રમાણે સમગ્ર સેના કામ કરતી હોય છે. તેઓ જ રણનીતિ બનાવે છે અને તેઓ જ સેનાની વિવિધ પાંખને યુદ્ધ માટે આદેશ આપે છે. હવે જો કોઈપણ દેશના આવા ટોચના કમાન્ડરોનો મારી નાખવામાં આવે તો તે દેશની સેના પણ પૂરી થઈ જાય છે. મોહમ્મદ જાફરીએ આ જ સ્ટ્રક્ચર બદલી કાઢયું. તેણે મોઝેઈક કમાન્ડની રચના કરાવી જે ઈરાન માટે ફાયદાકારક રહી. મોઝેઈક શબ્દ હકિકતે તો ચિત્ર માટે ઉપયોગમાં લેવાય છે. તેમાં નાના-નાના ટુકડા ભેગા કરીને એક ચિત્ર બનાવવામાં આવે છે. અનેક મકાનો, ઈમારતો ઉપર ટાઈલ, કાચ કે અન્ય વસ્તુઓ જોડીને કોઈ કલાકૃતિ બનાવવામાં આવે છે. તેને મોઝેઈક કહેવાય છે. મોહમ્મદ જાફરીએ આઈઆરજીસીની સેનાના માળખાને પણ આવી રીતે તૈયાર કર્યું. તેણે સેનાને નાની નાની ટુકડીઓમાં વહેંચી દીધું. દરેક સેનાને એક સૈન્ય વડો આપી દીધો. આ તમામ સેનાઓ જોડાઈને ફરી પાછી ઈરાનની જ સેના બને છે.ઈરાને પોતાના ૩૧ પ્રાંત માટે ૩૧ જેટલી સેનાના કમાન્ડ બનાવી દીધા.

# ચાણસ્મા ખાતે યોજાયેલ ભાજપ કાર્યકર્તા સંમેલનમાં ખિસ્સાકાતરૂઓને ' ઘી કેળાં થયાં

નિતીન ઠાકર ચાણસ્મા

સોમવાર 16 માર્ચના રોજ ચાણસ્મા ખાતે ભાજપ પ્રદેશ અધ્યક્ષની ઉપસ્થિતીમાં ચાણસ્મા વિધાનસભા સીટનું કાર્યકર્તા સંમેલન. યોજાયું હતું આ કાર્યકર્તા સંમેલન નો સીધો ફાયદો ખિસ્સાકાપૂઓ. ઉઠાવ્યો.હતો. સંમેલન દરમિયાન કાર્યકર્તાઓની ભીડ દરમિયાન ખિસ્સાકાતરૂ ઓએ હાથનો કરતબ અજમાવી અંદાજે 15.થી વધારે ભાજપ કાર્યકરોના ખિસ્સાની સફાઈ કરી રોકડ અને મોંઘા મોબાઈલથી ઉઠાંતરી કરતાં કાર્યકરોમાં ચકચાર મચી જવા પામી હતી જેમાં શંખેશ્વરના બાબુજી બેચરજી ઠાકોર ચાણસ્મા ખાતે યોજાયેલ ભાજપ કાર્યકર્તા સંમેલનમાં. ભાગ લેવા આવ્યા હતા. અને કાર્યક્રમ પુરો થતાં ખિસ્સામાં મુકેલા રૂ 40000/ ગાયબ થઈ જતાં હાંફળાં ફાંફળાં થઈ ચાણસ્મા પોલિશ મથકે તેમની સાથે બનેલી ઘટના ની જાણ કરતાં ચાણસ્મા પોલીસે અરજી લઈ તપાસ હાથ ધરી છે જ્યારે અન્ય કાર્યકર્તાઓને તેમની ખીસામાં રહેલ રોકડ અને મોબાઈલ તસ્કરી થયાની જાણ થતાં પોલિશ મથકે પહોંચ્યા હતા જ્યાં ચાણસ્મા પોલિશે અરજી લઈ વધુ તપાસ હાથ ધરી હતી.

# ગિરનાર અભયારણ્ય હેઠળ આવતા ઈકો સેન્સિટિવ ઝોનના ગામડામાં વન તંત્ર દ્વારા લોક જાગૃતિ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ગિરનાર અભયારણ્ય હેઠળ આવતા ઈકો સેન્સેટિવ ગામડાંઓમાં વન વિભાગ દ્વારા લોક જાગૃતિ અભિયાન શરૂ કરાયું છે. જેમાં શિબિર યોજી વન્યપ્રાણી અને માનવ વચ્ચેના ઘર્ષણને અટકાવવા તેમજ પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા માર્ગદર્શન અપવામાં આવી રહ્યું છે.વન્યપ્રાણી અને માનવ વચ્ચેના ઘર્ષણને અટકાવવવા તેમજ પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા માર્ગદર્શન જૂનાગઢ વન વિભાગ દ્વારા ડુંગર ઉત્તર રેન્જના કાર્ય વિસ્તારમાં ઈકો સેન્સેટિવ ઝોન હેઠળ આવતા દોલતપરા, વડાલ, ડેરવાણ, પાટલા, વિશલ હડમતીયા, મેંદપરા, સામતપરા, કરિયા, પસવાળા,



માલીડા, છોડવડી, વાઘણીયા, મંડલીકપુર, બંધાળા, ભલગામ, રાવતસાગર સહિતના ગામોમાં સરપંચ, ખેડૂતો અને ગામલોકો સાથે મિટિંગ યોજી ગામડાઓને પ્લાસ્ટિક મુક્ત કરવાનું અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. લોકોને વન્યપ્રાણી સાથેના ઘર્ષણ અટકાવવા કેવી સાવચેતી રાખવી તેની પ્રાથમિક સમજ આપવામાં આવે છે.લાખેકાલકોને ખુલ્લામાં ન રહેવા, બાળકોને સુરક્ષિત જગ્યાએ રાખવા, માલઢોરને વાડામાં બાંધવા, રાત્રે ટોર્ચનો ઉપયોગ કરવા, ખુલ્લામાં સુવાનું ટાળવા તેમજ વન તંત્ર દ્વારા આપવામાં આવતા મંચાણનો ઉપયોગ કરવા માર્ગદર્શન આપી લોક જાગૃતિની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

# ગીરગઢડાના નગડિયા નજીક ૨,૦૦૦ કિલો રક્ષિત ખેરના લાકડા સાથે શખસ ઝડપાયો



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ગિર સોમનાથ જિલ્લાના ગિરગઢડા તાલુકાના નગડિયા ગામે બાતમીના આધારે વન વિભાગે ગેરકાયદે રીતે પરિવહન કરવામાં આવતા આશરે ૨,૦૦૦ કિલો રક્ષિત ખેરના લાકડાનો જથ્થો બોલેરો ગાડી સાથે ઝડપી પાડ્યો છે. આ મામલે ખિલાવડના એક શખસની અટકાયત કરી તપાસ તેજ કરવામાં આવી છે.છેલ્લા કેટલાક સમયથી ઉના અને ગીરગઢડા પંથકમાં રક્ષિત વૃક્ષોનું ગેરકાયદે છેદન (કટીંગ) થતું હોવાની ફરિયાદો વન વિભાગને મળી રહી હતી. આ દરમિયાન વન વિભાગને ચોક્કસ બાતમી મળી હતી કે, નગડિયા ગામના માર્ગ પરથી રક્ષિત લાકડાનો મોટો જથ્થો પસાર થવાનો છે. બાતમીના આધારે વન વિભાગની ટીમે વોચ ગોઠવી હતી. દરમિયાન GJ-11-VV-6220 નંબરની શંકાસ્પદ બોલેરો ગાડી પસાર થતાં તેને અટકાવી તલાશી લેતા તેમાંથી અંદાજે ૨,૦૦૦ કિલો ખેરના લાકડા મળી આવ્યા હતા. વન વિભાગે ગાડીના ચાલક ભાવેશ સવજીભાઈ ભીલ (રહે. ખિલાવડ) અટકાયત કરી કડક પૂછપરછ હાથ ધરી હતી. આ રક્ષિત લાકડાનો જથ્થો ઉમેજ ગામના શખસના કહેવાથી નવાબંદરની એક ફિશ મિલમાં પહોંચાડવાનો હોય તેવું ચર્ચાઈ રહ્યું છે. હાલ વન વિભાગની ટીમ આ મામલે ઊંડાણપૂર્વક તપાસ ચલાવી રહી છે. આ ગેરકાયદે કટીંગ અને તસ્કરી પાછળ કોઈ મોટી ગેંગ સક્રિય છે કે કેમ અને અગાઉ આ રીતે કેટલા જથ્થાનું વહન કરવામાં આવ્યું છે? તે દિશામાં પણ તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

# શ્રી યોગીજી મહારાજ સાર્વજનિક હાઈસ્કૂલ, રાજપુરમાં 'વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ'ની શાનદાર ઉજવણી

રાજપુર | શ્રી યોગીજી મહારાજ સાર્વજનિક હાઈસ્કૂલ, રાજપુર ખાતે ૧૫મી માર્ચ 'વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ' નિમિત્તે ગ્રાહક જાગૃતિ સપ્તાહની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ અને સમાજમાં ગ્રાહક તરીકેના અધિકારો અને ફરજો પ્રત્યે જાગૃતિ લાવવાનો હતો.આ પ્રસંગે શાળાના આચાર્ય શ્રી વિપુલભાઈ પટેલે ઉપસ્થિત સૌને વિસ્તૃત માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે, "ગ્રાહક એ બજારનો રાજા છે, પરંતુ જ્યારે તે જાગૃત હોય ત્યારે જ તે છેતરામણીથી બચી શકે છે." તેમણે ગ્રાહકોના મૂળભૂત અધિકારો જેવા કે સુરક્ષાનો અધિકાર, માહિતી મેળવવાનો અધિકાર અને રજૂઆત કરવાના અધિકાર વિશે ખૂબ જ સરળ શૈલીમાં સમજણ આપી હતી. ઉત્સાહપૂર્ણ ભાગીદારી: શાળાના વિદ્યાર્થી ભાઈ-બહેનો તેમજ સ્ટાફ મિત્રોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક આ ઉજવણીમાં ભાગ લીધો હતો.સંકલ્પ: કાર્યક્રમના અંતે 'જાગો ગ્રાહક જાગો' અભિયાનને માત્ર શાળા પૂરતું સીમિત ન રાખતા, સમગ્ર વિસ્તારમાં ફેલાવવાનો અને દરેક નાગરિકને જાગૃત કરવાનો મક્કમ સંકલ્પ લેવામાં આવ્યો હતો.

# રાજુલાના કોવાયા રોડ ઉપર ૧૧ સિંહોનો વિડિયો વાઈરલ



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

રાજુલા તાલુકાના કોવાયા ગામ નજીક મોડી રાત્રીના સમયે એકસાથે ૧૧ સાવજોની ટોળા રોડ પર લટાર મારતા જોવા મળ્યા હતા. આ દ્રશ્યો ત્યાંથી પસાર થતા સ્થાનિકોએ પોતાના મોબાઈલના કેમેરામાં કેદ કર્યા હતા.હાલ આ ઘટનાનો વિડિયો સોશિયલ મીડિયામાં ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. રાજુલા-જાફરાબાદ કોસ્ટલ બેલ્ટ વિસ્તારમાં સિંહોનું ખાસ પ્રભુત્વ જોવા મળે છે.આ વિસ્તારમાં અવારનવાર સિંહો ગામની સીમા તેમજ હાઈવે ઉપર આવી જતા હોય છે. જેના કારણે વાહનચાલકો તેમજ સ્થાનિકોમાં ભયનું વાતાવરણ સર્જાઈ રહ્યું છે.સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર છેલ્લા કેટલાક સમયથી કોસ્ટલ વિસ્તારમાં સિંહોની અવરજવર આંટાફેરા વધ્યા છે. રાત્રીના સમયે તેઓ ક્યારેય ખેતરોમાં તો ક્યારેક ગામની નજીક જોવા મળે છે. એક સાથે ૧૧ સિંહો અને સિંહણો દેખાવાની ઘટના ખાસ કરીને લોકોને અચંબામાં મૂકી દે તેવી છે. સામાન્ય રીતે સિંહો જંગલ વિસ્તારમાં રહેતા હોય છે. પરંતુ હવે તેઓ જંગલથી દૂર માનવ વસાહતો તરફ આવી રહ્યા છે. આના કારણે ગ્રામજનોમાં ચિંતા વધી છે. કેટલાક ગ્રામજનો તો એવું પણ કહીં રહ્યા છે કે જાણે સિંહોએ ગીર છોડી ને રોડ ઉપર તથા ગામને જ પોતાનું નવું રહેઠાણ બનાવી લીધું હોય અવારનવાર જોવા મળી રહી છે. જેના કારણે રાત્રિના સમયે લોકો બહાર નીકળતા પણ ગભરાઈ રહ્યા છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સ્થાનિકો દ્વારા વનવિભાગને વારંવાર પેટ્રોલિંગ વધારવા તેમજ યોગ્ય પગલાં લેવા માંગ કરવામાં આવી રહી છે. જોકે સ્થાનિકોના આક્ષેપ મુજબ તંત્ર દ્વારા હજુ સુધી પૂરતા પ્રમાણમાં પગલાં લેવામાં આવ્યા નથી, જેના કારણે લોકોમાં ચિંતા અને ભયનો માહોલ યથાવત છે.

# ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢના અતિથી બનતા કાઠમંડુ નેપાળ સ્થિત ઉચ્ચ શિક્ષણ સંસ્થાન યુજીસીનાં ડો.મમતા પ્રજાપતિ- વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણનાં આયામો વિશે આપી સમજ

નરેન્દ્ર દવે જૂનાગઢ

કાઠમાડું,નેપાળ સ્થિત યુજીસી નાં સરકારી અધિકારી, ડો.મમતા પ્રજાપતિ કે જેઓ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ઉચ્ચ શિક્ષણ કાર્યક્રમમાં ઉત્કૃષ્ટતાનું પોષણ ઉચ્ચ શિક્ષણ સુધારણા, શાસન અને વહીવટમાં સેવા આપી રહ્યા છે. તેણી તાજેતરમાં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં અતિથી બની અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ સાધ્યો હતો. ડો.મમતા પ્રજાપતિએ નેપાળ અને ભારતની ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસક્રમો, સવલતો, નીતિઓ અને વ્યવસ્થાપનને લગતી બાબતોની તુલનાત્મક વાત કરી જણાવ્યુ હતુ કે ભારતની ઉચ્ચ શિક્ષણ પ્રણાલી વિશ્વની સૌથી મોટી અને વિવિધતાસભર સિસ્ટમમાંની એક છે, જેમાં સ્નાતક, અનુસ્નાતક અને સંશોધન (Ph.D.) સ્તરના અભ્યાસક્રમોનો જે યુનિવર્સિટીઓ, કોલેજો અને ઓપન યુનિવર્સિટીઓ દ્વારા સંચાલિત થાય છે, ભારતમાં ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU) જેવી સંસ્થાઓ દ્વારા દૂરસ્થ શિક્ષણનું મોટું નેટવર્ક છે, જે તમામ વર્ગો માટે શિક્ષણ સુલભ બનાવી રહી છે,તેની સાથે ભારતિય શિક્ષણ સંસ્થાઓ અને દુર -સુ દુરનાં વિસ્તારનાં વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ વ્યવસ્થા સાથે સમ્મલીત થાય તેવી વ્યવસ્થાની સરાહના કરી હતી. ગુજરાત પ્રદેશની જૂનાગઢ સ્થિત ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં વિદ્યાર્થીઓ સાથે ઉચ્ચ શિક્ષણ અને સંલગ્ન વિષયે થયેલ



સંવાદ ફળદાયી લેખાવી યુનિ.નાં કુલપતિશ્રી અને વિવિધ વિભાગાધ્યક્ષશ્રીઓને મળીને શૈક્ષણિક બાબતોમાં નવિનતા લાવવા પરસ્પર થેલસ સુચનો અને અભિપ્રાય લાભપ્રદ હોવાની વાત કરી હતી. આ તકે કોમર્સ એન્ડ મેનેજમેન્ટ વિભાગાધ્યક્ષ ડો.ભાવસિહજી ડોડીયા એ યુનિ.નાં અતીથી બની અનુસ્નાતક ભવનનાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરૂ પાડવા બદલ ડો.મમતા પ્રજાપિનો આભાર વ્યક્ત કરી યુનિ. યુનિ. પરિવાર વતી સત્કાર્યા હતા. અને યુનિ.નાં શૈક્ષણિક કાર્ય અને માળખાગત વ્યવસ્થાની વાત કરતા જણાવ્યુ હતુ કે પ્રાથમિક શાળા થી યુનિવર્સિટી સુધી શિક્ષણની યોગ્ય રીતે સ્પષ્ટ સ્વદેશી શિક્ષણને પ્રોત્સાહન આપતી શિક્ષણની સુસંગત નીતિથી આજે વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય શિક્ષણનીતિનાં નવા આયામો સર કરવા આગળ વધી રહ્યા છે. ભારતમાં યુનિવર્સિટી શિક્ષણના ધોરણોના સંકલન, નિર્ધારણ અને જાળવણી માટે ભારત સરકારની વૈધાનિક સંસ્થા કાર્ય કરી રહી છે. કોમર્સ વિભાગનાં અધ્યાપક ડો. દિનેશ ચાવડાએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યુ હતુ કે પ્રાચીન ભારતથી લઈને આધુનિક ભારત સુધી, ઉચ્ચ શિક્ષણ હંમેશા ભારતીય ઈતિહાસમાં અગ્રણી સ્થાન ધરાવે છે. પ્રાચીન સમયમાં, નાલંદા, તક્ષશિલા અને વિક્રમશિલા યુનિવર્સિટીઓ ઉચ્ચ શિક્ષણ માટે પ્રખ્યાત સ્થળો હતી, યુજીસી દેશની એકમાત્ર ગ્રાન્ટ આપતી એજન્સી હોવાનો અનોખો ગર્વ ધરાવે છે, જેને બે જવાબદારીઓ જેવી કે ભંડોળ પૂરું પાડવાની અને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં ધોરણોનું સંકલન, નિર્ધારણ અને જાળવણી.

# ગુજરાતી સાહિત્ય પરિષદના આંગણે બાળ રંજન રંગારંગ સભાની ઉજવણી...





અમદાવાદ: ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે તાજેતરમાં શ્રીમતી રાધિકા શિરીષ પરીખ બાળકિશોર સાંસ્કૃતિક ભવન ખાતે પ્રસ્તુત વાર્તારસની મસ્ત મજેદાર ઉજાણી થઈ હતી. જેમાં વાર્તા, જોડકણા, ઉખાણા, ગીતો સાથે હાસ્યની રંગતમાં બાળકો તરબતર થયા હતા. આ ઉજાણીમાં સર્જક તરીકે ડૉ.નટવર ગોહેલ, ડૉ. અવિનાશ પરીખ, પ્રકાશ કુબાવત, હેમંત વાળા અને ડૉ.સ્નેહલ નિમાવત હાજર રહ્યા હતા. આ કાર્યક્રમના સંયોજક છે નટવર ગોહેલ, સ્નેહલ નિમાવત અને અવિનાશ પરીખ. સંચાલન સ્નેહલ નિમાવતે કર્યું હતું. જ્યારે આયોજકો છે શ્રી સમીર ભટ્ટ, ભીખેશ ભટ્ટ, ભરત મહેતા, સંધ્યા ભટ્ટ, સેજલ શાહ,અને રૂપા શેઠ ( મંત્રીશ્રીઓ). કાર્યક્રમનું સ્થળ શ્રીમતી રાધિકા શિરીષ પરીખ બાળ કિશોર સાંસ્કૃતિક ભવન, ગુજરાત સાહિત્ય પરિષદ અમદાવાદ હતું. બાળકોએ મન મૂકીને મજા કરી હતી. વાર્તા, જોડકણા, કવિતા અને ઉખાણાંની ભરમાર થઈ ગઈ હતી. સમગ્ર કાર્યક્રમ બાળકોની ગુંજથી જીવંત થઈ ઊઠ્યું હતું. બાળકોને ઉખાણામાં અને જોક્સમાં બહુ મજા આવી.

## "તેરા તુજકો અર્પણ" ૦૯ અરજદારોના ખોવાયેલ મુદ્દામાલ મૂળ માલીકને પરત અપાવતી જૂનાગઢ નેત્રમ શાખા.

નરેન્દ્ર દવે જૂનાગઢ | જૂનાગઢ તા.૧૬. જૂનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી રાજેન્દ્રસિંહ ચુડાસમાં તથા જૂનાગઢ જિલ્લાના ઈન્ચા. પોલીસ અધિક્ષકશ્રી બી.સી.ઠક્કર તથા ડી.વાય. એસ.પી.શ્રી એ.એસ.પટણીના માર્ગદર્શન હેઠળ નેત્રમ શાખાના પી.એસ. આઈ. એચ.પી. મકવાણા તેમજ નેત્રમ શાખાના પોલીસ સ્ટાફ દ્વારા ૦૯ અરજદારોના અલગ-અલગ વિસ્તારોમાં ખોવાયેલ મોબાઈલ ફોન નંગ-૨ તથા અન્ય કિંમતી સામાન મળી કુલ કિંમત રૂ.૩૬,૬૦૦/ નો મુદ્દામાલ વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત ઈન્સ્ટોલ કરવામાં આવેલ CCTV કેમેરાની મદદથી શોધી મૂળ માલીકને તાત્કાલીક પરત અપાવી સુરક્ષા સાથે સેવાનું ઉત્તરદાયિત્વ નિભાવી *પોલીસ પ્રજાનો મિત્ર છે" એ સૂત્રને સાર્થક કરવામાં આવેલ છે.

# ભીમ આર્મી ભારત એકતા મિશન નખત્રાણા ટીમ દ્વારા ફૂલહાર અર્પણ, બાળકો સાથે કેક કાપી ઉજવણી



જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા ખાતે ભીમ આર્મી ભારત એકતા મિશન નખત્રાણા ટીમ દ્વારા બહુજન સમાજના મહાનાયક કાશીરામ સાહેબની 92મી જન્મજયંતી નિમિત્તે કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ભીમ આર્મી એકતા મિશનના કાર્યકર્તાઓએ માન્યવર કાશીરામ સાહેબના ફોટાને ફૂલહાર અર્પણ કરી શ્રદ્ધાંજલિ આપી હતી. સાથે સાથે બહુજન સમાજ માટે તેમના દ્વારા કરાયેલા મહાન કાર્યોને યાદ કરી તેમને શ્રદ્ધાસુમન અર્પણ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન નાના નાના ભૂલકાઓ સાથે કેક કાપીને જન્મજયંતીની ખુશી વ્યક્ત કરવામાં આવી હતી. કાર્યક્રમમાં કચ્છ જિલ્લા પ્રભારી લક્ષ્મણ વાઘેલા, મહિલા વિંગ કચ્છ જિલ્લા પ્રમુખ ભારતીબેન ગરવા, નખત્રાણા તાલુકા પ્રમુખ દિનેશ ખોખર, મહામંત્રી હીરજી જે. ભદ્રુ, નખત્રાણા મહિલા પ્રમુખ રાધાબેન વાઘેલા, ઉપપ્રમુખ ચેતનાબેન ગોસ્વામી, ખીમજી મારવાડા, હાજી મુસા કુંભાર, શહેર પ્રમુખ રમેશ લોચા, બીપીન ગેડીયા, ચીમનલાલ પુરાણીયા, અભય વાઘેલા, કાજલબેન વાઘેલા, પુનમબેન વાઘેલા, દિયા ગરવા સહિતના આગેવાનો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ અંગે માહિતી ભીમ આર્મીના કચ્છ જિલ્લા મીડિયા કન્વીનર માવજી હિંગણાએ આપી હતી.

# મૃતક વનકર્મીની બે પુત્રીઓને ભણતર ખર્ચ સંસ્થા ઉઠાવશે



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

પરિવારના આધાર સ્તંભનું મૃત્યુ થતાં ૫૧ હજારનું અનુદાન પણ અપાયું નાની મોણપરી ખાતે તા. ૪ જાન્યુઆરીને સિંહણના રેસ્કયુ દરમ્યાન બેભાન કરવાની ગન લાગી જતાં વિસાવદર વનવિભાગના કર્મચારી અશરફ ચૌહાણનું મોત થયું હતું. તેમના આકસ્મિક નિધનથી તેમના માતા-પિતા તથા તેમના પત્ની અને બે નાની દીકરીઓ મુશ્કેલીમાં મુકાયા છે. સમગ્ર કુટુંબના તેઓ એકમાત્ર આધારસ્તંભ હતા તેના નિધનથી પરિવારને આવેલી આફતમાં મદદ થવા સંસ્થાએ પ્રયત્ન કર્યો છે.વન શહીદ અશરફભાઈના પરિવારને ગુજરાતભરના વનકમીઓ, અધિકારીઓ તથા સંસ્થાઓ તરફથી નાની મોટી આર્થિક મદદ મળી હતી. અખિલ ભારતીય સાધુ સમાજના પ્રમુખ મુક્તાનંદ બાપુ તેમજ વન વિભાગના અધિકારીઓની પ્રેરણાથી મૃતકના પરિવારને મુક્તાનંદ બાપુ પ્રેરિત માવજત ફાઉન્ડેશન તરફથી એકાવન હજાર નો ચેક તેમજ વન શહીદ અશરફભાઈની બંને દીકરીઓ જ્યાં સુધી ભણે ભણે ત્યાં સુધીનો ભણતર ખર્ચ સંસ્થા ઉઠાવશે.

# જૂનાગઢ જિલ્લામાં મકાન,ઔદ્યોગિક એકમ, ઓફિસ, દુકાન ,ગોડાઉન જાણ કર્યા સિવાય કોઈને ભાડે આપી શકાશે નહીં

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ,તા.૧૬ જૂનાગઢ જિલ્લામાં કોઈ પણ મકાન, ઔદ્યોગિક એકમ, ઓફિસ, દુકાન, ગોડાઉન, કોલ્ડસ્ટોરેજના માલિક સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે જાણ કર્યા સિવાય કોઈને મકાન ભાડે આપે શકાશે નહીં એ માટેનું જૂનાગઢ જિલ્લા અધિક કલેક્ટરશ્રી દ્વારા એક જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જૂનાગઢ જિલ્લામાં આવેલા ઔદ્યોગિક એકમોમાં પરપ્રાંતના માણસો કામધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ કોઈ વ્યક્તિ સ્થાનીકે ભાડેથી મકાન કે અન્ય એકમ લઈ સ્થાનિક માણસો સાથે ભળી જઈ બદ ઈરાદો પાર ન પાડે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીની પગલા આવશ્યક જણાય છે. જે અન્વયે જૂનાગઢ જિલ્લા અધિક કલેક્ટર શ્રી બી.એસ.બારડ દ્વારા તેમને મળેલ સત્તાની રૂ એ એક જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ જાહેરનામાં મુજબ જૂનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન,ઔદ્યોગિક એકમ, ઓફિસ, દુકાન, ગોડાઉન, કોલ્ડસ્ટોરેજ ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને ભાડેથી આપી શકશે નહીં. ભાડે આપેલ મકાન કે અન્ય એકમની વિગત ભાડુઆત અને સંબંધિત દલાલ કે જેઓએ ભાડુઆત અને સંબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નજીકના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

આ જાહેરનામાનો તાત્કાલિક અસરથી તા.૧૩/૦૫/૨૦૨૬ સુધી અમલમાં રહેશે. આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

# જુના મોબાઈલ ફોન/લેપટોપનાં વિક્રેતાઓ એ ખરીદનારનું નામ સરનામુ અને ઓળખ રજીસ્ટ પર નિભાવવુ ફરજિયાત

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૬ રાજ્યમાં બનતા ગુન્હાનઓમાં મોબાઈલ ફોનનો ઉપયોગ થાય છે. તેમજ ચોરીનાં ગુન્હાઓનું પ્રમાણ વધ્યુ હોય, ગુન્હાહઓમાં વપરાયેલ અથવા વપરાય ગયેલ મોબાઈલ ફોનના ઈ. એમ.ઈ. આઈ.નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હારના મુળ સુધી પહોંચવાનાં પ્રયાસો કરવામાં આવે છે. ઘણી વખત મોબાઈલ ફોનનાં વપરાશ કર્તાઓ સુધી પહોંચવામાં આવે ત્યાંરે જાણવા મળે અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ/ લેપટોપ ખરીદેલ છે. જે મોબાઈલ / લેપટોપ વેચનાર/ખરીદનારને ચોરાયેલ અથવા ગુન્હા માં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી. જેથી ગુન્હાવઓની તપાસમાં કોઈ ફળદાયી હકીકત મળતી નથી. આરોપીને પકડી પાડવા તેમજ મોબાઈલ/લેપટોપ ચોરીના ગુન્હાઓને અટકાવી શકાય અને ગુન્હાઓના મુળ સુધી પહોંચી શકાય તે માટે જુના મોબાઈલના વપરાશકારે મોબાઈલ કોની પાસેથી ખરીદ્યો અથવા કોને વેચ્યો તે જાણવુ જરૂરી છે. આથી જુના મોબાઈલ ફોન/લેપટોપનાં લે-વેચનો વ્યદવસાય કરતા વિક્રેતાઓએ મોબાઈલ/લેપટોપ લેતા અગાઉ મોબાઈલ/લેપટોપ વેંચનારનું નામ, સરનામુ નોંધવુ ફરજિયાત છે.

# જૂનાગઢ જિલ્લામાં સાયકલ અને ઈલેક્ટ્રિક વાહનોના વેચાણ માટે ઓળખ ફરજિયાત

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૬ ભૂતકાળમાં જાહેર જનતાની અવર-જવર વધુ પ્રમાણમાં થતી હોય તેવા જાહેર સ્થળો, જગ્યાઓ પર સાયકલ, મોટર સાયકલ કે ફોર વ્હીલરમાં બોમ્બ જેવી વિસ્ફોટક સામગ્રીઓ ગોઠવીને બ્લાસ્ટ થકી ભયાવહ કૃત્યને અંજામ આપવામાં આવેલ હોવાનું તથા ભવિષ્યમાં પણ આવી ઘટનાઓની શક્યતાને નકારી શકાય નહિ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી બી.એસ.બારડ ને મળેલ સત્તાની રૂએ જૂનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં વાહનોની લે-વેચ કરનાર વ્યક્તિઓએ જૂનાગઢ જિલ્લામાં સાયકલ તેમજ બેટરીથી ચાલતા ઈલેક્ટ્રીક ટુ વ્હીલર, થ્રી વ્હીલર, ફોર વ્હીલર વેચનાર દુકાનો ધરાવનારા માલિકો, સંચાલકો, એજન્ટો દ્વારા આવા વાહનોના વેચાણ સમયે અવશ્ય બિલ આપવું અને તેની સ્થળ પ્રત કબજામાં રાખવી. વેચાણ લેનાર ગ્રાહકનું ડ્રાઈવીંગ લાઈસન્સ, પાનકાર્ડ, ચૂંટણી ઓળખકાર્ડ, રેશનકાર્ડ, આધારકાર્ડ કે નોકરી કરતા હોય તો ત્યાનું ઓળખપત્ર કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવા કે મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્યશ્રી, સંસદ સભ્યશ્રી, કોઈ પણ ખાતાના રાજ્યપત્રિત અધિકારીશ્રી તરફથી મેળવેલ ઓળખપત્ર, પ્રમાણપત્ર પૈકી કોઈ પણ એક વૈધ (Valid) પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી વેંચાણ કરનારે મેળવવાનો રહેશે. વેચાણ બિલમાં ખરીદનારનું પુરૂ નામ સરનામું, સંપર્ક માટે ટેલીફોન, મોબાઈલ નંબર લખવો. વેચાણ બિલમાં સાયકલ, બેટરીથી સંચાલિત વાહનના ફ્રેમ નંબર, ચેસીસ નંબર અવશ્ય લખવાના રહેશે. ઉક્ત પ્રતિબંધાત્મક જાહેરનામું તાત્કાલિક અસરથી આગામી તા. ૧૩/૦૫/૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા મગફળી અને સોયાબીન બિયારણ માટે તા.૧૮ માર્ચ થી ઓનલાઈન નોંધણી શરૂ થશે

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ,તા.૧૬ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા આગામી ખરીફ-૨૦૨૬ ઋતુમાં વાવેતર માટે મગફળીની GJG-32, GG-23, GG-35, GG-39 (સર્ટીફાઈડ/ ટ્રુથફૂલ) તથા સોયાબીનની GS-4 (ટ્રુથફૂલ) બિયારણના વેચાણ માટેની ઓનલાઈન નોંધણી માટેની અરજી જૂ.કૃ.યુ. ની વેબસાઈટ www.jau.in ઉપર તા.૧૮-૦૩-૨૦૨૬ થી તા.૩૦-૦૩-૨૦૨૬ સુધી કરવાની રહેશે.

ખેડૂતમિત્રોએ બંને પાકમાંથી કોઈ પણ એક પાકનું એક જાતનું બિયારણ મેળવવા માટે અરજી કરવી એટલે કે જે ખેડૂતમિત્રએ જે પાક અને જાત માટે અરજી કરી હશે તેજ પાક અને જાતનું બિયારણ મળવાપાત્ર થશે. ખેડૂત મિત્રોની જેમની અરજી મંજુર થશે તેઓને અરજીમાં રજીસ્ટર કરેલ મોબાઈલ નંબર ઉપર બિયારણના વેચાણ/ વિતરણ અંગેની SMS થી જાણ કરવામાં આવશે. બિયારણ સીડ હબ ગોડાઉન (યુનિવર્સીટી ગેટ નંબર-3), બીજ વિજ્ઞાન અને તકનિકી વિભાગ, કૃષિ મહાવિદ્યાલય, જૂ.કૃ.યુ., જૂનાગઢ ખાતે લેવા આવવું પડશે. ખેડૂત મિત્રોએ કરેલ અરજીના અનુસંધાનમાં તેમણે પસંદ કરેલ મગફળી અથવા સોયાબીનની જાતનું બિયારણ તે જાતનો જથ્થો ઉપલબ્ધ હશે ત્યાં સુધી અરજી દીઠ વધુમાં વધુ બે હેક્ટરની મર્યાદામાં મગફળીમાં ૧૦ બેગ (૩૦૦ કિ.ગ્રા. ડોડવા) મળવાપાત્ર થશે. જ્યારે સોયાબીનમાં અરજીદીઠ વધુમાં વધુ ૫ બેગ (૧૨૫ કિ.ગ્રા) મળવાપાત્ર થશે. ખેડૂત મિત્રોની જેમની અરજી મંજુર થશે તેઓને અરજીમાં રજીસ્ટર કરેલ મોબાઈલ નંબર ઉપર બિયારણના વેચાણ/ વિતરણ અંગેની SMS થી જાણ કરવામાં આવશે. ઓનલાઈન અરજીમાં રજીસ્ટર કરેલ મોબાઈલ નંબર પર DND એક્ટીવ હશે તો તે ખેડૂતોને બિયારણ ખરીદીનો SMS મળતો નથી. તો જે ખેડૂતમિત્રોના મોબાઈલમાં આ સુવિધા હોય તો તેને દુર કરવી. ઘણી વાર નેટવર્ક પ્રોબ્લેમ કે અન્ય કોઈ કારણોસર પણ SMS મળતો નથી. તો તેના માટે થઈને જૂનાગઢ કૃષિ યુનિવર્સીટીની વેબસાઈટ www.jau.in ઉપર અરજી મંજુર થયેલ ખેડૂતમિત્રોનું લીસ્ટ મુકવામાં આવે છે. જેમાં આપનું નામ હોઈ અને મેસેજ મળેલ ન હોય તો તે ખેડૂતોએ લીસ્ટમાં જણાવેલ તારીખમાં બિયારણ લેવા આવી જવું. આમ, બિયારણ વિતરણ અને પાકના ભાવ સબંધિત માહિતી તેમજ ખેડૂતમિત્રોની મંજુર થયેલ યાદીનું લીસ્ટ જોવા માટે યુનિવર્સીટીની વેબસાઈટ www.jau.in દરરોજ જોતા રહેવું. વધુ માહિતી માટે બીજ વિજ્ઞાન અને તકનિકી વિભાગ, કૃષિ મહાવિદ્યાલય, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢના ફોન નંબર ૦૨૮૫-૨૬૭૨૦૮૦-૯૦ પર સંપર્ક કરવા એક યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

# તાપમાનનો પારો ગગડ્યો:- કાળઝાળ ગરમી બાદ મેઘમહેર જેવો માહોલ..

ડાંગ | દક્ષિણ ગુજરાતના ડાંગ જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલી કાળઝાળ ગરમી બાદ હવે વાતાવરણમાં મોટો પલટો જોવા મળ્યો છે. અગાઉ વઘઈ અને આહવા જેવા વિસ્તારોમાં તાપમાનનો પારો 43 ડિગ્રીને પાર પહોંચી જતા લોકો તોબા પોકારી ઉઠ્યા હતા, પરંતુ હાલમાં તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થતાં સમગ્ર પંથકમાં ઠંડક પ્રસરી છે. તાજા અહેવાલો મુજબ, વઘઈમાં તાપમાન ઘટીને 37 ડિગ્રી અને જિલ્લા મથક આહવામાં 35 ડિગ્રી નોંધાયું છે. ખાસ કરીને હિલ સ્ટેશન સાપુતારામાં તાપમાનનો પારો સીધો 28 ડિગ્રી પર આવી જતાં પ્રવાસીઓ અને સ્થાનિકોમાં ખુશીની લહેર જોવા મળી રહી છે.આ ઉપરાંત સુબીર પંથકમાં પણ 31 ડિગ્રી તાપમાન સાથે ગરમીમાં મોટી રાહત મળી છે.

## સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીનો ૨૧મો પદવીદાન સમારોહ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને યોજાયો






# ૫૧૦ વિદ્યાર્થીઓને પદવી એનાયત

## ૩૬ તેજસ્વી તારલાઓને ૩૯ સુવર્ણચંદ્રકો એનાયત

### સત્યના માર્ગે ચાલી મેળવેલા જ્ઞાનનો રાષ્ટ્ર હિતમાં ઉપયોગ કરવો જોઈએ: જમીનનો ઓર્ગેનિક કાર્બન વધારવા અને સ્વાસ્થ્યપ્રદ ખોરાક માટે પ્રાકૃતિક કૃષિ જ એકમાત્ર વિકલ્પ

પાલનપુર | સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીનો ૨૧મો પદવીદાન સમારોહ આજે રાજ્યપાલ તથા યુનિવર્સિટીના કુલાધિપતિ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ ગરિમામય સમારોહમાં રાજ્યપાલશ્રીના હસ્તે વિવિધ વિદ્યાશાખાના ૩૬ તેજસ્વી વિદ્યાર્થીઓને તેમની વિશિષ્ટ શૈક્ષણિક સિદ્ધિઓ બદલ ૩૯ સુવર્ણચંદ્રકો એનાયત કરવામાં આવ્યા હતા. તેમાં ૭ ચાન્સેલર ગોલ્ડ મેડલ, ૬ વાઈસ ચાન્સેલર ગોલ્ડ મેડલ અને ૨૬ ડોનર ગોલ્ડ મેડલનો સમાવેશ થાય છે. ઉપરાંત યુનિવર્સિટીની વિવિધ ફેકલ્ટીના કુલ ૫૧૦ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરી દીક્ષિત કરવામાં આવ્યા હતા, જેમાં ૩૦૨ સ્નાતક, ૧૫૪ અનુસ્નાતક અને ૫૪ વિદ્યાર્થીઓને પીએચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત થઈ હતી.આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ પદવીધારકોને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે પ્રાચીન સમયથી દેશમાં ગુરુ-શિષ્યનો સંબંધ અત્યંત પવિત્ર માનવામાં આવ્યો છે. શિક્ષણના આદાન-પ્રદાન અને દિક્ષાંત સમારોહ થકી ગુરુ દ્વારા વિદ્યાર્થીઓને અંતિમ ઉપદેશ આપવામાં આવે છે. એક વિદ્યાર્થી પાસે સમાજ, પરિવાર અને દેશ શું અપેક્ષા રાખે છે તેનું ધ્યાન રાખવું જોઈએ. પ્રાચીન સમયથી ગુરુ દ્વારા વિદ્યાર્થીને પ્રથમ ઉપદેશ તરીકે સત્ય આધારિત જીવન જીવવાની પ્રેરણા આપવામાં આવે છે. સત્ય અજેય છે અને તે અંધકારમાંથી ઉજાસ તરફ દોરી જાય છે. બીજો ઉપદેશ જીવનમાં એવા દિવ્ય ગુણોને અપનાવવાનો છે, જેનાથી દરેકને સુખ અને શાંતિ મળે, જ્યારે ત્રીજો ઉપદેશ એ છે કે વિદ્યાર્થીએ જે વિષયનો અભ્યાસ કર્યો હોય તેની સાથે સતત જોડાયેલા રહી પોતાનું જ્ઞાન કુટુંબ, સમાજ અને રાષ્ટ્રના હિતમાં ઉપયોગી બનાવવું જોઈએ. તેમણે જણાવ્યું કે, ખેડૂત ખેતરમાં જવાનું છોડી દે અને વિદ્યાર્થી અભ્યાસ છોડી દે તો બંનેનું કાર્ય નિરર્થક બની જાય છે. રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, એક વિદ્યાર્થી માટે માતા-પિતા અને ગુરુ હંમેશા પૂજનીય છે. દરેક વિદ્યાર્થીએ દેશના હિતમાં સારું કાર્ય કરવાની દિશામાં પ્રયત્ન કરવો જોઈએ. તેમણે દેશની કૃષિ વ્યવસ્થાના ઈતિહાસનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે 60 ના દશકામાં ભારત અન્નક્ષેત્રે અન્ય દેશો પર નિર્ભર હતું. તે સમયે વૈજ્ઞાનિક ડૉ. એમ. એસ. સ્વામીનાથને દેશને હરિત ક્રાંતિનો માર્ગ બતાવ્યો હતો. તેમના રિપોર્ટ અનુસાર તે સમયે દેશની જમીનમાં ઓર્ગેનિક કાર્બન 2 થી 2.5 ટકા હતો. તેમણે રાસાયણિક ખાતર ઉપરાંત પરંપરાગત ખેતી ચાલુ રાખવા ભલામણ કરી હતી. પરંતુ સમયાંતરે રાસાયણિક ખાતરોનો ઉપયોગ વધતા આજે જમીનનો ઓર્ગેનિક કાર્બન ખૂબ જ ઘટી ગયો છે. તેમણે જણાવ્યું કે, પ્રાકૃતિક ખેતી જમીનમાં ઓર્ગેનિક કાર્બન વધારવામાં મદદરૂપ બને છે, જ્યારે રાસાયણિક ખાતર તેને ઘટાડે છે. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ "શ્રી અન્ન" પુસ્તકનું વિમોચન કર્યું હતું તેમજ યુનિવર્સિટીના નવા ગેટ અને વેબસાઈટને ખુલ્લી મૂકી હતી. દીક્ષાંત પ્રવચન આપતા રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ કૃષિના વિદ્યાર્થીઓને પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે નવા સંશોધનો કરીને કૃષિ સમૃદ્ધિનો નવો માર્ગ કંડારવા અનુરોધ કર્યો હતો.આ પ્રસંગે યુનિવર્સિટીના કુલપતિ ડૉ. એસ. ડી. સોલંકીએ જણાવ્યું હતું કે 'એજ્યુકેશન વર્લ્ડ ઈન્ડિયા હાયર એજ્યુકેશન રેન્કિંગ ૨૦૨૫-૨૬'માં યુનિવર્સિટીએ દેશભરમાં ૧૧મો ક્રમ પ્રાપ્ત કર્યો છે. ઘઉં અને દિવેલા (અરંડી) સંશોધન કેન્દ્રોને રાષ્ટ્રીય સ્તરે સર્વશ્રેષ્ઠ એવોર્ડ મળ્યા છે. આ વર્ષે વૈજ્ઞાનિકો દ્વારા ખેડૂત સમુદાય માટે નવી ભલામણો રજૂ કરવામાં આવી છે. પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે યુનિવર્સિટીએ ૯૬ ગામો દત્તક લીધા છે અને વિવિધ સંશોધન કેન્દ્રોમાં કામગીરી પ્રગતિમાં છે. તેમણે જણાવ્યું કે, યુનિવર્સિટી દ્વારા શિક્ષણ અને સંશોધન સાથે માળખાકીય સુવિધાઓમાં પણ નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે, જેમાં અરવલ્લીમાં નવું કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (KVK) તથા વાવ-થરાદ ખાતે કૃષિ ઈજનેરી કોલેજની સ્થાપનાનો સમાવેશ થાય છે. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ પર ભાર મૂકતા તેમણે જણાવ્યું કે આ વર્ષે ૩૧ વિદ્યાર્થીઓએ નેટ (NET) પરીક્ષા પાસ કરી છે અને રૂરલ બિઝનેસ ઈન્ક્યુબેશન સેન્ટર દ્વારા ૧૪૦ સ્ટાર્ટઅપ્સને સહયોગ આપવામાં આવ્યો છે. અંતમાં પદવી મેળવનાર વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી તેમણે વિદ્યાર્થીઓને નૈતિકતા અને નિષ્ઠા સાથે રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપવા આહવાન કર્યું હતું.આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે આઈ.સી.એ.આર, નવી દિલ્હીના એ.ડી.જી. ડૉ. સંજીવ ગુપ્તાએ દીક્ષાંત ઉદ્બોધન કરતા પદવીધારકોને આજના સ્પર્ધાત્મક યુગમાં જ્ઞાન સાથે કૌશલ્ય વિકસાવવાની અને કૃષિ ક્ષેત્રે નવા સ્ટાર્ટઅપ શરૂ કરી 'નોકરી લેનાર'ને બદલે 'નોકરી આપનાર' બનવાની પ્રેરણા આપી હતી.આ પદવીદાન સમારંભમાં બેસ્ટ ટીચરનો એવોર્ડ ડૉ. આર. એસ. જૈમનને, બેસ્ટ સંશોધનકર્તાનો એવોર્ડ ડૉ. એલ. ડી. પરમારને અને બેસ્ટ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રીનો એવોર્ડ ડૉ. સચીન માળવેને એનાયત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ધાનેરા વિધાનસભાના ધારાસભ્ય શ્રી માવજીભાઈ દેસાઈ, જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. વી. પી. ચોવટીયા, કામધેનુ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. પી. એચ. ટાંક, જિલ્લા કલેક્ટર શ્રી મિહીર પટેલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી એમ. જે. દવે, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી પ્રશાંત સુમ્બે, ભૂતપૂર્વ કુલપતિશ્રીઓ, કેન્દ્ર નિયામકો, મેનેજમેન્ટ બોર્ડના સભ્યો, શિક્ષણ-સંશોધન અને વિસ્તરણ કાઉન્સિલના સભ્યો, કૃષિ વૈજ્ઞાનિકો, પ્રાધ્યાપકો તથા પદવીધારકોના વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ સરદારકૃષિનગર કૃષિ યુનિવર્સિટી સ્થિત શાકભાજી સંશોધન કેન્દ્રની મુલાકાત લીધી હતી. યુનિવર્સિટી દ્વારા આ ફાર્મ ઉત્તર ગુજરાતમાં થતા તમામ પાકોનું સંશોધન, નવીન વેરાયટી બનાવવામાં આવે છે. પ્રાકૃતિક ખેતી થકી ડુંગળી, બીટ, ટામેટા, ધાણા સહિતના શાકભાજી પાકોનું વાવેતર કરાય છે. રાજ્યપાલશ્રીએ ખેત તલાવડી, ઓટોમેટિક જીવામૃત મશીન વગેરેનું નિરીક્ષણ કર્યું હતું.

# અખિલ ભારતીય પ્રતિનિધિ સભા, સમાલખા, હરિયાણા

### અખિલ ભારતીય સ્તરે અને સૌરાષ્ટ્રમાં સંઘકાર્યમાં વૃદ્ધિ.




રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સૌરાષ્ટ્ર પ્રાંતના સંઘચાલક મા. શ્રીમુકેશભાઈ મલકાણ જણાવે છે કે, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની અખિલ ભારતીય પ્રતિનિધિ સભા સમાલખા, હરિયાણા ૧૩ થી ૧૫ માર્ચ ૨૦૨૬ દરમિયાન યોજાઈ ગઈ. આ પ્રતિનિધિ સભામાં પૂ. સરસંઘચાલક માન.શ્રી મોહનજી ભાગવત, સરકાર્યવાહ માન. શ્રીદત્તાત્રેય હોસબાલે, સહિત તમામ છ સહ સરકાર્યવાહ વિવિધ સંગઠનોના ૧૪૯૩ કાર્યકરો અપેક્ષિત હતા જેમાંથી ૧૪૩૮ ઉપસ્થિત હતા.

બેઠકની શરૂઆત ભારતમાતાને પુષ્પાંજલી અને દીપ પ્રાગટ્યથી થઈ. સમાજ જીવનના વિવિધ ક્ષેત્રોમાં અગ્રેસર રહેલા અને તાજેતરમાં દિવંગત થયેલા મહાનુભાવોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી જેમાં પૂ. સદગુરુદાસ મહારાજ (શ્રી વિજયરાવ દેશમુખ): વિદર્ભ , ડૉ. માધવ ગાડગિલ - પર્યાવરણ વૈજ્ઞાનિક, શિવરાજ પાટીલ - ભૂતપૂર્વ ગૃહમંત્રી ભારત સરકાર, કે. એન. દીક્ષિત પદ્મભૂષણ, વિખ્યાત પુરાતત્વવિદ, અજિત પવાર - મહારાષ્ટ્ર રાજ્યના ઉપમુખ્યમંત્રી, ધર્મેન્દ્ર (ધરમસિંગ) દેઓલ - અભિનેતા અને પૂર્વ સાંસદ, સુલક્ષણા પંડિત - સુપ્રસિદ્ધ અભિનેત્રી, શ્રીમતી સિમોન દુનોયર ટાટા - ઉદ્યોજક - લેક્મે ની ચેરપર્સન, સૌરાષ્ટ્રના કિશોરભાઈ કોટક- જૂનાગઢના મા. વિભાગ સંઘચાલકજી તેમજ શ્રી હસમુખભાઈ પંડ્યા -જૂનાગઢ વિભાગ કાર્યવાહ સહિત મહાપુરુષોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી.

દેશ ભરમાં એક વર્ષમાં ૫૮૨૦ શાખા વધી

દેશમાં ૫૫,૬૮૩ સ્થળો પર દરરોજ કુલ ૮૮,૯૪૯ નિત્ય શાખાઓ થાય છે. ગયા વર્ષે ૫૧,૭૪૦ સ્થાનો પર નિત્ય શાખાની સંખ્યા ૮૩,૧૨૯ હતી. આમ દૈનિક શાખાઓમાં ગયા વર્ષ કરતાં ૫,૮૨૦ જેટલી શાખાઓનો વધારો થયો છે. દેશમાં ૩૨,૬૦૬ સાપ્તાહિક મિલન ચાલે છે. ગયા વર્ષે આ સંખ્યા ૩૨,૧૪૭ હતી. આમ સાપ્તાહિક મિલનમાં ગયા વર્ષ કરતાં ૪૫૯નો વધારો થયો છે. દેશમાં ૧૩,૨૧૧ સ્થાનો પર માસિક મિલન ચાલે છે. ગયા વર્ષે આ સંખ્યા ૧૨,૦૯૧ હતી.

સૌરાષ્ટ્રમાં સંઘ કાર્ય સ્થિતિ :

સૌરાષ્ટ્ર પ્રાંતમાં એક મહાનગર, અન્ય ૫૦ નગરો તથા ગ્રામીણ વિસ્તારમાં ૧૪ જિલ્લા અંતર્ગત ૧૧૭ તાલુકા આવેલા છે.

## સાપુતારા ઘાટ માર્ગે શેરડીનો જથ્થો ભરેલો ટેમ્પો પલ્ટી, ચાલક-ક્લીનરનો ચમત્કારીક બચાવ...



ડાંગ | ડાંગ જિલ્લામાં સાપુતારાથી વઘઈને જોડતા આંતરરાજ્ય ધોરીમાર્ગ પર બોરીગાવઠા (ચીખલી) ફાટક નજીક આજે ગંભીર અકસ્માત સર્જાયો હતો. મળતી માહિતી મુજબ મહારાષ્ટ્રના નાસિકથી શેરડીનો જથ્થો ભરી સુરત તરફ જઈ રહેલો આઈસર ટેમ્પો અચાનક માર્ગ સાઈડે પલ્ટી મારી જતા અકસ્માત સર્જાયો હતો.અકસ્માતના પગલે ટેમ્પોમાં ભરાયેલો શેરડીનો જથ્થો માર્ગ પર વિખેરાઈ ગયો હતો અને ટેમ્પોને પણ ભારે નુકસાન થયું હતું. જોકે આ અકસ્માતમાં ટેમ્પાના ચાલક અને ક્લીનરનો ચમત્કારીક રીતે બચાવ થયો હોવાનું જાણવા મળ્યું છે.અકસ્માતની જાણ થતા સ્થાનિક લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને પરિસ્થિતિ કાબૂમાં લેવા મદદ કરી હતી. અકસ્માતના કારણે થોડા સમય માટે માર્ગ પર વાહનવ્યવહાર પ્રભાવિત થયો હતો.આ ઘટના અંગે વધુ તપાસ સાપુતારા પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, મહારાષ્ટ્રના નાસિકથી શેરડીનો જંગી જથ્થો ભરીને એક આઈસર ટેમ્પો ગુજરાતના સુરત તરફ જઈ રહ્યો હતો. આ મુસાફરી દરમિયાન ડાંગના ડુંગરાળ માર્ગ પર બોરીગાવઠા ફાટક પાસે ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા ટેમ્પો માર્ગની સાઈડમાં પલટી મારી ગયો હતો. અકસ્માત એટલો જોરદાર હતો કે ટેમ્પોમાં ભરેલી શેરડી રસ્તા પર વિખેરાઈ ગઈ હતી અને વાહનને પણ વ્યાપક નુકસાન થયું હતું.

## પ્રેરક પ્રસંગ:દાન કરતી વખતે કંજૂસાઈ ન કરવી જોઈએ અને પોતાની ક્ષમતા અનુસાર દાન કરવું જોઈએ

એક લોકકથા છે. જૂના સમયમાં એક નાના રાજ્યનો રાજા પ્રજાના હાલ જાણવા માટે સમયાંતરે ફરતો હતો. એક દિવસ રાજા ફરતા ફરતા એક ભિખારી પાસે પહોંચ્યો. તેણે ભિખારીને કહ્યું- "ભાઈ, મને થોડું અનાજ આપી દો. મારા ગુરુએ કહ્યું છે કે આનાથી મારા રાજ્ય પરનું સંકટ દૂર થશે."ભિખારી આશ્ચર્યચકિત થઈ ગયો. તેણે વિચાર્યું- 'એક રાજા મારી પાસે ભીખ માંગી રહ્યો છે. હું ના કેવી રીતે પાડું?' તેણે પોતાની ઝોળીમાં હાથ નાખ્યો અને મુઠ્ઠીભર અનાજ રાજાને આપવા લાગ્યો, પરંતુ મનોમન તે વિચારવા લાગ્યો, 'આટલું અનાજ રાજાને આપીશ તો મારા માટે શું બચશે. વધારે ન આપવું જોઈએ.' તેથી તેણે પોતાની મુઠ્ઠીમાંથી થોડું અનાજ ઝોળીમાં જ છોડી દીધું અને માત્ર થોડુંક જ રાજાને આપ્યું.રાજાએ અનાજ લઈને પોતાના મંત્રીને આપ્યું અને કહ્યું, 'આ અનાજ બરાબરનું ઈનામ ભિખારીને આપજો.' મંત્રીએ ભિખારી માટે એક પોટલી તૈયાર કરી અને તેને આપી દીધી. ભિખારી જ્યારે ઘરે આવ્યો, ત્યારે તેણે પત્નીને આખી વાત કહી. પત્નીએ પોટલી ખોલી અને જોયું કે તેમાં સોનાના સિક્કા હતા.

ભિખારી અને તેની પત્ની બંને ખૂબ જ આશ્ચર્યચકિત થયા. તેમને સમજાયું કે જો તેમણે રાજાને આખું અનાજ આપ્યું હોત, તો તેમને વધુ સોનું મળત. ભિખારીને પસ્તાવો થયો કે તેણે કંજૂસાઈ કરી. બંને પતિ-પત્નીને સમજાઈ ગયું કે દાન કરતી વખતે કંજૂસાઈ ન કરવી જોઈએ.

જરૂરિયાતમંદને ખુશ થઈને આપવું જોઈએ. નાના દાનમાં પણ ખુશી હોય, પરંતુ પોતાની ક્ષમતા અનુસાર દાન આપવું જોઈએ.

પ્રસંગની શીખ

દાન હંમેશા ખુશીથી આપો: જ્યારે આપણે કોઈ જરૂરિયાતમંદને કંઈ આપીએ છીએ, ત્યારે ખુશ થઈને આપો. મનમાં કોઈ અપેક્ષા કે અહંકાર ન રાખો. ખુશીથી આપેલું દાન સૌથી વધુ ફળ આપે છે.

સામર્થ્ય અનુસાર આપો: દાન હંમેશા પોતાની ક્ષમતા અનુસાર કરવું જોઈએ. ખૂબ વધારે આપવાનું વિચારીને પોતાને પરેશાન ન કરો, પરંતુ કંજૂસાઈ પણ ન કરો.

નાની મદદ પણ મહત્વપૂર્ણ છે: મોટું દાન જ જરૂરી નથી. ક્યારેક થોડું અનાજ, કપડાં કે ખાવાની વસ્તુ પણ કોઈના જીવનમાં મોટો બદલાવ લાવી શકે છે.

દાનનો ઉલ્લેખ ન કરો: જે વસ્તુ તમે દાન કરો છો તેનો પ્રચાર ન કરો. તેનાથી દાનનું વાસ્તવિક ફળ મળતું નથી.

નિયમિત દાનની આદત પાડો: દાન એક દિવસનું કામ નથી. સમય-સમય પર દાન કરવાની આદત બનાવો. આનાથી પુણ્ય વધે છે અને મન શાંત રહે છે.

જરૂરિયાતમંદને સમજો: દાન આપતી વખતે વિચારો કે ખરેખર કોને મદદની જરૂર છે. સાચા વ્યક્તિ સુધી મદદ પહોંચાડવાથી તેને અને તમને બંનેને લાભ થાય છે.

દાનથી જીવન સંતુલિત થાય છે: જ્યારે આપણે બીજાની મદદ કરીએ છીએ, ત્યારે આપણા જીવનમાં પણ ખુશી, સંતોષ અને આત્મ-સન્માન વધે છે. સામેવાળા વ્યક્તિને તેની જરૂરિયાતની વસ્તુ મળી જાય છે, આપણને બદલામાં દુઆઓ અને શાંતિ મળે છે.

દાનની અસર લાંબા સમય સુધી રહે છે: દાન માત્ર એક ક્રિયા નથી, પરંતુ આપણા કર્મોનો એક ભાગ છે. તે આપણા જીવન અને ભવિષ્ય બંને પર સકારાત્મક અસર કરે છે.

# ધર્મ અને રાજકારણ અલગ નથી "ઈસ્લામ પોતેજ રાજકારણ છે"

મધ્ય પૂર્વ માં ચાલી રહેલ યુદ્ધ માં ટૂંક સમય પહેલા ઈરાન ના રાષ્ટ્રપતિ આયતુલ્લા ખોમેઈન નું મૃત્યુ એના નજીક ના ખાસ લોકો અને પરિવાર સાથે થયું એ બાદ ઈઝરાયલ નું ઈરાન સાથે ના "યુદ્ધ" નો મકસદ શું હતો? આ મુદ્દા વિશે સમજવા વિચારવા કે વ્યક્ત કરવા જિયો પોલીકિટિક્સ નિષ્ણાતો અસમંજસ છે. કોણ હતા આય્તુલ્લા અલી ખોમેઇન? ઈ.સ ૧૯૭૯ માં આયતુલ્લા રુહોલ્લા ખોમેનેઇ એ ઈસ્લામિક ક્રાંતિ નું નેતૃત્વ કરીને ઈરાન ના પશ્ચિમ સમર્થિત શાહ રઝા મહમદ પાલ્હવી ને હટાવી ને ઈરાન માં ઈસ્લામિક રિપબ્લિકન સામ્રાજ્ય ની સ્થાપના કરી હતી.ઈસ્લામિક રિપબ્લિકન સરકાર ની સ્થાપના બાદ રાજકીય વ્યવસ્થાઓને જડમુળ થી બદલી નાખી હતી. આયતુલ્લા અલી ખોમેઈન માનતા હતા કે ધર્મ અને રાજકારણ અલગ નથી "ઈસ્લામ પોતેજ રાજકારણ છે" આ કારણોસર ઈરાન ની ચલણી નોટો સહિત સ્કૂલો કોલેજો ની બિલ્ડિંગ માં પણ ખોમેઈન ની તસવીરો અંકિત થયેલ છે.

ઈરાન માં રાષ્ટ્રપતિ પદે આયતુલ્લા અલી ખોમેઈન આવ્યા ત્યારે એ લોકો ના લોકપ્રિય ધાર્મિક નેતા હતા. ઈરાન માં જે વ્યક્તિ સર્વોચ્ચ પદ એટલે રાષ્ટ્રપતિ બને છે એ વ્યક્તિ સુપ્રીમ લીડર નું પદ ભોગવે છે રાષ્ટ્રપતિ પાસે રાજકીય,ધાર્મિક અને સૈન્ય નો સંપૂર્ણ કારભાર હોય છે. આમ તો અલી ખોમેઈન નો જન્મ એના દાદાજી ના મૃત્યુ બાદ થયો હતો છતાંય પરિવાર ના મૂળ સંસ્કાર ધાર્મિક મૂલ્યો, આધ્યાત્મિકતા અને સામાજિક જવાબદારી ની ભાવના એના વ્યક્તિત્વ ને "મહાન લીડર" બનવા તરફ પ્રેરી રહી હતી. ઈરાન ના ભવિષ્ય ને બદલી ને પશ્ચિમી એશિયા ના સમીકરણો ને બદલી નાખ્યા હતા એના મૃત્યુ બાદ "રાષ્ટ્રપતિ ની હોદ્દા સાથે જનતા ના દિલો દિમાગ માં ધર્મગુરુ ની છબી" ના કારણે ઈરાન એ અમુક દિવસ નો શોક પાળિયા બાદ લોકપ્રિય નેતા ના દુશ્મનો ને હંફાવવા નો નિર્ણય કર્યો. આયતુલ્લા અલી ખોમેઈન ના મૃત્યુ બાદ અમેરિકા ના રાષ્ટ્રપતિ એ ઘોષણા કરી હતી કે યુદ્ધ સમાપ્તિ ની જલ્દી પ્રેસ કોન્ફરન્સ કરીશુ. વોશિંગ્ટન ની મંજૂરી વગર ઈરાન ના નવા રાષ્ટ્રપતિ ની ઘોષણા થશે નહી જો થશે તો એ લાંબા સમય સુધી ટકશે નહીં. આમ છતાંય આયતુલ્લા અલી ખોમેઈન ના મૃત્યુ ના અઠવાડિયા બાદ ઈરાન એ સર્વોચ્ચ પદ પર એના પુત્ર મોજતોબા ખોમેઈન ચૂંટી લીધા. અમેરિકન રાષ્ટ્રપતિ એ વારંવાર મોહતોબા ખોમેઈન એ નબળા નેતા છે ગણાવ્યા ને નેશનલ સિક્યુરિટી કાઉન્સિલ ના વડા લારીજાની વિશે પણ અપમાનજનક ટીપણી કર્યા કરી છે છતાંય ઈરાન સાથે નું યુદ્ધ અમેરિકન રાષ્ટ્રપતિ ને પડકાર આપી રહ્યું છે.

અમેરિકન પ્રમુખ ની ટિપ્પણીઓનો પડકારતા ઈરાન ના નેશનલ સિક્યુરિટી કાઉન્સિલ લારીજાની એ કહ્યું હતું કે "કોણ શું બોલે છે ને કેમ બોલે છે એનાથી મને ફર્ક પડતો નથી.અમે અમારા નેતાઓ અને લોકોના લોહી નો નિર્દયતા થી બદલો લેશું. ટ્રમ્પે ચૂકવણી કરવી પડશે ને તે કરશે" મને ખાતરી છે. ઈરાન ના વિદેશ પ્રધાન એ કહ્યું હતું કે ઈરાન કોઈપણ સંજોગો માં શરણાગતી સ્વીકારશે નહી ને યુદ્ધ વિરામ ની ઘોષણા કરશે નહી"



યુદ્ધ,કોના માટે?

- રુપાલી દવે

અમેરિકા ની "વોર ગેમ" માં ફાયદો એને અને નુકશાન કોને? વિશ્વને થઈ રહ્યું છે.આ વોર ગેમ એ વિશ્વ ના "peace & huminity" ને સમાપ્ત કરીને અરાજકતા ફેલાવી ને ખુદના પર્સનલ ફાયદા માટે શરૂ થયું હોય એવું વધારે દેખાઈ રહ્યું છે.શસ્ત્ર ઉત્પાદન ના મામલે અમેરિકા ટોપ ફાઇવ માં આવે છે એટલે "યુદ્ધ" ની સ્થિતિ બને તો જ શસ્ત્ર નું વેચાણ થાય. અમેરિકા એના કુલ વાર્ષિક બજેટ માં શસ્ત્ર સરંજામ બનાવવવા પાછળ વધારે બજેટ ખર્ચ કરે છે. છેલ્લા કેટલાય વર્ષોથી યુદ્ધો થતા નહતા એટલે અમેરિકા પાસે થી વિશ્વ બોર્ડર ની સુરક્ષા માટે જ શસ્ત્રો ખરીદતા હતા. જે દેશનું બજેટ એના મુખ્ય વ્યવસાય પર નિર્ભર હોય ત્યાં શસ્ત્ર નું વેચાણ ઓછું થવા લાગે તો એને પોસઇ નહી. ત્યાં ગન રૂલ ની તરફેણ થતી હોવાથી સોળ વર્ષ ના છોકરા થી લઈને નવાણું વર્ષ નો વૃદ્ધ પણ ગન રાખી શકે છે. જે રીતે ભારત દેશ માં બાળકો રમકડા ખરીદવા માટે કકળાટ કરે છે એ જ રીતે અમેરિકન આમ બાળક માટે ગન રમકડા થી વધારે નથી.

એક પાગલ માણસ ના પાગલપન ની પાછળ મુસ્લિમ દેશો એ એકબીજા સાથે મરી કૂટવાના બદલે એક થઈને ચુનૌતી સ્વીકારવાની જરૂરિયાત છે.આ સમય વેરઝેર ભૂલી ને વિશ્વ એકતા અને શાંતિ માટેનો છે.ક્રૂડ ના ભાવ આસમાને..શેર બજાર ડાઉન..સોના ચાંદી ના ભાવ અધધધ.વગેરે સમસ્યા કદાચ વિશ્વ માં બધેય હશે પણ અમેરિકા માં કદાચ નહી હોય.વિશ્વ નો ૭૫% ક્રૂડ નો ભંડાર સાઉદી અરેબિયા ની ખાડી ના દેશોમાં આવેલો છે. આ ઉપરાંત કેનેડા,વેનેઝુલા,અમેરિકા અને રશિયા ની ધરતી માં પણ ક્રૂડ ઓઈલ છે.યુગો પહેલા અંગ્રેજો એ "ભાગલા પાડો ને રાજનીતિ કરો" હાથકાંડો અપનાવી ને વિશ્વ ને પોતાનું ગુલામ બનાવ્યું હતું.આ વાત વિશ્વ ના ગુલામ દેશો એ ભૂલવી જોઈએ નહી તાકતવર દેશો નો હેતુ પરસ્પર લડાઈ કરાવી ને તેલના કુવા પર કબજો કરવાના છે.મુસ્લિમ ધર્મ એ સિયા કે સુન્ની અંતે તો એક જ માર્ગ ના પથિક છે એટલે ખાડી ના દેશો એ અંદરો અંદર લડવાનું બંધ કરવું જોઈએ.

વિશ્વ ના મોટાભાગ ના દેશો માં ક્રૂડ ઓઇલ અને ગેસ વગેરે ખાડી ના દેશો કતાર,ઈરાન,સાઉદી વગેરે દેશો ના પેટાળ માં સૌથી વધારે હોવાથી વિશ્વ માં બધેય સપ્લાઇ થયા બાદ પણ ઉત્પાદન માં ફર્ક પડતો નથી. અમેરિકા અને રશિયા પાસે પણ પૂરતા પ્રમાણ માં તેલ અને ગેસ નો જથ્થો છે પણ માત્ર રશિયા કુદરતી સોર્સ નો વેપાર વિશ્વના બજારમાં કરી રહી છે જ્યારે અમેરિકા એ હજુ સુધી "ક્રૂડ ઓઈલ" ના વેપારક્ષેત્રે ઝંપલાવ્યું નથી. વિચારવા જેવું છે કે જ્યારે ભારત ક્રૂડ ઓઈલ રશિયા પાસેથી લેતું હતું ત્યારે અમેરિકા એ ભારત પર ટેરિફ વધારે નાખ્યું હતું. આ ટેરિફ નાખવા પાછળ અમેરિકા રાષ્ટ્રપતિની દલીલ એ હતી કે જો રશિયા ક્રૂડ ઓઈલ ભારત ને વેચશે તો એનું ફંડ યુક્રેન સાથે ના યુદ્ધ માં વધારે વાપરશે. ટેરિફ ના ચક્કર માં એક સમયે અમેરિકા અને રશિયા ના સબંધો પણ વણસ્યા હતા. હાલ અમેરિકા રાષ્ટ્રપતિ એ જાહેરાત કરી હતી કે રશિયા પાસેથી ભારત ક્રૂડ ઓઈલ લેશે તો સમસ્યા નથી.અમેરિકન રાષ્ટ્રપતિના સતત બદલાતા સ્ટેટ મેંટ ના લીધે એ ખુદને જોકર સાબિત કરવા પ્રયત્ન કરી રહ્યાં છે પણ વિશ્વ શાંતિ ના નામે એણે ઈઝરાઈલ ને ઉશ્કેરી ને છેડેલ યુદ્ધ માં "સંપૂર્ણ કુદરતી સોર્સ" નાશ પામશે તો વિચારો કે દુનિયાની શું દશા થશે? કદાચ અચાનક દુનિયાની વિકાસ ને માર્ગે દોડતી ઈકોનોમિક પર બ્રેક લાગી જશે ભવિષ્ય માં આધુનિક વિકાસ ના માર્ગ પર ચમચમતી મોંઘીદાટ કાર ના કાફલાને બદલે ઘોડા ગાડી, ઊંટ ગાડી અને બળદ ગાડી દોડતી દેખાશે હવાઈ જહાજ,હેલિકોપ્ટર કે વિમાન આપણા ને મ્યુઝિયમ માં જોવા મળશે.લાખો કરોડો અબજો ના હવા,જળ અને આકાશીય શસ્ત્ર સરંજામ નો વેપાર અટકતા એ જંક ખાઈ જશે સાત સમુદ્ર પાર કરવું એ માણસનું એક સ્વપ્નું માત્ર બની ને રહેશે..

શાંત પાણી માં પથરો નાખવાથી તળાવ ના પાણી માં કલાકો સુધી કંપન દેખાશે.વિશ્વ ના દેશોએ તાકતવર દેશો ના સ્વાર્થ ને સમજવાની જરૂર છે. અમેરિકા અને ઇઝરાઇલ નું ઈરાન સાથેનું "યુદ્ધ" એ કુદરતી સંપદા નો વિનાશ નો માર્ગ નક્કી કરશે. બે મહાશક્તિ ના શાસ્ત્રો ના બિઝનેસ ને તાકાત મળે એ સ્વાર્થ માટે "યુદ્ધ" એના માટે અનિષ્ટ અનિવાર્ય છે પણ આધુનિક ટેક્નોલોજી અને મોર્ડન વિચારો એ "યુદ્ધ" ને સમર્થન આપતી નથી માટે યુદ્ધ મેદાની જરૂરી નથી...

## 'સ્વદેશ' બ્રાન્ડે હોલીવુડ સ્ટાર્સને પહેરાવ્યા ભારતીય આભૂષણો

# ઓસ્કાર રેડ કાર્પેટ પર 'મેક ઇન ઇન્ડિયા'નો દબદબો






હાલમાં જ યોજાયેલા વિશ્વપ્રસિદ્ધ ઓસ્કાર એવોર્ડ્સ સમારંભમાં માત્ર ફિલ્મો જ નહીં, પરંતુ ભારતની પરંપરાગત હસ્તકલા અને ઝવેરાતે પણ વૈશ્વિક ફલક પર સૌનું ધ્યાન ખેંચ્યું હતું. રિલાયન્સ ફાઉન્ડેશનના વિઝન હેઠળ કાર્યરત 'સ્વદેશ' બ્રાન્ડ દ્વારા તૈયાર કરાયેલા આઉટફિટ્સ અને જ્વેલરી પહેરીને અનેક આંતરરાષ્ટ્રીય હસ્તીઓ રેડ કાર્પેટ પર ઉતરી હતી. ઝેના રોબર્ટ્સ રાસીએ ઓસ્કાર રેડ કાર્પેટ પર 'સ્વદેશ' અને 'અબુ જાની સંદીપ ખોસલા'નું આઉટફિટ પહેરીને ભારતીય કાપડ કલાની ભવ્યતા વૈશ્વિક સ્તરે પ્રદર્શિત કરી હતી. તેના રેશમી બ્રોકેડ ક્રોપ ટોપમાં આધુનિક પાવર શોલ્ડર્સ સાથે હજારો બીડ્સ (bugle beads), પથ્થરો અને ક્રિસ્ટલ્સનું ઝીણવટભર્યું કામ કરવામાં આવ્યું હતું, જે લાઈટમાં અત્યંત આકર્ષક લાગતું હતું. આ ડિઝાઈન પરંપરાગત 'ઈકત' શૈલી પર આધારિત છે, જેમાં વણાટકામ પહેલાં દોરાઓને બાંધીને રંગવાની ખાસ પદ્ધતિથી અદભૂત ભૌમિતિક પેટર્ન તૈયાર થાય છે. 2000 કલાકથી વધુની મહેનત અને બારીક હેન્ડ-એમ્બ્રોઇડરીથી બનેલો આ બ્લાઉઝ કલા પ્રત્યેના સમર્પણનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડે છે. પ્રીતિકા સ્વરૂપે એલ્ટન જોન એઈડ્સ ફાઉન્ડેશન એકેડેમી વ્યુઈંગ પાર્ટીમાં 'સ્વદેશ' બ્રાન્ડનો અદભૂત નેકલેસ પહેરીને ભારતીય જ્વેલરી કલાને આધુનિક સ્વરૂપે પ્રદર્શિત કરી હતી. ગળાના આકારને અનુરૂપ અત્યંત સુંદર રીતે કંડારેલી 'ઝિપ'(ચેઈન) જેવી આ વિશિષ્ટ ડિઝાઇન કોઈ સામાન્ય મોટિફને પણ હાઈ-જ્વેલરીમાં કેવી રીતે ફેરવી શકાય તેનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. નેકલેસના રનર(pull tab) પર 6 કેરેટનો એમરલ્ડ (નીલમ) જડેલો છે, જેનો ઘેરો લીલો રંગ હીરાની ચમક સાથે અદભૂત મેળ બેસાડે છે. લગભગ 160 કલાકની મહેનત અને બારીક કારીગરીથી તૈયાર થયેલો આ નેકલેસ 'સ્વદેશ'ની એ વિચારધારાને સાર્થક કરે છે, જેમાં ભારતની પ્રાચીન હસ્તકલાને આધુનિક ડિઝાઈન સાથે જોડીને નવું સ્વરૂપ આપે છે.હોલિવૂડના જાણીતા સ્ટાઈલિશ લો રોચ ઓસ્કાર રેડ કાર્પેટ પર એક આકર્ષક બ્રોચ સાથે જોવા મળ્યા હતા. આ બ્રોચની ડિઝાઈન મુંબઈની આઈકોનિક 'ઈરોસ બિલ્ડિંગ'ની આર્ટ ડેકો આર્કિટેક્ચર શૈલી પર આધારિત હતી. સોનાથી બનેલા આ બ્રોચમાં મધ્યમાં ઘેરા લાલ રંગનો રૂબી(માણેક) અને તેની આસપાસ હીરાની કલાત્મક ગોઠવણી કરાઈ છે, જે ભારતીય ઝવેરીઓની પેઢી દર પેઢી ચાલી આવતી આવડત દર્શાવે છે. આ પ્રસંગે ગાયિકા બ્રાન્ડી કાર્લાઈલે 'પેટલ પ્રિઝમ બ્રોચ' પહેર્યો હતો, જે સૂર્યમુખીની ડિઝાઈનથી પ્રેરિત હતો. તેલંગાણાના કારીગરોએ 100 કલાકની મહેનત પછી



# નોરા ફતેહી શોકમાં ડૂબી....

## અંગત મિત્રના નિધનથી ભાંગી પડી, રડી રડીને હાલત થઈ ગઈ ખરાબ!

(એજન્સી) મુંબઈ | તા.16

બોલીવુડ ડાન્સ ક્વીન નોરા ફતેહીના ખૂબ જ નજીકના મિત્રનું અવસાન થયું છે. અભિનેત્રીએ રવિવારે ઈન્સ્ટાગ્રામ પર આ માહિતી શેર કરી હતી. આ મિત્રનું નામ માર્સે પેડ્રોઝો હતું, જે એક સેલિબ્રિટી હેર આર્ટિસ્ટ હતી. માર્સેના નિધનથી નોરા ફતેહી પર ઊંડી અસર પડી છે, જેનાથી તે શોકમાં ડૂબી ગઈ છે. નોરાની સોશિયલ મીડિયા પોસ્ટ્સ પરથી સ્પષ્ટ થાય છે કે માર્સેના નિધન પછી તે દુ:ખી છે.

### ઈમોશનલ થઈ નોરા ફતેહી

નોરા ફતેહીએ ઈન્સ્ટાગ્રામ પર તેના મિત્રના નિધનની બે સ્ટોરીઓ શેર કરી. પહેલામાં, તેણે લખ્યું, આજે મેં એક ખૂબ જ પ્રિય મિત્ર, એક ભાઈ અને એક વિશ્વાસુ ગુમાવ્યો... એક એવી વ્યક્તિ જે પહેલા દિવસથી જ મારી સફરનો ભાગ રહી છે. એક એવી વ્યક્તિ જેની સાથે તમે બધા મારા સંબંધોના સાક્ષી છો. તેણે મારામાં શ્રેષ્ઠતા લાવી. અને જ્યારે પણ તમે મને તેની સાથે જોતા હતા, ત્યારે હું હંમેશા હસતી અને હસતી રહેતી હતી. નોરા ફતેહી સમજાવે છે, અમે બધું સાથે મળીને કર્યું. મેં આ પહેલાં ક્યારેય કોઈ મિત્રને આ રીતે ગુમાવ્યો નથી. હું આને કેવી રીતે સહન કરવું તે શોધવાનો પ્રયાસ કરી રહી છું. હું તમને બધાને તેના માટે પ્રાર્થના કરવા વિનંતી કરું છું. માર્સ પેડ્રોઝો હવે આપણી વચ્ચે નથી તેમનું અવસાન થયું છે. અને મારું હૃદય સંપૂર્ણપણે તૂટી ગયું છે. મારા માટે બધું બરબાદ થઈ ગયું છે.

### સેલિબ્રિટી હેરસ્ટાઇલિસ્ટ હતા માર્સે

માર્સેના ઈન્સ્ટાગ્રામ પર લગભગ 53,000 લોકો ફોલોઅર્સ છે. તેમના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર નજર નાખતાં ખબર પડે છે કે તેમણે માત્ર નોરા ફતેહી માટે જ નહીં, પરંતુ જાહ્નવી કપૂર, જેકલીન ફર્નાન્ડીઝ, ખુશી કપૂર, તૃપ્તિ ડિમરી, મલાઈકા અરોરા, શર્વરી વાઘ અને સુહાના ખાન સહિત અનેક અભિનેત્રીઓ માટે હેરસ્ટાઈલિસ્ટ તરીકે કામ કર્યું છે.

# જન્નત ઝુબૈર અને અયાન ઝુબેર પર થયો હુમલો?

(એજન્સી) મુંબઈ | તા.16

### શું મામલો છે?

અહેવાલો અનુસાર, જન્નત અને અયાન પર આ હુમલો પનવેલમાં થયો હતો. અહેવાલો અનુસાર, જન્નત ઝુબૈર અને અયાન ઝુબૈર પણ આ હુમલામાં ઘાયલ થયા હતા. આ સમાચારથી જન્નત ઝુબૈર અને અયાનના ફેન્સમાં તણાવ વધી ગયો છે. જો અહેવાલો પર વિશ્વાસ કરવામાં આવે તો, એવું કહેવામાં આવી રહ્યું છે કે અયાન અને જન્નત થોડા દિવસો પહેલા પનવેલની મુલાકાતે આવ્યા હતા.

લોકપ્રિય ટીવી અભિનેત્રી જન્નત ઝુબૈર અને તેના ભાઈ અયાન ઝુબૈર પર હુમલાની માહિતી સામે આવી છે. સોશિયલ મીડિયા પર આ સમાચાર આવતા જ ફેન્સ ગભરાઈ ગયા. લોકપ્રિય ટીવી અભિનેત્રી જન્નત ઝુબૈર ઘણીવાર કોઈને કોઈ કારણોસર હેડલાઈન્સમાં રહે છે. હાલમાં, ફક્ત જન્નત ઝુબૈર જ નહીં પરંતુ તેનો ભાઈ અયાન ઝુબૈર પણ સમાચારમાં છે, અને ફેન્સ બંનેને લઈને ચિંતિત છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે અયાન ઝુબૈર અને જન્નત ઝુબૈર પર હુમલો થયો છે, જેના કારણે ફેન્સ ચિંતામાં મુકાયા છે. જોકે, 14 માર્ચથી આ હુમલાના સમાચાર ઓનલાઈન ફરતા થઈ રહ્યા છે. ફેન્સના મનમાં આ હુમલા અંગે ઘણા પ્રશ્નો છે. જોકે, જન્નત ઝુબૈર, તેના પરિવાર કે પનવેલ પોલીસ દ્વારા હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી. સંદેશ ન્યૂઝ આ હુમલાની પુષ્ટિ કરતું નથી આ સમાચાર ફક્ત માહિતીના હેતુ માટે છે.

### બાળ કલાકાર તરીકે કરી કરિયરની શરૂઆત

જન્નત અને અયાન બંને તેમના અભિનય માટે જાણીતા છે. જન્નતે બાળ કલાકાર તરીકે ઘણી ધારાવાહિકોમાં કામ કર્યું છે. જન્નત ફિલ્મોમાં પણ જોવા મળી છે. અયાનની વાત કરીએ તો, તે જોધા અકબર શ્રેણીમાં પણ જોવા મળ્યો હતો.

# 33માં બર્થ ડે પર આલિયા ભટ્ટે આ પ્રસંગે ફેન્સને આપી સુંદર ગિફ્ટ

(એજન્સી) મુંબઈ | તા.16



બોલીવુડ અભિનેત્રી આલિયા ભટ્ટ આજે તેનો 33મો જન્મદિવસ ઉજવી રહી છે. આ ખાસ પ્રસંગે તેના પરિવારના લોકો સહિત ફેન્સ પણ હાર્દિક શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે. આલિયાની માતા સોની રાઝદાને એક ભાવનાત્મક પોસ્ટ શેર કરી આલિયાને જન્મદિવસની શુભેચ્છા પાઠવી. હાલમાં આલિયા પતિ રણબીર અને પુત્રી રાહા સાથે વિદેશમાં વેકેશનનો આનંદ માણી રહી છે. પોતાના જન્મદિવસે અભિનેત્રી આલિયાએ ફેન્સને સુંદર ભેટ આપી. 33 વર્ષની આ સુંદર અભિનેત્રીએ નાના બાળકો માટે એક અનોખી પહેલ શરૂ કરી છે. પરિવાર સાથે વેકેશન માણતી આલિયા ભટ્ટે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરીને ફેન્સને આ માહિતી આપી. આલિયાએ પોતાની પોસ્ટમાં લખ્યું છે કે તેની પ્રોડક્શન કંપની બાળકો માટે ખાસ પ્રોજેક્ટ શરૂ કરી રહી છે. આ પ્રોજેક્ટ અંતર્ગત બાળકો માટે મનોરંજક, હૃદયસ્પર્શી અને કાલ્પનિક વાર્તાઓ બનાવશે. અમારી આ નવી પહેલ હેઠળ બાળકોને ભરપૂર મનોરંજન મળશે. 'અમારી પ્રોડક્શન કંપની પાસે હવે 'ઇટર્નલ કિડ્સ' નામનો એક નવો ભાગ પણ છે. આ માટે, અમે પહેલાથી જ ત્રણ રસપ્રદ પ્રોજેક્ટ્સનું આયોજન કરી લીધું છે.' આ સાથે, તેણે તેના પ્રોજેક્ટ પ્લાન વિશે પણ જણાવ્યું. આલિયા ભટ્ટ આજે તેનો 33મો જન્મદિવસ ઉજવી રહી છે. તે તેની પુત્રી રિયા અને પતિ રણબીર સાથે હોંગકોંગમાં આ ખાસ દિવસની ઉજવણી કરી રહી છે. ત્યાંના ફોટા અને વીડિયો ગઈકાલે જ વાયરલ થયા હતા. આ વીડિયોમાં, આલિયા અને રણબીર તેમની પુત્રી રિયા સાથે કેઝ્યુઅલ પોશાકમાં મસ્તી કરતા જોવા મળે છે.

# બાહુબલીને છોડી આ બિઝનેસમેન સાથે લગ્ન કરવા જઈ રહી છે દેવસેના!




મુંબઈ : સાઉથ ભારતીય અભિનેત્રીઓમાંની એક, અનુષ્કા શેટ્ટી, આ દિવસોમાં તેના લગ્નના સમાચારોને કારણે હેડલાઈન્સમાં છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે અભિનેત્રી ટૂંક સમયમાં લગ્ન કરશે. સાઉથ ભારતીય અભિનેત્રી અનુષ્કા શેટ્ટીના લગ્નની ફેન્સ આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. હવે, એવું લાગે છે કે તેમની રાહ પૂરી થશે. અભિનેત્રી 44 વર્ષની ઉંમરે લગ્ન કરવાની તૈયારી કરી રહી છે. જોકે, અનુષ્કા શેટ્ટીના લગ્નના સમાચાર પહેલા પણ ઘણી વખત હેડલાઈન્સમાં આવી ચૂક્યા છે. પરંતુ તે ફક્ત અફવાઓ હતી. અનુષ્કા શેટ્ટી પણ તેના પ્રેમ જીવન માટે સમાચારમાં રહી છે. તેનું નામ બાહુબલી અભિનેતા પ્રભાસ સાથે પણ જોડાયું છે. જોકે, બંનેએ હંમેશા આ અફવાઓને નકારી કાઢી છે અને એકબીજાને સારા મિત્રો ગણાવ્યા છે.અનુષ્કા શેટ્ટીના ફેન્સ હંમેશાથી તેને દુલ્હન તરીકે જોવા માંગતા હતા. હવે, અનુષ્કાના લગ્નના સમાચાર ફરી એકવાર ફરતા થયા છે. અભિનેત્રીનો વરરાજા પ્રભાસ ચોક્કસપણે નથી.

# રિલીઝ પહેલા જ કમાણીમાં ભૂક્કા બોલાવી દીધા ધુરંધર 2એ

(એજન્સી) મુંબઈ | તા.16

રણવીર સિંહની ફિલ્મ ધુરંધર 2 એડવાન્સ બુકિંગમાં સારું પ્રદર્શન કરી રહી છે. ફિલ્મની રિલીઝ માટે ફક્ત ત્રણ દિવસ બાકી છે ત્યારે, તેણે એડવાન્સ બુકિંગમાં 119 કરોડની કમાણી કરી લીધી છે. આદિત્ય ધરના દિગ્દર્શન હેઠળની ફિલ્મ ધુરંધર 2ને લઈને ઘણી ચર્ચા ચાલી રહી છે. ભારતમાં તેના પહેલા દિવસે પહેલા હપ્તાએ માત્ર 28 કરોડની કમાણી કરી હતી, પરંતુ એવું માનવામાં આવે છે કે ધુરંધર 2 ભારતમાં તેના પહેલા દિવસે 90-100 કરોડની કમાણી કરી શકે છે. આનું કારણ એ છે કે ફિલ્મ એડવાન્સ બુકિંગમાં ખૂબ સારું પ્રદર્શન કરી રહી છે. ફિલ્મની ટિકિટ સતત બુક થઈ રહી છે. ફેન્સ આ ફિલ્મની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે એટલી હદે કે રિલીઝ પહેલા જ ફિલ્મે 119 કરોડની કમાણી કરી લીધી છે. ધૂરંધર 2 માટે એડવાન્સ બુકિંગ 14 માર્ચથી શરૂ થયું હતું . સેકનિલ્કના જણાવ્યા અનુસાર, 16 માર્ચે સવારે 4:32 વાગ્યા સુધીમાં, ફિલ્મે રિલીઝના પહેલા દિવસ માટે એડવાન્સ બુકિંગમાં 22.70 કરોડ રૂપિયા (61 લાખ ટિકિટ)નો આંકડો પાર કરી લીધો હતો.






# 17મા દિવસે ધમાકેદાર કમાણી, ત્રીજા રવિવારે ફિલ્મે બોક્સ ઓફિસ પર મચાવી ધૂમ!

(એજન્સી) મુંબઈ | તા.16

ધ કેરલા સ્ટોરી 2 બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી રહી છે. રિલીઝના ત્રીજા સપ્તાહમાં, ફિલ્મે સફળતા મેળવી, જંગી કમાણી કરી અને એક મહત્વપૂર્ણ રેકોર્ડ બનાવ્યો.ધ કેરલા સ્ટોરી 2માં ઉલ્કા ગુપ્તા, ઐશ્વર્યા ઓઝા અને અદિતિ ભાટિયા મુખ્ય ભૂમિકામાં છે. ઘણા વિવાદો અને કાનૂની મુશ્કેલીઓનો સામનો કર્યા પછી સિનેમાઘરોમાં રિલીઝ થયેલી આ ફિલ્મે બોક્સ ઓફિસ પર સારું પ્રદર્શન કર્યું છે. તેના ત્રીજા સપ્તાહના અંતે પણ, તેણે ભારતીય બોક્સ ઓફિસ પર પ્રભુત્વ મેળવ્યું. ધ કેરલા સ્ટોરી 2 ને વિવેચકો તરફથી મિશ્ર પ્રતિસાદ મળ્યો, પરંતુ તે દર્શકોને થિયેટરોમાં આકર્ષવામાં સફળ રહી, અને ફિલ્મ બોક્સ ઓફિસ પર મજબૂત રીતે ટકી રહી છે. જ્યારે તેનું પ્રથમ અઠવાડિયાનું કલેક્શન 23.28 કરોડ હતું, ત્યારે તેના બીજા સપ્તાહના અંતે 17.07 કરોડની કમાણી થઈ. ત્યારબાદ, ત્રીજા શુક્રવારે, એટલે કે, 15મા દિવસે, તેણે 1.50 કરોડની કમાણી કરી. ત્રીજા શનિવારે, એટલે કે, 16મા દિવસે, ફિલ્મે 2.75 કરોડના કલેક્શન સાથે વધારો જોયો. આ વૃદ્ધિને કારણે, ફિલ્મે 50% રિટર્ન ઓન ઈન્વેસ્ટમેન્ટ (ROI) સીમાચિહ્ન પાર કર્યો, જે 2026 ની આવું કરનારી પ્રથમ બોલીવુડ ફિલ્મ બની. હવે સેકનિલ્કના શરૂઆતના ટ્રેન્ડ રિપોર્ટ મુજબ, ધ કેરલા સ્ટોરી 2એ તેની રિલીઝના 17મા દિવસે એટલે કે ત્રીજા રવિવારે 2.78 કરોડ રૂપિયાની કમાણી કરી છે. આ સાથે 17 દિવસમાં આ ફિલ્મનું કુલ કલેક્શન હવે 47.38 કરોડ રૂપિયા થઈ ગયું છે. ધ કેરલા સ્ટોરી 2ની કુલ કમાણી 52.04 કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ છે. ધ કેરલા સ્ટોરી 2 બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી રહી છે. તેણે રિલીઝના ત્રીજા રવિવારે શો ચોરી લીધો. તેનું કુલ કલેક્શન હવે 47.38 કરોડ રૂપિયા છે. ફિલ્મની કમાણી જોતાં, તે તેના ત્રીજા સોમવાર અથવા ત્રીજા મંગળવારે 50 કરોડનો આંકડો પાર કરે તેવી અપેક્ષા છે. ધ કેરલા સ્ટોરી 2એ કેટલો નફો કર્યો?: અહેવાલો અનુસાર, ધ કેરલા સ્ટોરી 2 28 કરોડના બજેટમાં બની હતી. આ ખર્ચ સામે તેણે અત્યાર સુધીમાં 47 કરોડથી

# બેટલ ઓફ ગલવાન ફિલ્મનું ટાઈટલ બદલાયું

(એજન્સી) મુંબઈ | તા.16

સલમાન ખાનની સૌથી મોસ્ટ અવેટેડ ફિલ્મ બેટલ ઓફ ગલવાનનું નામ બદલીને રજૂ કરવામાં આવ્યું છે. હવે તે માતૃભૂમિ: મે વોર રેસ્ટ ઈન પીસ તરીકે રિલીઝ થશે. સલમાન ખાને પોતે એક પોસ્ટમાં આ માહિતી શેર કરી. આ પોસ્ટ સામે આવતાની સાથે જ યુઝર્સે તેના પર પ્રતિક્રિયા આપવાનું શરૂ કરી દીધું. સલમાન ખાને થોડા સમય પહેલા પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરી હતી. આ પોસ્ટમાં તેની ફિલ્મનું લેટેસ્ટ પોસ્ટર છે, જેમાં સલમાન ખાન ઘાયલ દેખાય છે. સલમાન એક્શન મોડમાં જોવા મળી રહ્યો છે. પોસ્ટરમાં લખ્યું છે, માતૃભૂમિ

આ પોસ્ટ શેર કરતાં સલમાન ખાને કેપ્શન આપ્યું, યુદ્ધ શાંતિથી રહે, હેશટેગ ★motherland. સલમાન ખાનની પોસ્ટ આવતાની સાથે જ તે ઈન્ટરનેટ પર વાયરલ થઈ ગઈ, અને યુઝર્સે તેના પર પ્રતિક્રિયા આપવાનું શરૂ કરી દીધું. ફિલ્મની રિલીઝ અંગે, તે 14 ઓગસ્ટ, 2026 ના રોજ સિનેમાઘરોમાં આવવાની ધારણા છે.

સલમાને આ કેપ્શન લખ્યું



**એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ**

## ગુજરાત જાયન્ટ્સ પરાજિત

## એશિયન સ્કી માઉન્ટેનિયરિંગ ચેમ્પિયનશિપ ૨૦૨૬માં ભારતે ઈતિહાસ રચ્યો



(એજન્સી) હરબિન (ચીન) । તા. 16

ભારતીય વિન્ટર સ્પોર્ટ્સ માટે આજનો દિવસ સુવર્ણ અક્ષરે લખાઈ ગયો છે. ચીનના હરબિનમાં યોજાયેલી 'ISMF એશિયન સ્કી માઉન્ટેનિયરિંગ ચેમ્પિયનશિપ ૨૦૨૬' ના પ્રથમ દિવસે ભારતીય ખેલાડીઓએ અભૂતપૂર્વ પ્રદર્શન કરીને એશિયાના દિગ્ગજ દેશોને ચોંકાવી દીધા છે. યાબુલી સ્કી રિસોર્ટ ખાતે રમાયેલી અત્યંત કપરી ગણાતી 'વર્ટિકલ રેસ' માં ભારતના ત્રણેય પ્રતિનિધિઓએ ટોપ-૧૦માં સ્થાન મેળવીને નવો ઈતિહાસ રચ્યો છે. ખૂબ જ ઊંચાઈ અને શારીરિક ક્ષમતાની કસોટી કરતી વર્ટિકલ રેસમાં ભારતીય પુરુષો અને મહિલા ખેલાડીઓએ શાનદાર દેખાવ કર્યો હતો. પુરુષોની શ્રેણીમાં સિદ્ધાર્થ ગડેકરે ૭મો ક્રમ મેળવીને ધમાકેદાર શરૂઆત કરી હતી, જ્યારે શાર્દુલ થપલિયાલે ૮મો ક્રમ પ્રાપ્ત કર્યો હતો. મહિલા શ્રેણીમાં ભારતની એકમાત્ર પ્રતિનિધિ કામ્યા કાર્તિકેયને પણ અદભૂત કૌશલ્ય બતાવતા ૭મું સ્થાન હાંસલ કર્યું હતું. એશિયન સ્તરે ભારત માટે આ અત્યાર સુધીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે. સ્કીમો ઈન્ડિયા ફેડરેશનના પ્રમુખ પ્રવીણ સૂદ એ આ સિદ્ધિ બદલ ગૌરવ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આ સફળતા છેલ્લા ચાર વર્ષથી દેશમાં વિન્ટર સ્પોર્ટ્સને વ્યવસાયિક બનાવવા માટે કરવામાં આવેલા પ્રયાસોનું પરિણામ છે. તેમણે ઉમેર્યું કે, "અમે રાજ્ય સરકારો અને રમતગમત મંત્રાલય સાથે મળીને ખેલાડીઓને આંતરરાષ્ટ્રીય સ્તરનું પ્લેટફોર્મ પૂરું પાડ્યું છે.

## પાકિસ્તાનની ICCમાં ફરિયાદ બાંગ્લાદેશ સામે હાર બાદ હોબાળો

ઢાકા | મીરપુરના શેર-એ-બાંગ્લા સ્ટેડિયમમાં રમાયેલી હાઈ-વોલ્ટેજ મેચમાં બાંગ્લાદેશ સામે ૧૧ રનથી પરાજય મેળવ્યા બાદ પાકિસ્તાની ક્રિકેટ ટીમમાં ભારે અજંપો જોવા મળી રહ્યો છે. ૧૧ વર્ષ બાદ બાંગ્લાદેશ સામે વનડે સીરિઝ ગુમાવનારા પાકિસ્તાને પોતાની હારનું ઠીકરા અમ્પાયરિંગ પર ફોડતા આઈસીસી (ICC) ના મેચ રેફરી નિયામુર રશીદ સમક્ષ સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. મેચની અંતિમ ઓવરમાં ડિસીઝન રિવ્યૂ સિસ્ટમ (DRS) ના ઉપયોગને લઈને શરૂ થયેલો આ વિવાદ અત્યારે વિશ્વ ક્રિકેટમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. વિવાદની શરૂઆત પાકિસ્તાની ઈનિંગ્સની છેલ્લી ઓવરમાં થઈ હતી. બાંગ્લાદેશી સ્પિનર રિશાદ હુસૈનના બોલ પર અમ્પાયર કુમાર ધર્મસેનાએ વાઈડનો નિર્ણય આપ્યો હતો. જોકે, બાંગ્લાદેશી ટીમે આ નિર્ણય સામે રિવ્યૂ લીધો હતો. પાકિસ્તાની ટીમનો મુખ્ય આરોપ છે કે વાઈડ બોલ પર રિવ્યૂ લેવાની મંજૂરી આપવી તે નિયમોની વિરુદ્ધ છે. વધુમાં, પાકિસ્તાની કેપ્ટન શાહીન શાહ આફ્રિદીએ દાવો કર્યો છે કે બાંગ્લાદેશે જાયન્ટ સ્ક્રીન પર રિપ્લે જોયા બાદ અને ૧૫ સેકન્ડની નિર્ધારિત સમય મર્યાદા પૂરી થયા બાદ રિવ્યૂની માંગ કરી હતી.

## પ્રજ્ઞાનાનંદ સ્પોર્ટ્સમેન ઓફ ધ યર બન્યા ચેસમાં ભારતનો દબદબો



મુંબઈ | ભારતીય ચેસ જગતના યુવા ગ્રાન્ડમાસ્ટર આર. પ્રજ્ઞાનાનંદે ફરી એકવાર દેશનું નામ રોશન કર્યું છે. મુંબઈમાં યોજાયેલા પ્રતિષ્ઠિત 'સ્પોર્ટસ્ટાર એસીસ એવોર્ડ્સ ૨૦૨૬' માં પ્રજ્ઞાનાનંદને 'સ્પોર્ટ્સમેન ઓફ ધ યર' તરીકે જાહેર કરવામાં આવ્યા છે. વૈશ્વિક મંચ પર ભારતીય ચેસને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે અને ૨૦૨૫-૨૬ની સીઝનમાં તેમના દબદબાભર્યા પ્રદર્શનને ધ્યાનમાં રાખીને આ સર્વોચ્ચ સન્માન આપવામાં આવ્યું છે. ૨૦ વર્ષીય પ્રજ્ઞાનાનંદ માટે છેલ્લું વર્ષ સિદ્ધિઓથી ભરેલું રહ્યું છે. જુલાઈ મહિનામાં તેઓ વિશ્વ રેન્કિંગમાં ચોથા સ્થાને પહોંચીને સૌથી વધુ રેટિંગ ધરાવતા ભારતીય ખેલાડી બન્યા હતા. સપ્ટેમ્બર ૨૦૨૬માં તેમણે ૨૭૮૫ રેટિંગ પોઈન્ટ્સ મેળવીને પોતાની કારકિર્દીનો સર્વોચ્ચ આંક વટાવ્યો હતો.

**ધોની રોહિત વિરાટ આઈપીએલ રેકોર્ડ પર નજર**

# આઈપીએલ 2026ના સૌથી વયસ્ક ખેલાડીઓમાં સાત ભારતીય સિતારા





(એજન્સી) અમદાવાદ । તા. 16

દુનિયાની સૌથી લોકપ્રિય ક્રિકેટ લીગ ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ની ૨૦૨૬ની સીઝનનો પ્રારંભ હવે ગણતરીના દિવસોમાં થવા જઈ રહ્યો છે. ૨૮ માર્ચના રોજ રોયલ ચેલેન્જર્સ બેંગલોર અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચેના મુકાબલાથી આ મહાકુંભ શરૂ થશે. જોકે, આ વખતે ફેન્સમાં સૌથી વધુ ચર્ચા આઈપીએલ ૨૦૨૬ના સૌથી વયસ્ક ખેલાડીઓ ની થઈ રહી છે. રસપ્રદ વાત એ છે કે ટોપ-૧૦ સૌથી વધુ વય ધરાવતા ખેલાડીઓમાં ૭ ભારતીય દિગ્ગજોનો સમાવેશ થાય છે, જે સાબિત કરે છે કે ક્રિકેટમાં ઉંમર માત્ર એક આંકડો છે અને અનુભવની કોઈ કિંમત નથી.

આ યાદીમાં સૌથી મોટું અને આકર્ષક નામ ચેન્નઈ સુપર કિંગ્સના પૂર્વ સુકાની મહેન્દ્ર સિંહ ધોનીનું છે. 'કેપ્ટન કૂલ' આ વખતે ૪૪ વર્ષની ઉંમરે મેદાનમાં ઉતરશે. સોશિયલ મીડિયા અને ક્રિકેટ જગતમાં એવી અટકળો તેજ બની છે કે આગામી ૭ જુલાઈએ ૪૫ વર્ષના થનારા ધોની માટે આ કદાચ છેલ્લી સીઝન હોઈ શકે છે. ધોનીના મેદાનમાં હોવા માત્રથી સ્ટેડિયમમાં જે ગુંજારવ થાય છે, તે દર્શાવે છે કે આજે પણ તેમની લોકપ્રિયતામાં જરાય ઘટાડો થયો નથી.

આ વર્ષની આઈપીએલની ખાસિયત એ છે કે ભારતીય ક્રિકેટના બે મહાન સ્તંભો રોહિત શર્મા અને વિરાટ કોહલી પણ સૌથી વધુ વય ધરાવતા ખેલાડીઓની યાદીમાં સામેલ છે. 'હિટમેન' રોહિત શર્મા ૩૮ વર્ષની ઉંમરે મેદાન ગજવશે અને આ યાદીમાં બીજા સ્થાને છે. બીજી તરફ, રોયલ ચેલેન્જર્સ બેંગલોરના રન-મશીન વિરાટ કોહલી ૩૭ વર્ષની વયે ત્રીજા ક્રમે છે. આ બંને ખેલાડીઓનો આઈપીએલ રેકોર્ડ અદભૂત રહ્યો છે અને આ સીઝનમાં પણ તેમની પાસેથી ચાહકોને મોટી અપેક્ષા છે.

આ સીઝનમાં સૌથી મોટો આશ્ચર્યજનક વળાંક રવીન્દ્ર જાડેજાના રૂપમાં જોવા મળ્યો છે. ૩૬ વર્ષીય જાડેજા અત્યાર સુધી ચેન્નઈ સુપર કિંગ્સની પીળી જર્સીમાં જોવા મળતા હતા, પરંતુ આ વખતે તેઓ રાજસ્થાન રોયલ્સની ગુલાબી જર્સીમાં રમશે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, સંજુ સેમસનના બદલામાં તેમને ટ્રેડ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત અજિંક્ય રહાણે, ઈશાંત શર્મા અને સુનીલ

# રાહુલ દ્રવિડનું જીવનગૌરવ સન્માન 'ધ વોલ' ને બીસીસીઆઈની સલામી



(એજન્સી) નવી દિલ્હી । તા. 16

ભારતીય ક્રિકેટના ઈતિહાસના સૌથી મજબૂત સ્તંભ ગણાતા અને પૂર્વ મુખ્ય કોચ રાહુલ દ્રવિડને રવિવારે નવી દિલ્હી ખાતે આયોજિત 'બીસીસીઆઈ નમન એવોર્ડ્સ ૨૦૨૬' માં 'કર્નલ સી. કે. નાયડુ લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડ' (જીવનગૌરવ સન્માન) થી સન્માનિત કરવામાં આવ્યા છે. બીસીસીઆઈના પૂર્વ અધ્યક્ષ રોજર બિન્ની સાથે આ પ્રતિષ્ઠિત એવોર્ડ સ્વીકારતા દ્રવિડે અત્યંત નમ્રતા સાથે ભારતીય ક્રિકેટની સેવા કરવાની તક બદલ આભાર વ્યક્ત કર્યો હતો. પોતાના વક્તવ્યમાં રાહુલ દ્રવિડે જણાવ્યું કે, જે લિજેન્ડ્સને જોઈને તેઓ મોટા થયા છે તેમની હરોળમાં સ્થાન મેળવવું એ ગર્વની વાત છે. તેમણે ઉમેર્યું કે, "હું આ સન્માન માટે ખૂબ જ આભારી છું. આ એવોર્ડ અગાઉ જે મહાન ખેલાડીઓને મળ્યો છે, તેઓ મારા માટે હંમેશા પ્રેરણાના સ્ત્રોત રહ્યા છે." મીડિયા અહેવાલ મુજબ, દ્રવિડે પોતાની ૧૫ વર્ષની વયથી શરૂ થયેલી સફરને યાદ કરી હતી અને અત્યાર સુધી મળેલી તમામ તકો માટે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

રાહુલ દ્રવિડે ક્રિકેટ પ્રત્યેના પોતાના અભિગમ વિશે વાત કરતા કહ્યું કે, તેઓ પોતાને એક એવી વ્યક્તિ તરીકે જુએ છે જેણે અગાઉની પેઢી પાસેથી મળેલી 'મશાલ' ને માત્ર આગળ ધપાવવાનું કામ કર્યું છે. તેમણે વર્તમાન પેઢી અને મેનેજમેન્ટના વખાણ કરતા જણાવ્યું કે, "ભારતીય ક્રિકેટ આજે જે ઊંચાઈ પર છે તે જોઈને ગર્વ થાય છે. નવી પેઢી આ વારસાને આગલા સ્તર પર લઈ જઈ રહી છે." સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, દ્રવિડના માર્ગદર્શન હેઠળ ભારત ૨૦૨૪ નો ટી-૨૦ વર્લ્ડ કપ જીતવામાં સફળ રહ્યું હતું.

### શાનદાર કારકિર્દી અને અતુલ્ય યોગદાન

રાહુલ દ્રવિડે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૨૪,૦૦૦ થી વધુ રન બનાવીને એક દાયકા સુધી ભારતીય બેટિંગ લાઈન-અપને મજબૂતી આપી હતી. નિવૃત્તિ બાદ તેમણે નેશનલ ક્રિકેટ એકેડમી (NCA) ના વડા તરીકે અને બાદમાં મુખ્ય કોચ તરીકે યુવા ખેલાડીઓને તૈયાર કરવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. તેમના નેતૃત્વમાં ૨૦૧૮ માં ભારત અન્ડર-૧૯ વર્લ્ડ કપ પણ જીત્યું હતું.

## યશ દયાલ અને શ્વેતા પુંડીરના લગ્ન એક માસ બાદ તસવીરો આવી

### આરસીબી બોલર યશ દયાલના વિવાદો હજુ સમ્યા નથી



(એજન્સી) નોઈડા । તા. 16

રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) ના જાણીતા ફાસ્ટ બોલર યશ દયાલના લગ્નની તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં ક્રિકેટ જગતમાં ચર્ચા જાગી છે. યશ દયાલે દિલ્હીની જાણીતી કન્ટેન્ટ ક્રિએટર અને સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર શ્વેતા પુંડીર સાથે લગ્ન કરી લીધા છે. ઉત્તર પ્રદેશના નોઈડામાં ગત ૪ ફેબ્રુઆરીના રોજ અત્યંત ખાનગી રીતે આ લગ્ન સમારોહ યોજાયો હતો, જેમાં માત્ર પરિવારના સભ્યો અને અંગત સંબંધીઓ જ ઉપસ્થિત રહ્યા હતા. જોકે, લગ્નના એક મહિના બાદ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા આ વાત જાહેર થઈ છે.

શ્વેતા પુંડીર દિલ્હીમાં એક લોકપ્રિય વ્લોગર અને ઈન્ફ્લુએન્સર તરીકે જાણીતી છે, જેના ઈન્સ્ટાગ્રામ પર પાંચ લાખથી વધુ ફોલોઅર્સ છે. તેણીએ ઈન્ટરનેશનલ લિજેન્ડ્સ લીગમાં બ્રોડકાસ્ટર તરીકે પણ કાર્ય કર્યું છે. યશ દયાલે પોતાના લગ્ન અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરી નહોતી, પરંતુ શ્વેતાએ તાજેતરમાં એક વીડિયો શેર કરતાં આ વાતની પુષ્ટિ થઈ છે. ૨૦૨૫ માં ચેમ્પિયન બનેલી આરસીબી ટીમનો મહત્વનો હિસ્સો રહેલો યશ દયાલ આ વર્ષે પણ આઈપીએલમાં રમવા માટે તૈયાર છે.

ક્રિકેટના મેદાન પર સફળતા મેળવનાર યશ દયાલનું અંગત જીવન છેલ્લા કેટલાક સમયથી વિવાદોમાં રહ્યું છે. ૨૦૨૫ માં આરસીબીની જીત બાદ એક મહિલાએ યશ પર લગ્નના બહાને જાતીય શોષણ કર્યાનો ગંભીર આરોપ લગાવ્યો હતો. મીડિયા અહેવાલ મુજબ, આ કેસમાં જાન્યુઆરી ૨૦૨૬માં રાજસ્થાન હાઈકોર્ટે તેને આગોતરા જામીન આપ્યા હતા. આટલું જ નહીં, જયપુરની એક સગીર ક્રિકેટર સાથે ગેરવર્તણૂક અને શોષણના આરોપસર પણ તેની સામે એફઆઈઆર નોંધાયેલી છે.

યશ દયાલ પર લાગેલા આરોપો અંગે તેના વકીલે સ્પષ્ટતા કરી છે કે આ તમામ આરોપો તેને ફસાવવા માટેના ષડયંત્રનો ભાગ છે. ૨૦૨૩ ના એક જૂના કેસને ટાંકીને તેને બદનામ કરવાનો પ્રયાસ થઈ રહ્યો હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

**બીસીસીઆઈ નમન એવોર્ડ્સ ૨૦૨૬માં દિગ્ગજોનો જમાવડો** | **મહિલા ક્રિકેટનો સુવર્ણ યુગ લાવનારી ખેલાડીનું વિશેષ બહુમાન**

# મિતાલી રાજનું જીવનગૌરવ સન્માન માર્ગદર્શકોને શ્રેય આપ્યો



(એજન્સી) નવી દિલ્હી । તા. 16

ભારતીય મહિલા ક્રિકેટના ઈતિહાસમાં જેનું નામ સુવર્ણ અક્ષરે લખાયેલું છે, તેવા પૂર્વ સુકાની મિતાલી રાજને 'બીસીસીઆઈ નમન એવોર્ડ્સ ૨૦૨૬' માં પ્રતિષ્ઠિત 'લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડ' (જીવનગૌરવ સન્માન) થી નવાજવામાં આવ્યા છે. નવી દિલ્હી ખાતે યોજાયેલા આ ભવ્ય સમારોહમાં મિતાલી રાજે પોતાની બે દાયકા લાંબી સફરને યાદ કરતા આ સફળતાનો શ્રેય પોતાના માતા-પિતા, કોચ, સાથી ખેલાડીઓ અને માર્ગદર્શકોને આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આ સન્માન માત્ર વ્યક્તિગત સિદ્ધિ નથી, પરંતુ મહિલા ક્રિકેટના પરિવર્તનમાં ફાળો આપનારા તમામ લોકોનું ગૌરવ છે.

પોતાના વક્તવ્યમાં મિતાલી રાજે ક્રિકેટના દિગ્ગજ ખેલાડીઓ સચિન તેંડુલકર અને રાહુલ દ્રવિડનો વિશેષ ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું કે નેશનલ ક્રિકેટ એકેડમી (NCA) ખાતે જ્યારે પણ તેમની મુલાકાત આ દિગ્ગજો સાથે થઈ, ત્યારે બેટિંગ અને રમતની વ્યૂહરચના અંગે મળેલી સલાહ તેમના માટે અત્યંત મદદરૂપ સાબિત થઈ હતી. મીડિયા અહેવાલ મુજબ, મિતાલી માને છે કે પુરુષ અને મહિલા ક્રિકેટરો વચ્ચેનો આ સંવાદ મહિલા ખેલાડીઓના સ્તરને ઊંચો લાવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

**કોલકાતા નાઈટ રાઈડર્સની મુશ્કેલીમાં સતત વધારો થયો**

## હર્ષિત રાણાની ઈજા અને IPL રમવા પર મોટું સસ્પેન્સ

(એજન્સી) નવી દિલ્હી । તા. 16



આઈપીએલ ૨૦૨૬ની સીઝન શરૂ થાય તે પહેલા જ ત્રણ વખતની વિજેતા ટીમ કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) માટે માઠા સમાચાર આવ્યા છે. ટીમના મુખ્ય ફાસ્ટ બોલર હર્ષિત રાણાની ગંભીર ઈજાને કારણે આગામી ટૂર્નામેન્ટમાં તેના રમવા પર પ્રશ્નાર્થ ચિહ્ન મુકાયું છે. તાજેતરમાં નવી દિલ્હી ખાતે આયોજિત બીસીસીઆઈના વાર્ષિક 'નમન એવોર્ડ્સ' દરમિયાન હર્ષિત રાણા જ્યારે કાખઘોડીના સહારે એવોર્ડ લેવા સ્ટેજ પર પહોંચ્યો, ત્યારે ઉપસ્થિત તમામ લોકો અને ક્રિકેટ ચાહકો સ્તબ્ધ થઈ ગયા હતા.

હર્ષિત રાણાને તેના શાનદાર પ્રદર્શન માટે 'બેસ્ટ ઈન્ટરનેશનલ ડેબ્યૂ'નો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. જોકે, તેની શારીરિક સ્થિતિ એટલી નાજુક હતી કે તે સ્ટેજ સુધી ચાલી શકે તેમ નહોતો. આ પરિસ્થિતિ જોઈને આઈપીએલ ચેરમેન અરુણ ધૂમલે પોતે સ્ટેજ પરથી નીચે ઉતરીને હર્ષિતને સન્માનિત કર્યો હતો. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા આ વીડિયોએ કેકેઆર ફ્રેન્ચાઈઝીની ઊંઘ ઉડાડી દીધી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, હર્ષિતના ઘૂંટણની ગંભીર સર્જરી બાદ તેની રિકવરીમાં હજુ લાંબો સમય લાગે તેમ છે. હર્ષિત રાણાને આ ગંભીર ઈજા ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ દરમિયાન દક્ષિણ આફ્રિકા સામેની વોર્મ-અપ મેચમાં થઈ હતી.

**ભારતીય મહિલા હોકી ટીમ // ફિનિશિંગ અને પેનલ્ટી કોર્નરની નબળાઈ ચિંતાનો વિષય**

# વર્લ્ડ કપ ક્વોલિફાયર ફાઈનલમાં હારી પણ ટિકિટ પાકી

(એજન્સી) હૈદરાબાદ । તા. 16



હૈદરાબાદના જી.એમ.સી. બાલયોગી હોકી ગ્રાઉન્ડ પર રમાયેલી એફ.આઈ.એચ. (FIH) મહિલા વર્લ્ડ કપ ક્વોલિફાયર ટુર્નામેન્ટમાં ભારતીય મહિલા ટીમે આ વર્ષના અંતે યોજાનારા વર્લ્ડ કપ માટે સફળતાપૂર્વક ક્વોલિફાય કરી લીધું છે. જોકે, શનિવારે રમાયેલી હાઈ-વોલ્ટેજ ફાઈનલ મેચમાં ભારતને ઈંગ્લેન્ડ સામે ૦-૨થી પરાજયનો સામનો કરવો પડ્યો હતો. રનર્સ-અપ તરીકે અભિયાન સમાપ્ત કરવા છતાં, ટીમ ઈન્ડિયાએ પોતાનું મુખ્ય લક્ષ્ય પ્રાપ્ત કરી લીધું છે. કોચ સોર્ડ મરીનની બીજી ઈનિંગની આ પ્રથમ મોટી ટુર્નામેન્ટ હતી, જેમાં ભારતે ચાર વિજય અને એક હાર સાથે મજબૂત રમતનું પ્રદર્શન કર્યું હતું. સમગ્ર અભિયાન દરમિયાન 'વુમન ઈન બ્લુ' એ શાનદાર રમત બતાવી હતી. ભારતે આ ટુર્નામેન્ટમાં કુલ ૧૧ ગોલ કર્યા અને તેની સામે ૫ ગોલ સ્વીકાર્યા હતા. સોર્ડ મરીન જ્યારે ફરીથી ટીમની બાગડોર સંભાળી રહ્યા છે ત્યારે આ આંકડા પ્રોત્સાહક છે, પરંતુ ફાઈનલ મેચમાં ઈંગ્લેન્ડ સામેની વ્યૂહાત્મક હારે ટીમની કેટલીક જૂની નબળાઈઓ ફરી સપાટી પર લાવી દીધી છે. ખાસ કરીને હાઈ-પ્રેશર ગેમમાં ભારતીય ખેલાડીઓ ગોલ કરવામાં થાપ ખાઈ ગયા હતા.


મેચ બાદ પત્રકારો સાથે વાતચીત કરતા મુખ્ય કોચ સોર્ડ મરીને ટીમની નબળાઈઓ પર ખુલીને વાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, "અમારી પાસે સુધારા માટે ઘણો અવકાશ છે. અમે દબાણ હેઠળ તકો ઊભી કરી રહ્યા છીએ, પરંતુ ટેકનિકલ રીતે ફિનિશિંગમાં હજુ ઘણી કચાશ છે. સર્કલમાં ખેલાડીઓની પોઝિશન અને નિર્ણય લેવાની ક્ષમતા વધુ સચોટ હોવી જોઈએ." ફિનિશિંગની આ સમસ્યા ભૂતકાળના કોચ જેવા કે જાનેકે શોપમેન અને હરેન્દ્ર સિંહના સમયમાં પણ રહી છે, જે હવે મરીન માટે મોટો પડકાર છે.

ફાઈનલમાં હારનું મુખ્ય કારણ પેનલ્ટી કોર્નર (PC) ને ગોલમાં ન ફેરવી શકવાની નબળાઈ રહી હતી. ઈંગ્લેન્ડને માત્ર બે પેનલ્ટી કોર્નર મળ્યા હતા અને તેમણે તેમાંથી એકને ગોલમાં ફેરવી દીધો હતો. તેની સામે ભારતને ચાર પેનલ્ટી કોર્નર મળ્યા હોવા છતાં ટીમ એક પણ ગોલ કરી શકી નહોતી. મરીને ભારપૂર્વક જણાવ્યું હતું કે જો તમે ફીલ્ડ ગોલ ન કરી શકો, તો પેનલ્ટી કોર્નર હરીફાઈ જીતવા માટેનું સૌથી મોટું હથિયાર હોય છે, જે આ મેચમાં કમનસીબે કામ ન લાગ્યું.

હાર છતાં કોચ મરીને કેટલાક પોઝિટિવ પોઈન્ટ્સ પણ નોંધ્યા છે. તેમણે કહ્યું કે, "મેં જોયું કે સેમીફાઈનલ અને ફાઈનલ જેવા દબાણ હેઠળ છોકરીઓએ કેવું પ્રદર્શન કર્યું. આ પ્રકારનો અનુભવ કોઈ ટ્રેનિંગ કેમ્પમાં મળી શકતો નથી." ભારતીય ટીમ હવે 'ગીવ-એન્ડ-ગો' શૈલીની હોકી રમી રહી છે, જેમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે.

**ફેબ્રુઆરી મહિનાના શ્રેષ્ઠ દેખાવ કરનાર ખેલાડીઓની યાદી જાહેર**

# ICC પ્લેયર ઓફ ધ મંથ નોમિનેશનમાં સાહિબજાદા ફરહાનનો દબદબો



(એજન્સી) નવી દિલ્હી । તા. 16

ICC એ ફેબ્રુઆરી ૨૦૨૬ મહિના માટે 'પ્લેયર ઓફ ધ મંથ' એવોર્ડના નોમિનેશનની જાહેરાત કરી દીધી છે. પુરૂષ શ્રેણીમાં પાકિસ્તાનના ઓપનર સાહિબજાદા ફરહાન, ઈંગ્લેન્ડના ઓલરાઉન્ડર વિલ જેક્સ અને અમેરિકાના ફાસ્ટ બોલર શેડલી વાન શેલક્વિકને શોર્ટલિસ્ટ કરવામાં આવ્યા છે. બીજી તરફ, મહિલા શ્રેણીમાં ભારતની ફાસ્ટ બોલર અરુંધતી રેડ્ડીએ પોતાની શાનદાર રમતને આધારે આ પ્રતિષ્ઠિત યાદીમાં સ્થાન મેળવ્યું છે.

પાકિસ્તાની ઓપનર સાહિબજાદા ફરહાન માટે ફેબ્રુઆરી મહિનો યાદગાર રહ્યો છે. ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ દરમિયાન તેણે સાત મેચોમાં ૩૮૩ રન બનાવીને વિરાટ કોહલીનો એક જ એડિશનમાં સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ તોડી નાખ્યો છે. ફરહાન એક જ વર્લ્ડ કપમાં બે સદી ફટકારનાર પ્રથમ ખલેડી પણ બન્યો છે. મીડિયા અહેવાલ મુજબ, અમેરિકાના શેડલીએ ભારત અને પાકિસ્તાન જેવી મજબૂત ટીમો સામે ૪-૪ વિકેટ ઝડપીને સૌનું ધ્યાન ખેંચ્યું હતું, જેના કારણે તેને પણ નોમિનેશન મળ્યું છે. ભારતીય મહિલા ટીમની ફાસ્ટ બોલર અરુંધતી રેડ્ડીએ ઓસ્ટ્રેલિયા સામેની ટી-૨૦ સીરિઝમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. ભારતની ૨-૧ થી જીતમાં અરુંધતીએ મહત્વની ભૂમિકા ભજવતા ત્રણ મેચમાં ૮ વિકેટ ઝડપી હતી. આ યાદીમાં તેની સાથે પાકિસ્તાનની કેપ્ટન ફાતિમા સના અને શ્રીલંકાની હર્ષિતા સમરાવિક્રમા પણ સામેલ છે. હર્ષિતાએ વેસ્ટ ઈન્ડિઝ સામેની વનડે સીરિઝમાં શાનદાર બેટિંગ કરીને પોતાની ટીમને જીત અપાવી હતી. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, અરુંધતીની ઈકોનોમી અને વિકેટ લેવાની ક્ષમતા તેને એવોર્ડની પ્રબળ દાવેદાર બનાવે છે.


## ટ્રુ પ્રોમિસ 4 સૈન્ય અભિયાનથી મધ્ય પૂર્વમાં આફત, અમેરિકા ઈઝરાયલ યુદ્ધ તણાવમાં ઈરાને બ્રહ્માસ્ત્ર ખોલ્યું

# મહાયુદ્ધમાં ઈરાનનું ડાન્સિંગ મિસાઈલ સેજ્જિલ દુનિયા ધ્રૂજી ઉઠી

(એજન્સી) તેહરાન । તા. 16

મધ્ય પૂર્વમાં ફાટી નીકળેલા ભીષણ મહાયુદ્ધના ૧૬માં દિવસે રવિવારે પરિસ્થિતિ અત્યંત સ્ફોટક બની ગઈ છે. ઈરાને અત્યાર સુધીનું સૌથી મોટું સૈન્ય પરાક્રમ બતાવતા પોતાની સ્વદેશી બનાવટની બેલેસ્ટિક મિસાઈલ ‘સેજ્જિલ’ વડે ભયાનક હુમલા કર્યા છે. ફેબ્રુઆરીના અંતમાં શરૂ થયેલા આ લોહિયાળ જંગમાં પહેલીવાર ઈરાને આ અત્યાધુનિક હથિયારનો ઉપયોગ કર્યો છે. સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, આ મિસાઈલ ત્રાટકતાની સાથે જ પશ્ચિમી દેશોના સંરક્ષણ નિષ્ણાતોમાં દોડધામ મચી ગઈ છે. આ હુમલો એવા સમયે થયો છે જ્યારે સમગ્ર વિશ્વ આ યુદ્ધના અંતની રાહ જોઈ રહ્યું હતું, પરંતુ ઈરાને નવા બ્રહ્માસ્ત્રના પ્રદર્શન સાથે સંઘર્ષને નવી ઊંચાઈ પર પહોંચાડી દીધો છે.

ઈરાની સશસ્ત્ર દળોએ ‘ટ્રુ પ્રોમિસ ૪’ નામ હેઠળ એક આક્રમક સૈન્ય અભિયાનની જાહેરાત કરી છે. આ મિશનનો મુખ્ય ઉદ્દેશ્ય ઈઝરાયલના વ્યૂહાત્મક કમાન્ડ



એન્ડ કંટ્રોલ સેન્ટર્સ અને અત્યંત મહત્વના સૈન્ય મથકોને નેસ્તનાબૂદ કરવાનો છે. આ અભિયાનમાં સેજ્જિલ મિસાઈલની ભૂમિકા નિર્ણાયક સાબિત થઈ રહી છે. મીડિયા અહેવાલ મુજબ, આ મિસાઈલ આશરે ૨૦૦૦ કિલોમીટરના અંતર સુધી સચોટ પ્રહાર કરવાની ક્ષમતા ધરાવે છે અને તે પોતાની સાથે ૭૦૦ કિલોગ્રામ જેટલા વિનાશક વિસ્ફોટકો લઈ જવા માટે સક્ષમ છે. બે તબક્કામાં કાર્યરત આ બેલેસ્ટિક મિસાઈલ ઘન ઈંધણથી ચાલે છે, જે તેને કોઈપણ સમયે ત્વરિત લોન્ચ કરવા માટે અનુકૂળ બનાવે છે.

સંરક્ષણ વિશ્લેષકો આ મિસાઈલની ટેકનોલોજી જોઈને દંગ રહી ગયા છે. આ મિસાઈલની સૌથી મોટી તાકાત તેની હવામાં કરતબ કરવાની ક્ષમતા છે, જેના કારણે તેને ‘ડાન્સિંગ મિસાઈલ’ તરીકે ઓળખવામાં આવે છે. જ્યારે આ મિસાઈલ આકાશમાં નિર્ધારિત ઊંચાઈ પર પહોંચે છે, ત્યારે તે સીધી રેખામાં જવાને બદલે પોતાની દિશા બદલી શકે છે અને હવામાં લહેરાય છે. આ અનોખી રણનીતિના કારણે ઈઝરાયલની વિશ્વપ્રસિદ્ધ ‘આયર્ન ડોમ’ જેવી એન્ટી-મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ પણ તેને ટ્રેક કરવામાં થાપ ખાઈ જાય છે. ૧૮ મીટર લાંબી અને ૨૩,૬૦૦ કિલોગ્રામ વજન ધરાવતી આ મિસાઈલ જૂની પેઢીની મિસાઈલો કરતા ઘણી ઝડપી અને અચૂક છે.

આ ભયાનક યુદ્ધની પૃષ્ઠભૂમિ ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ રચાઈ હતી. તે દિવસે અમેરિકા અને ઈઝરાયલ દ્વારા ઈરાન પર સંયુક્ત હવાઈ હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલી ખામનેઈનું મૃત્યુ થયું હતું. આ ઘટના બાદ ઈરાન બદલાની આગમાં સળગી રહ્યું છે અને સમગ્ર મિડલ ઈસ્ટ હિંસાની લપેટમાં આવી ગયું છે. અત્યાર સુધીના સત્તાવાર આંકડાઓ મુજબ આ યુદ્ધમાં ૨૦૦૦ થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. દુર્ભાગ્યપૂર્ણ રીતે, મૃતકોમાં સૌથી મોટી સંખ્યા સામાન્ય ઈરાની નાગરિકોની છે, જેઓ આ આંતરરાષ્ટ્રીય ખેંચતાણનો ભોગ બની રહ્યા છે.

ઈરાનના આ તાજેતરના હુમલાએ અમેરિકાની ચિંતામાં અનેકગણો વધારો કરી દીધો છે. વોશિંગ્ટન અત્યારે પોતાના સાથી દેશ ઈઝરાયલની સુરક્ષા માટે નવી વ્યૂહરચના ઘડી રહ્યું છે. જો કે, સેજ્જિલ જેવી મિસાઈલો સામે રક્ષણ મેળવવું હવે એક મોટો પડકાર બની ગયો છે. આંતરરાષ્ટ્રીય સમુદાય આ યુદ્ધ વધુ વકરશે તો ત્રીજા વિશ્વયુદ્ધ જેવી સ્થિતિ સર્જાવાની ચેતવણી આપી રહ્યો છે.

## સાથી દેશોનો સૈન્ય ઈનકાર ટ્રમ્પ માટે મોટો ફટકો

# હોર્મુઝ માટે USની લાચારી સાથી દેશોએ મોઢું ફેરવ્યું

(એજન્સી) વોશિંગ્ટન । તા. 16

વિશ્વની સૌથી શક્તિશાળી સેના હોવાનો દાવો કરતા અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અત્યારે ઈરાન સામેના સંઘર્ષમાં એકલા પડતા દેખાઈ રહ્યા છે. હોર્મુઝ સ્ટ્રેટની સુરક્ષાને લઈને ટ્રમ્પે સાત જેટલા સાથી દેશો પાસે સૈન્ય મદદની ગુહાર લગાવી છે, જે તેમની વધતી જતી લાચારીના સંકેત આપે છે. ઈરાન દ્વારા તેલ પરિવહનનો માર્ગ બંધ કરવાની ધમકી બાદ અમેરિકાએ મિત્ર રાષ્ટ્રોને યુદ્ધ જહાજો મોકલવા વિનંતી કરી હતી, પરંતુ મોટાભાગના પ્રભુત્વશાળી દેશોએ આ જંગથી અંતર જાળવી રાખવાનું પસંદ કર્યું છે.

અત્યાર સુધી આક્રમક વલણ અપનાવનારા ડોનાલ્ડ ટ્રમ્પ હવે સમજાવટની ભાષા પર ઉતરી આવ્યા છે. એરફોર્સ વન પરથી નિવેદન આપતા તેમણે જણાવ્યું કે, હોર્મુઝ સ્ટ્રેટની સુરક્ષા માટે અમેરિકા 7 દેશો સાથે સતત વાટાઘાટો કરી રહ્યું છે. જોકે, આ વિનંતીમાં કડકાઈ કરતા લાચારી વધુ દેખાઈ રહી છે. ટ્રમ્પે ચીન, જાપાન, ફ્રાન્સ અને બ્રિટન જેવા દેશો પાસેથી અપેક્ષા રાખી હતી કે તેઓ પોતાના ઉર્જા સ્ત્રોતોની સુરક્ષા માટે યુદ્ધ જહાજો તૈનાત કરે. પરંતુ આ દેશોએ અમેરિકાના આ યુદ્ધમાં સીધી રીતે કૂદવાને બદલે મૌન સેવ્યું છે.

### વૈશ્વિક ઉર્જા બજાર પર જોખમ

હોર્મુઝ સ્ટ્રેટ વિશ્વનો સૌથી સંવેદનશીલ ચોક પોઈન્ટ છે, જ્યાંથી દરરોજ ૨૦ મિલિયન બેરલ તેલ પસાર થાય છે, જે વિશ્વના કુલ વપરાશના ૨૦ ટકા છે. જો આ માર્ગ લાંબો સમય અવરોધાયેલો રહેશે, તો ભારત અને ચીન જેવી મોટી અર્થવ્યવસ્થાઓને સીધી અસર થશે. ટ્રમ્પનો દાવો છે કે ઈરાનની મિસાઈલ ઉત્પાદન ક્ષમતા ૮૦ ટકા ઘટી ગઈ છે, તેમ છતાં સાથી દેશોના ઈનકારને કારણે અમેરિકા હવે આ વ્યૂહાત્મક માર્ગ પર પોતાની પકડ ગુમાવી રહ્યું હોય તેવું દેખાઈ રહ્યું છે.

## ન્યૂઝ બ્રીફ

### ભારત-કેનેડા કૌશલ્ય તાલીમ ભાગીદારી મજબૂત કરવા કેનેડિયન નેતાઓ મેદાને



નવી દિલ્હી | ભારત અને કેનેડા વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને નવી ઊંચાઈ પર લઈ જવા માટે શિક્ષણ અને કૌશલ્ય વિકાસના ક્ષેત્રે એક મહત્વપૂર્ણ કદમ ઉઠાવવામાં આવ્યું છે. કેનેડાની અગ્રણી કોલેજો અને સંસ્થાઓના પ્રમુખોનું એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ એક સપ્તાહની ભારત મુલાકાતે આવી પહોંચ્યું છે. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચે કૌશલ્ય વિકાસ અને કાર્યબળ તાલીમમાં સહયોગ વધારવાનો છે. ફેબ્રુઆરી ૨૦૨૬માં કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીની ભારત મુલાકાત બાદ આ અભિયાનને વધુ વેગ મળ્યો છે. ‘કોલેજીસ એન્ડ ઈન્સ્ટિટ્યુટ્સ કેનેડા’ (CICan) ના નેતૃત્વમાં આ પ્રતિનિધિમંડળ ૧૬ થી ૨૦ માર્ચ દરમિયાન નવી દિલ્હી, બેંગલુરુ અને મુંબઈની મુલાકાત લેશે. આ દરમિયાન તેઓ ભારત સરકારના અધિકારીઓ, ખાનગી ક્ષેત્રના અગ્રણીઓ અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ સાથે બેઠકો યોજશે. મીડિયા અહેવાલ મુજબ, આ ચર્ચાઓનો મુખ્ય વિષય ભવિષ્યના વૈશ્વિક બજાર માટે તૈયાર એવા કુશળ શ્રમિકોનું નિર્માણ કરવાનો છે. કેનેડાનું પ્રાયોગિક શિક્ષણ મોડેલ ભારતીય વિદ્યાર્થીઓ માટે વરદાન સાબિત થઈ શકે છે.

### હોર્મુઝ મુદ્દે જાપાનનો ઈનકાર ટ્રમ્પની અપીલ ઠુકરાવી દીધી



ટોક્યો | મિડલ ઈસ્ટમાં વધતા જતા તણાવ અને હોર્મુઝ સ્ટ્રેટમાં સર્જાયેલા અવરોધ વચ્ચે જાપાને એક અત્યંત મહત્વપૂર્ણ વ્યૂહાત્મક નિર્ણય લીધો છે. જાપાનના સંરક્ષણ મંત્રી શિંજીરો કોઇઝુમીએ અમેરિકાના સંરક્ષણ સચિવ પીટ હેગસેથ સાથેની ટેલિફોનિક વાતચીતમાં સ્પષ્ટ કર્યું છે કે, જાપાન અત્યારે હોર્મુઝમાં પોતાના યુદ્ધ જહાજો તૈનાત કરવાના મૂડમાં નથી. આ જાહેરાત એવા સમયે આવી છે જ્યારે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પોતાના સાથી દેશો પર આ દરિયાઈ માર્ગની સુરક્ષા માટે સૈન્ય મદદ મોકલવા સતત દબાણ કરી રહ્યા છે. જાપાનના સંરક્ષણ મંત્રીએ જણાવ્યું હતું કે, હોર્મુઝ સ્ટ્રેટ અને સમગ્ર મધ્ય પૂર્વમાં શાંતિ અને સ્થિરતા જાળવવી અત્યંત આવશ્યક છે, પરંતુ તે માટે સૈન્ય બળનો ઉપયોગ કરવાને બદલે રાજદ્વારી માર્ગો શોધવા જોઈએ. હેગસેથે ખાતરી આપી હતી કે ઈરાન સાથેના સંઘર્ષ છતાં જાપાનમાં તૈનાત અમેરિકન દળોની સ્થિતિમાં કોઈ ફેરફાર થશે નહીં. તેમ છતાં, જાપાને અમેરિકા સાથે ગાઢ સંપર્ક જાળવી રાખવાની ઈચ્છા વ્યક્ત કરી છે, પરંતુ સીધી સૈન્ય સંડોવણીથી દૂરી બનાવી લીધી છે.

## હોર્મુઝ સ્ટ્રેટની નાકેબંધીથી વિશ્વમાં હાહાકાર, અમેરિકા અને ઈઝરાયેલ વિરુદ્ધ જંગમાં ઈરાન મક્કમ

# રશિયા ચીનનો ઈરાનને સૈન્ય સહયોગ મળતા જંગ ભભૂકી ઉઠી

(એજન્સી) તેહરાન । તા. 16

પશ્ચિમ એશિયામાં છેલ્લા બે અઠવાડિયાથી ચાલી રહેલા લોહિયાળ યુદ્ધે હવે વિશ્વયુદ્ધ જેવું ભયાનક સ્વરૂપ ધારણ કર્યું છે. ઈરાને રવિવારે એક એવો ધડાકો કર્યો છે જેનાથી વોશિંગ્ટનથી લઈને તેલ અવીવ સુધી ભૂકંપ આવી ગયો છે. ઈરાની વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ સત્તાવાર રીતે સ્વીકાર્યું છે કે અમેરિકા અને ઈઝરાયેલ વિરુદ્ધની આ જંગમાં રશિયા અને ચીન જેવી મહાસત્તાઓ ઈરાનને સક્રિય લશ્કરી મદદ પૂરી પાડી રહી છે. આ ખુલાસાએ સાબિત કરી દીધું છે કે આ લડાઈ હવે માત્ર બે દેશો વચ્ચે સીમિત નથી રહી, પરંતુ તેમાં વૈશ્વિક શક્તિઓ મેદાનમાં ઉતરી ચૂકી છે.

ઈરાની વિદેશ મંત્રીએ એક મહત્વના ઈન્ટરવ્યુમાં સ્પષ્ટપણે જણાવ્યું કે ચીન અને રશિયા તેમના ‘વ્યૂહાત્મક ભાગીદારો’ છે. અરાઘચીએ વધુમાં ઉમેર્યું કે, “અમને રાજકીય અને આર્થિક સ્તર ઉપરાંત સૈન્ય સ્તરે પણ મજબૂત સહયોગ પ્રાપ્ત થઈ રહ્યો છે.” જોકે તેમણે સુરક્ષાના કારણોસર આ સૈન્ય મદદની વિગતો જાહેર કરવાનો ઈનકાર કર્યો હતો, પરંતુ તેમના આ નિવેદને પશ્ચિમી દેશોની ઊંઘ ઉડાવી દીધી છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ અગાઉ શંકા વ્યક્ત કરી હતી કે રશિયા યુક્રેન જંગનો બદલો લેવા માટે ઈરાનને ગુપ્ત રીતે મદદ કરી રહ્યું છે. મીડિયા અહેવાલ મુજબ, રશિયા ઈરાનને અમેરિકી સૈન્ય ઠેકાણાઓની અત્યંત સંવેદનશીલ અને ગુપ્ત માહિતી પૂરી પાડી રહ્યું હોવાની પૂરેપૂરી શક્યતા છે.

વિશ્વના સૌથી મહત્વના જળમાર્ગ ગણાતા ‘હોર્મુઝ સ્ટ્રેટ’ અંગે ઈરાને કડક વલણ અપનાવ્યું છે. અરાઘચીએ જાહેરાત કરી છે કે હાલના તબક્કે હોર્મુઝની સામુદ્રધુનીને સંપૂર્ણ રીતે ખોલવાનો તેમનો કોઈ ઈરાદો નથી. આ નાકેબંધીને કારણે વૈશ્વિક તેલ બજારમાં મોટો ઉછાળો આવવાની ભીતિ છે. ઈરાને ચેતવણી આપી છે કે જો તેમના ખાર્ગ આઈલેન્ડ કે ઓઈલ ફેસિલિટીઝ પર હુમલો કરવામાં આવશે, તો તેઓ આ



ક્ષેત્રમાં સક્રિય અમેરિકી તેલ કંપનીઓ પર સીધો હુમલો કરશે. આ સાથે જ ખાડી દેશો પર વળતા પ્રહારની ધમકીએ આરબ જગતમાં પણ ફફડાટ ફેલાવી દીધો છે.

શાંતિ મંત્રણાની આશા રાખતા દેશોને ઝટકો આપતા ઈરાને સ્પષ્ટ કર્યું છે કે અત્યારે કોઈ પણ પ્રકારની સમજૂતી શક્ય નથી. અરાઘચીએ જણાવ્યું કે યુદ્ધ ત્યારે જ અટકી શકે જ્યારે ઈરાન પર ફરી હુમલા નહીં થાય તેની નક્કર આંતરરાષ્ટ્રીય ગેરેંટી આપવામાં આવે. આ ઉપરાંત, ઈરાને અત્યાર સુધીના હુમલામાં થયેલા ભારે નુકસાન માટે જંગી વળતરની માંગ પણ કરી છે. ઈરાનનું આ આક્રમક વલણ સૂચવે છે કે રશિયા અને ચીનના પીઠબળને કારણે તેની શક્તિમાં ધરખમ વધારો થયો છે.

ઈરાને એક ચોંકાવનારો દાવો કરતા જણાવ્યું છે કે અમેરિકાએ ઈરાનના પ્રખ્યાત ‘શાહિદ’ ડ્રોનની નકલ કરીને ‘લુકાસ’ નામનું નવું ડ્રોન બનાવ્યું છે. ઈરાનનો આરોપ છે કે અમેરિકા આ ડ્રોનનો ઉપયોગ આરબ દેશોના રહેણાંક વિસ્તારો પર હુમલો કરવા માટે કરી રહ્યું છે, જેથી તેનો દોષ ઈરાન પર ઢોળી શકાય અને આરબ દેશો સાથેના સંબંધો બગાડી શકાય. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ઈરાને પોતાના સૈન્ય ઓપરેશન્સ માત્ર અમેરિકી ઠેકાણાઓ સુધી જ સીમિત હોવાનો દાવો કર્યો છે. આ વૈશ્વિક ષડયંત્રના આરોપોએ યુદ્ધની જટિલતામાં ઓર વધારો કર્યો છે.

## લઘુમતીઓ પર અત્યાચાર રોકવા માંગ

# વડાપ્રધાન તારિક રહેમાનને પત્ર લખી ગંભીર રજૂઆત



(એજન્સી) ઢાકા । તા. 16

બાંગ્લાદેશમાં તાજેતરમાં થયેલા સત્તા પલટા અને નવી સરકારની રચના બાદ હવે માનવ અધિકારોના રક્ષણ માટે વૈશ્વિક સ્તરે અવાજ ઉઠાવવામાં આવ્યો છે. એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ અને હ્યુમન રાઈટ્સ વોચ સહિતની નવ પ્રતિષ્ઠિત માનવ અધિકાર સંસ્થાઓએ વડાપ્રધાન તારિક રહેમાનને એક સંયુક્ત પત્ર લખીને દેશમાં માનવ અધિકારોને પ્રાથમિકતા આપવા આગ્રહ કર્યો છે. ફેબ્રુઆરીમાં થયેલી સામાન્ય ચૂંટણીમાં પ્રચંડ બહુમતી સાથે સત્તામાં આવેલી BNP સરકાર સમક્ષ અનેક પડકારો છે, જેમાં લોકશાહી મૂલ્યોની પુનઃસ્થાપના સૌથી મહત્વની છે.

શેખ હસીનાના ૧૫ વર્ષના શાસનનો ૨૦૨૪માં અંત આવ્યા બાદ વચગાળાની સરકાર હેઠળ ચૂંટણી યોજાઈ હતી. જોકે, આ સંક્રમણ કાળ દરમિયાન પણ પત્રકારો, ધાર્મિક લઘુમતીઓ અને સાંસ્કૃતિક કેન્દ્રો પર ભીડ દ્વારા હિંસાના અનેક કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા હતા. હ્યુમન રાઈટ્સ વોચના એશિયા ડેપ્યુટી ડાયરેક્ટર મીનાક્ષી ગાંગુલીએ જણાવ્યું છે કે, તારિક રહેમાન પાસે પરિવર્તન લાવવા માટે મોટો જનાદેશ છે. આ સફળતા ત્યારે જ શક્ય બનશે જ્યારે સ્વતંત્ર સંસ્થાઓ જવાબદારીપૂર્વક કામ કરે અને અભિવ્યક્તિની સ્વતંત્રતા તેમજ ધાર્મિક આઝાદીનું રક્ષણ સુનિશ્ચિત કરવામાં આવે. માનવ અધિકાર સંગઠનોએ પત્રમાં અનેક મહત્વની માંગણીઓ રજૂ કરી છે, જેમાં મનસ્વી ધરપકડ બંધ કરવા, ભૂતકાળમાં થયેલા માનવ અધિકાર ભંગના ગુનેગારોને સજા કરવા અને વિવાદાસ્પદ ‘રેપિડ એક્શન બટાલિયન’ (RAB) ને નાબૂદ કરવાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, બાંગ્લાદેશમાં આશરો લઈ રહેલા ૧૦ લાખથી વધુ રોહિંગ્યા શરણાર્થીઓના અધિકારોનું રક્ષણ કરવા અને એક સ્વતંત્ર રાષ્ટ્રીય માનવ અધિકાર પંચની સ્થાપના કરવા માટે પણ ભાર મૂકવામાં આવ્યો છે.

# પાકિસ્તાનમાં બાળ શોષણના કેસમાં આઠ ટકાનો ચિંતાજનક ઉછાળો

(એજન્સી) ઇસ્લામાબાદ । તા. 16

પાકિસ્તાનમાં બાળકોની સુરક્ષાને લઈને ફરી એકવાર ગંભીર સવાલો ઉભા થયા છે. વર્ષ ૨૦૨૫ દરમિયાન પાકિસ્તાનમાં બાળ શોષણના કેસમાં આઠ ટકાનો વધારો નોંધાયો છે, જે અત્યંત ચિંતાજનક બાબત છે. જાણીતી બાળ સુરક્ષા સંસ્થા ‘સાહિલ’ દ્વારા જાહેર કરાયેલા નવા આંકડા મુજબ, સમગ્ર દેશમાં કુલ ૩,૬૩૦ બાળકો અત્યાચારનો ભોગ બન્યા છે. આ અહેવાલ પાકિસ્તાનના વિવિધ પ્રાંતો અને મુખ્ય શહેરોના અખબારી અહેવાલોના આધારે તૈયાર કરવામાં આવ્યો છે, જે દેશમાં કથળતી જતી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિનો ચિતાર આપે છે.

ભોગ બનનાર માસૂમોમાં કન્યાઓનું પ્રમાણ ૫૩ ટકા એટલે કે ૧,૯૨૪ કેસ છે, જ્યારે છોકરાઓ પરના અત્યાચારના ૧,૬૨૫ કેસ નોંધાયા છે. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે ૧૧૬ કિસ્સાઓમાં તો નવજાત શિશુઓને પણ નિશાન બનાવવામાં આવ્યા છે. ગુનાખોરીની શ્રેણીમાં અપહરણ સૌથી આગળ છે, ત્યારબાદ સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય અને દુષ્કર્મના સેંકડો કેસોએ માનવતાને શર્મસાર કરી છે. મીડિયા અહેવાલ મુજબ, જાતીય શોષણ બાદ ૫૮ બાળકોની નિર્મમ હત્યા પણ કરી દેવામાં આવી છે. પ્રાદેશિક દ્રષ્ટિએ જોતા પાકિસ્તાનનું પંજાબ રાજ્ય સૌથી વધુ અસુરક્ષિત સાબિત થયું છે, જ્યાં કુલ કેસના ૭૩ ટકા ગુનાઓ આચરવામાં આવ્યા છે. ત્યારબાદ સિંધમાં ૨૧ ટકા અને ખૈબર-પખ્તુનખ્વા પ્રદેશમાં ૪ ટકા કેસ નોંધાયા છે. આ આંકડા દર્શાવે છે કે ૧૧ થી ૧૫ વર્ષની વયના બાળકો સૌથી વધુ અસુરક્ષિત છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, મોટાભાગના કિસ્સાઓમાં ગુનેગારો પીડિતોના પરિચિતો અથવા પાડોશીઓ જ હોવાનું સામે આવ્યું છે, જે સામાજિક સુરક્ષાના માળખા પર પ્રશ્નાર્થ ચિહ્ન મૂકે છે.

# દુબઈ એરપોર્ટ પર ડ્રોન હુમલો ફ્યુઅલ ટેન્ક સળગી ઉઠી

### અબુ ધાબીમાં મિસાઈલ હુમલો એક પેલેસ્ટાઈનીનું મોત થયું

(એજન્સી) દુબઈ । તા. 16

મધ્ય પૂર્વના દેશોમાં સ્થિતિ અત્યંત સ્ફોટક બની રહી છે. વિશ્વના સૌથી વ્યસ્ત મનાતા દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ડ્રોન હુમલો થતા સમગ્ર આરબ જગત અને વૈશ્વિક ઉડ્ડયન ક્ષેત્રમાં ફફડાટ વ્યાપી ગયો છે. આ હુમલાને કારણે એરપોર્ટ નજીક આવેલી ફ્યુઅલ ટેન્કમાં ભીષણ આગ લાગી હતી, જેના પગલે વિમાની સેવાઓ તાત્કાલિક અસરથી સ્થગિત કરી દેવામાં આવી છે. બીજી તરફ, સંયુક્ત આરબ અમીરાતની રાજધાની અબુ ધાબી પણ મિસાઈલ હુમલાનો શિકાર બની છે, જેમાં એક નિર્દોષ નાગરિકે પોતાનો જીવ ગુમાવ્યો છે.

દુબઈ સિવિલ એવિએશન ઓથોરિટીના જણાવ્યા અનુસાર, ડ્રોન હુમલા બાદ સુરક્ષાના કારણોસર તમામ ફ્લાઈટ્સને જેબેલ અલી સ્થિત અલ મકતુમ એરપોર્ટ પર ડાયવર્ટ કરવામાં આવી



છે. હુમલાને પગલે એરપોર્ટ ટનલ અને મુખ્ય માર્ગો બંધ કરી દેવામાં આવ્યા છે. સિવિલ ડિફેન્સની ટીમોએ કલાકોની જહેમત બાદ ફ્યુઅલ ટેન્કની આગ પર કાબૂ મેળવ્યો છે. મીડિયા અહેવાલ મુજબ, અત્યારે સમગ્ર વિસ્તારને છાવણીમાં ફેરવી દેવામાં આવ્યો છે અને મુસાફરોની સુરક્ષાને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે.

યુદ્ધની આ જ્વાળાઓ હવે અબુ ધાબી સુધી પહોંચી છે. અલ બહ્યા વિસ્તારમાં એક નાગરિક વાહન પર મિસાઈલ પડતાં પેલેસ્ટાઈનના એક નાગરિકનું કરુણ મોત નીપજ્યું છે. સ્થાનિક વહીવટી તંત્રએ લોકોને અફવાઓથી બચવા અને સત્તાવાર સૂચનાઓનું પાલન કરવા એડવાઈઝરી જાહેર કરી છે. દરમિયાન, કુવૈતે પણ પોતાની સરહદમાં ઘૂસેલા બે ડ્રોનને તોડી પાડ્યા હોવાના સમાચાર છે, જે દર્શાવે છે કે આ સંઘર્ષ હવે સીમાઓ ઓળંગી રહ્યો છે.

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ ઘટનાક્રમ પર કડક વલણ અપનાવતા જણાવ્યું છે કે તેઓ ઈરાનની ડ્રોન ફેક્ટરીઓને નિશાન બનાવી રહ્યા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ઈઝરાયલ પાસે પણ હવે ડિફેન્સ મિસાઈલોનો જથ્થો ખૂટી રહ્યો છે, જે ચિંતાનો વિષય છે. બીજી તરફ, ઓસ્કારના મંચ પરથી પણ હોલિવૂડ કલાકારોએ આ માનવીય સંકટ અને યુદ્ધ રોકવા માટે અપીલ કરી છે. ઈરાને ચેતવણી આપી છે કે ઈઝરાયલના હુમલાઓ પર્યાવરણ માટે મોટો ખતરો છે અને તેની સજા ચોક્કસ મળશે.

**સંશોધન** | અંતરિક્ષમાં માનવ વસાહત અને ખોરાકની શોધ, ટેક્સાસ યુનિવર્સિટીનું અંતરિક્ષ સંશોધન દુનિયા સ્તબ્ધ

# હવે ચંદ્રની ધૂળમાં ઉગાશે દેશી ચણા વિજ્ઞાનીઓને મળી સફળતા

(એજન્સી) વોશિંગ્ટન । તા. 16

માનવજાત હવે પૃથ્વીની મર્યાદાઓ ઓળંગીને અન્ય ગ્રહો પર વસવાટ કરવાના સપના સાકાર કરવા તરફ આગળ વધી રહી છે. અમેરિકાની ટેક્સાસ એએન્ડએમ યુનિવર્સિટીના વિજ્ઞાનીઓએ એક અત્યંત મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. તેમણે ચંદ્રની ધૂળ મિશ્રિત માટીમાં ચણા ઉગાડવાનો સફળ પ્રયોગ કર્યો છે. આ સંશોધન ભવિષ્યમાં ચંદ્ર પર માનવ વસાહત સ્થાપવા માટે ગેમ-ચેન્જર સાબિત થઈ શકે તેમ છે. લાંબા સમયના અંતરિક્ષ પ્રવાસ અને અન્ય ગ્રહો પર વસવાટ દરમિયાન ખોરાકની સમસ્યા સૌથી મોટી હોય છે, જેનો ઉકેલ હવે ‘માયલેસ’ નામની ચણાની જાત દ્વારા મળતો દેખાઈ રહ્યો છે.

આ અનોખા પ્રયોગ માટે વિજ્ઞાનીઓએ નાસાના અપોલો મિશન દરમિયાન મેળવેલી ચંદ્રની ધૂળ (રિગોલિથ)ના નમૂનાઓ જેવી જ કૃત્રિમ માટી તૈયાર કરી હતી. આ માટીમાં સીધો પાક ઉગાડવો અશક્ય હતો, તેથી વિજ્ઞાનીઓએ તેમાં પૃથ્વીના અળસિયા



દ્વારા તૈયાર કરવામાં આવેલું વર્મિકોમ્પોસ્ટ (સેન્દ્રીય ખાતર) ભેળવ્યું હતું. ત્યારબાદ ચણાના બીજ પર ખાસ પ્રકારની ફૂગનું પડ ચડાવી તેને આ મિશ્રણમાં રોપવામાં આવ્યા હતા. હવામાં નિયંત્રિત ચેમ્બરમાં હાથ ધરાયેલા આ પ્રયોગમાં ૭૫ ટકા ચંદ્રની ધૂળ ધરાવતી જમીનમાં ચણાનો પાક લણી શકાય તેટલો તૈયાર થયો હતો. જોકે, ૧૦૦ ટકા ચંદ્રની ધૂળમાં છોડનો વિકાસ થઈ શક્યો નહોતો, જે સૂચવે છે કે હજુ પણ થોડા પોષક તત્વોની જરૂરિયાત રહેશે.

ટેક્સાસ યુનિવર્સિટીના જમીન અને પાક વિજ્ઞાન વિભાગમાં સંશોધન કરી રહેલા નાસાના ફેલો જેસિકા એટકિન્સના જણાવ્યા મુજબ, ચણા એ પ્રોટીન અને અન્ય પોષક તત્વોનો ખજાનો છે. અંતરિક્ષયાત્રીઓ માટે તે એક આદર્શ ખોરાક બની શકે છે. ચંદ્ર પર વસવાટ કરનારા લોકો માટે સ્થાનિક સ્તરે જ ખોરાક ઉગાડવો અનિવાર્ય છે, કારણ કે પૃથ્વી પરથી દર વખતે ભોજન પહોંચાડવું આર્થિક રીતે અત્યંત ખર્ચાળ છે. વળી, આ છોડ પ્રકાશસંશ્લેષણ દ્વારા ઓક્સિજન પણ પેદા કરે છે, જે ચંદ્ર પર જીવંત વાતાવરણ ઊભું કરવામાં મદદરૂપ થશે. જોકે, આ સફળતા છતાં વિજ્ઞાનીઓ હજુ સાવચેતી વર્તી રહ્યા છે. ચંદ્રની ધૂળમાં એલ્યુમિનિયમ અને લોખંડ જેવી ધાતુઓનું પ્રમાણ ઘણું વધારે હોય છે. લોખંડ માનવ શરીર માટે જરૂરી છે, પરંતુ એલ્યુમિનિયમ સ્વાસ્થ્ય માટે ઘાતક નીવડી શકે છે. હાલમાં આ ઉગાડવામાં આવેલા ચણામાં ધાતુનું પ્રમાણ કેટલું છે અને તે ખાવાલાયક છે કે નહીં તેની તપાસ ચાલી રહી છે.

# મિડલ ઈસ્ટમાં બોમ્બમારા વચ્ચે ભારતીય ઓઈલ ટેન્કર જગ લાડકી સુરક્ષિત

(એજન્સી) નવી દિલ્હી । તા. 16

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ભીષણ બોમ્બમારા અને તણાવપૂર્ણ માહોલ વચ્ચે ભારત માટે રાહતના સમાચાર આવ્યા છે. સંયુક્ત આરબ અમીરાત (UAE) ના ફુજૈરા ઓઈલ ટર્મિનલ પર હુમલો થયો હોવા છતાં, ભારતીય ઓઈલ ટેન્કર જગ લાડકી ૮૦,૮૦૦ ટન ક્રૂડ ઓઈલનો જથ્થો લઈને સુરક્ષિત રીતે ભારત આવવા રવાના થયું છે. રવિવારે સવારે રવાના થયેલા આ જહાજમાં સવાર તમામ ભારતીય ક્રૂ મેમ્બરો સહીસલામત હોવાની પુષ્ટિ સરકાર દ્વારા કરવામાં આવી છે.

૧૪ માર્ચના રોજ જ્યારે ફુજૈરા ટર્મિનલ પર હુમલો થયો ત્યારે ‘જગ લાડકી’ ત્યાં ક્રૂડ ઓઈલ લોડ કરી રહ્યું હતું. અત્યંત જોખમી પરિસ્થિતિ હોવા છતાં, ભારતીય જહાજે પોતાનું મિશન પૂર્ણ કર્યું અને દુશ્મન દેશોના બોમ્બમારા વચ્ચેથી સલામત માર્ગ કાઢ્યો છે. હોર્મુઝ સ્ટ્રેટમાં યુદ્ધની સ્થિતિને કારણે શિપિંગ સેવાઓ ખોરવાઈ છે, ત્યારે આ ચોથું ભારતીય જહાજ છે જે યુદ્ધગ્રસ્ત ક્ષેત્રમાંથી હેમખેમ બહાર નીકળવામાં સફળ રહ્યું છે. મીડિયા અહેવાલ મુજબ, આ જહાજમાં રહેલું મુર્બન ક્રૂડ ભારતની ઉર્જા સુરક્ષા માટે અત્યંત મહત્વનું છે. ભારતીય રાજદ્વારી પ્રયાસોને કારણે માત્ર ‘જગ લાડકી’ જ નહીં, પરંતુ ગેસ લઈને આવતા અન્ય બે જહાજો ‘શિવાલિક’ અને ‘નંદા દેવી’ પણ હોર્મુઝ સ્ટ્રેટ પાર કરી ચૂક્યા છે. ‘શિવાલિક’ ૧૬ માર્ચે ગુજરાતના મુન્દ્રા બંદરે અને ‘નંદા દેવી’ ૧૭ માર્ચે કંડલા બંદરે પહોંચવાની અપેક્ષા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, હોર્મુઝ સ્ટ્રેટના પશ્ચિમ અને પૂર્વ ભાગમાં કુલ ૨૮ જહાજો ફસાયેલા હતા, જેમાં ભારતનું ‘જગ પ્રકાશ’ પણ સામેલ હતું, જે હવે ઓમાનથી તાંઝાનિયા તરફ આગળ વધી રહ્યું છે.

# ચૂંટણી જાહેર થતાં જ તમિલનાડુના ઓપિનિયન પોલે સ્ટાલિનની ઊંઘ ઊડાવી, NDA માટે ગુડ ન્યૂઝ!

(એજન્સી) ચેન્નાઈ | તા.16

તમિલનાડુ વિધાનસભા ચૂંટણીનું બ્યૂગલ ફૂંકાઈ ચૂક્યું છે. ચૂંટણી પંચ દ્વારા ચૂંટણીની તારીખ જાહેર થયા બાદ આવેલા પ્રથમ ઓપિનિયન પોલે રાજ્યના રાજકારણમાં ગરમાવો લાવી દીધો છે. આ ઓપિનિયન પોલ સત્તારુઢ DMK માટે ચિંતાજનક સમાચાર લાવ્યા છે, કારણ કે તેમાં સત્તારુઢ પાર્ટીનું પત્તુ સાફ થતું નજર આવી રહ્યું છે. બીજી તરફ, NDA ફરી એકવાર સત્તામાં વાપસી કરતી દેખાઈ રહી છે, જે તેમના માટે ગુડ ન્યૂઝ છે.મેટ્રાઈઝ-IANS દ્વારા કરવામાં આવેલા સર્વે પ્રમાણે, સત્તારુઢ DMK અને તેના સાથીઓને 104 થી 114 બેઠકો મળવાનું અનુમાન છે. જ્યારે AIADMK ના નેતૃત્વ હેઠળ ચૂંટણી લડી રહેલા NDA, જેમાં ભાજપ પણ સામેલ છે, તે આ ચૂંટણીમાં લગભગ 114 થી 127 બેઠકો પર જીત હાંસલ કરતી નજર આવી રહી છે. આમ, વિરોધી ગઠબંધન આગળ વધી રહ્યું છે અને હાલ સત્તામાં રહેલી પાર્ટીને કઠિન પડકારનો સામનો કરવો પડી શકે છે.બીજી તરફ, અભિનેતામાંથી રાજકારણી બનેલા વિજયની પાર્ટી TVK પણ આ ચૂંટણીમાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે. સર્વે પ્રમાણે, TVK 6 થી 12 બેઠકો પર જીત હાંસલ કરતી નજર આવી રહી છે. વિજય શરૂઆતથી જ DMK અને AIADMK થી અલગ ત્રીજા પક્ષ તરીકે પોતાના રાજકીય પક્ષને આગળ વધારતા રહ્યા છે, અને તેમની ભૂમિકા આ ચૂંટણીમાં નિર્ણાયક સાબિત થઈ શકે છે. આજે જ સામે આવેલા એક અહેવાલ પ્રમાણે, રાજ્યમાં પોતાની સત્તા સ્થાપવાનો પ્રયાસ કરી રહેલી ભારતીય જનતા પાર્ટીએ TVKના વિજયને ગઠબંધનની ખુલ્લી ઓફર આપી છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ભાજપે વિજય સામે ડેપ્યુટી સીએમનો પ્રસ્તાવ મૂક્યો છે અને NDA તરફથી વિજયની TVK ને 80 બેઠકોની પણ ઓફર આપી છે. જો વિજય પોતાની પાર્ટી સાથે NDA માં જોડાય છે, તો રાજ્યના ચૂંટણી પરિણામો સંપૂર્ણપણે પલટી જશે તેવું ભાજપના સૂત્રોનું માનવું છે. જોકે, ભાજપ સાથે હાથ મિલાવવો વિજય માટે મુશ્કેલ સ્થિતિ પેદા કરી શકે તેમ છે. વિજયના નજીકના સલાહકારોમાં પણ આ સંભવિત ગઠબંધનને લઈને ગંભીર ચિંતાઓ સેવાઈ રહી છે. વિજય શરૂઆતથી જ DMK અને AIADMK થી અલગ ત્રીજા પક્ષ તરીકે પોતાના રાજકીય પક્ષને આગળ વધારતા રહ્યા છે, અને હવે કોઈપણ પક્ષમાં જોડાવાથી તેમની રાજકીય છબી ખરડાય શકે છે. આમ, વિજય માટે આ સમયે ગઠબંધન કરવું કે એકલા હાથે લડવું, તે તેમના રાજકીય ભવિષ્ય માટે નિર્ણાયક સાબિત થશે.

# ભારતીય ટેન્કર 'જગ લાડકી' હોર્મુઝની ખાડીમાંથી સુરક્ષિત બહાર નીકળ્યું

(એજન્સી) નવી દિલ્હી | તા.16

મધ્ય-પૂર્વમાં અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા ભીષણ યુદ્ધની વચ્ચે ભારત માટે રાહતના મોટા સમાચાર આવ્યા છે. સંયુક્ત આરબ અમીરાત (UAE) ના ફુજૈરા બંદરેથી ૮૦,૮૦૦ ટન મુર્બન ક્રૂડ ઓઈલ ભરીને ભારતીય ધ્વજ ધરાવતું ટેન્કર 'જગ લાડકી' હોર્મુઝની ખાડીમાંથી સુરક્ષિત રીતે પસાર થઈ ગયું છે. કેન્દ્ર સરકારે રવિવારે આ અંગેની પુષ્ટિ કરતા જણાવ્યું કે, યુદ્ધ જેવી સ્થિતિ અને ઓઈલ ટર્મિનલ પર હુમલા છતાં ભારતીય જહાજ અને તેનો તમામ ક્રૂ સુરક્ષિત છે.કેન્દ્ર સરકારના જણાવ્યા અનુસાર, ૧૪ માર્ચના રોજ જ્યારે 'જગ લાડકી' ફુજૈરાના સિંગલ પોઈન્ટ મુરિંગ પર ક્રૂડ ઓઈલ લોડ કરી રહ્યું હતું, ત્યારે જ ઈરાન દ્વારા ફુજૈરા ઓઈલ ટર્મિનલ પર હુમલો કરવામાં આવ્યો હતો. આ ભયાનક સ્થિતિ હોવા છતાં, ભારતીય જહાજે સફળતાપૂર્વક ઓઈલ લોડિંગ પૂર્ણ કર્યું અને હોર્મુઝની ખાડી પાર કરી ભારત તરફ રવાના થઈ ગયું છે. ઉલ્લેખનીય છે કે, અગાઉ શિવાલિક, નંદા દેવી અને જગ પ્રકાશ એમ ત્રણ ટેન્કરો પણ સુરક્ષિત રીતે બહાર નીકળી શક્યા છે. દેશમાં રાંધણ ગેસ (LPG) ના પર્યાપ્ત જથ્થા અંગે કેન્દ્ર સરકારની વારંવારની હૈયાધારણની હવે હકારાત્મક અસર જોવા મળી રહી છે. ગત શનિવાર સુધી જે એલપીજી રિફિલ બુકિંગ ૮૮.૮ લાખ હતું, તે રવિવારે ઘટીને ૭૭ લાખ થયું છે. એટલે કે અંદાજે ૧૧ લાખ બુકિંગમાં ઘટાડો થયો છે, જે સૂચવે છે કે લોકોમાં ગભરાટભરી ખરીદી (Panic Buying) હવે ઓછી થઈ છે. બીજી તરફ, ઓઈલ માર્કેટિંગ કંપનીઓના પ્રયાસોથી ડિજિટલ બુકિંગનું પ્રમાણ ૮૪ ટકાથી વધીને ૮૭ ટકા પર પહોંચ્યું છે. દેશમાં ઈંધણનો પુરવઠો જાળવી રાખવા માટે કેન્દ્ર સરકારે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. જે ગ્રાહકો પાસે પહેલેથી જ પાઈપ કૂકિંગ ગેસ (PNG) કનેક્શન છે, તેમને હવેથી એલપીજી સિલિન્ડર આપવામાં આવશે નહીં. આ પગલાથી ગેસ વિતરકો પરનું દબાણ ઘટશે.

# 3 રાજ્યો અને ૧૧ બેઠકો: રાજ્યસભાની ચૂંટણીમાં ખરાખરીનો જંગ, કોણ મારશે બાજી?

નવી દિલ્હી: દેશના ત્રણ મહત્વના રાજ્યો–બિહાર, હરિયાણા અને ઓડિશામાં ખાલી પડેલી રાજ્યસભાની ૧૧ બેઠકો માટે આજે સોમવારે (૧૬મી માર્ચ) મતદાન થઈ રહ્યું છે. બેઠકોની સંખ્યા સામે ઉમેદવારોની સંખ્યા વધુ હોવાથી તમામ રાજ્યોમાં મુકાબલો અત્યંત રસાકસીભર્યો બન્યો છે. દરેક પક્ષો પોતાના ઉમેદવારને જીતાડવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યા છે, ત્યારે ક્યાંક 'ક્રૉસ વોટિંગ' તો ક્યાંક 'રિઝોર્ટ પોલિટિક્સ'ના દ્રશ્યો જોવા મળી રહ્યા છે.

**બિહારમાં** ૫ બેઠકો માટે ૬ ઉમેદવારો મેદાનમાં હોવાથી જંગ જામ્યો છે. ભાજપ અને જેડીયુના ચાર ઉમેદવારોની જીત નિશ્ચિત મનાય છે, પરંતુ ખરી લડાઈ પાંચમી બેઠક માટે છે જ્યાં NDA સમર્થિત ઉપેન્દ્ર કુશવાહા અને RJDના અમરેન્દ્ર ધારી સિંહ વચ્ચે સીધી ટક્કર છે. અસદુદ્દીન ઓવૈસીની AIMIM ના ૫ ધારાસભ્યોએ RJD ને ટેકો જાહેર કરતા NDA ની ચિંતા વધી છે. કુશવાહાને જીતવા માટે વધારાના મતોની જરૂર છે, જે હવે અપક્ષો અને નાના પક્ષો પર નિર્ભર છે.

**ઓડિશાની** ૪ બેઠકો માટે ૫ ઉમેદવારો મેદાનમાં છે. ભાજપે મનમોહન સમાલ અને સુજીત કુમાર ઉપરાંત અપક્ષ ઉમેદવાર દિલીપ રેને પણ સમર્થન આપ્યું છે. અહીં એક બેઠક જીતવા ૩૦ પ્રથમ પસંદગીના મતોની જરૂર છે. ભાજપ પાસે ૮૨ ધારાસભ્યો છે, જે ૩ બેઠકો માટે જરૂરી આંકડાથી ૮ જેટલા ઓછા છે. આ સ્થિતિમાં બીજેડીમાં ભંગાણ અથવા કોંગ્રેસમાં ક્રૉસ વોટિંગ થાય તો જ ભાજપ સમર્થિત અપક્ષ ઉમેદવાર જીતી શકે તેમ છે.

**હરિયાણામાં** ૨ બેઠકો માટે ૩ ઉમેદવારો મેદાનમાં છે. ભાજપના સંજય ભાટિયાની જીત નિશ્ચિત છે, પરંતુ બીજી બેઠક પર કોંગ્રેસના કરમવીર બૌદ્ધ અને ભાજપ સમર્થિત અપક્ષ સતીષ નંદલ વચ્ચે ખરાખરીનો જંગ છે. ભૂતકાળમાં પેન કેન્સલ થવા જેવી ઘટનાઓથી બોધપાઠ લઈને કોંગ્રેસે તેના ધારાસભ્યોને શિમલામાં વાડાબંધી કરી રાખી હતી, જેથી કોઈ પણ પ્રકારનું જોખમ ટાળી શકાય.આ રાજ્યસભા ચૂંટણી માત્ર બેઠકો મેળવવા માટે નથી, પરંતુ તે રાજકીય પક્ષોના આંતરિક સંગઠન અને ગઠબંધનની મજબૂતીની કસોટી પણ છે.

**કૃત્રિમ તંગી** | **એલપીજીની અછત વચ્ચે કોલસા માટે મચી દોડધામ**

# કોલસાની માંગમાં 80 ટકાનો ઉછાળો આવતાં બેફામ કાળાબજાર



(એજન્સી) પુણે | તા.16

મહારાષ્ટ્રના પુણે શહેરમાં હાલ એલપીજી (LPG) સિલિન્ડરની તીવ્ર અછત વર્તાઈ રહી છે. આ પરિસ્થિતિનો ગેરલાભ ઉઠાવીને કેટલાક વેપારીઓએ હવે વૈકલ્પિક ઈંધણ એવા કોલસા અને લાકડાના કાળાબજાર શરૂ કરી દીધા છે. છેલ્લા ૨૪ કલાકમાં કોલસાની માંગમાં એકાએક ૮૦ ટકાનો ઉછાળો આવતા સપ્લાયરોએ સંઘરાખોરી શરૂ કરી છે, જેના કારણે સામાન્ય નાગરિકો અને હોટલ સંચાલકોની મુશ્કેલીમાં વધારો થયો છે. એલપીજી સિલિન્ડર ન મળતા પુણેના નાર્હે અને આસપાસના વિસ્તારોમાં રહેતી ગૃહિણીઓએ હવે કોલસાથી ચાલતા સ્ટવ (sigri) ખરીદવાનું શરૂ કર્યું છે. અનેક હાઉસિંગ સોસાયટીના રહીશો ગેસના વિકલ્પરૂપે ૫ થી ૧૦ કિલો કોલસાનો જથ્થો એકસાથે ખરીદી રહ્યા છે. બીજી તરફ, પુણેનો રેસ્ટોરાં ઉદ્યોગ પણ પડી ભાંગવાની અણી પર છે. નેશનલ રેસ્ટોરાં એસોસિયેશન ઓફ ઈન્ડિયા (NRAI) પુણે ચેપ્ટરના જણાવ્યા મુજબ, હોટલોએ હવે હાયબ્રિડ કોલસા અને લાકડા પર આધાર રાખવો પડી રહ્યો છે. પુણેના કોલસા વેપારીઓના જણાવ્યા અનુસાર, કોલસાનો સપ્લાય પૂરતો હોવા છતાં કેટલાક ડીલર્સ ઉંચા ભાવ પડાવવા માટે કૃત્રિમ તંગી ઉભી કરી રહ્યા છે. જે કોલસો અગાઉ કિલોના ૩૨ ના ભાવે મળતો હતો, તેના ભાવ હવે વધીને ૪૫ થી ૫૦ સુધી પહોંચી ગયા છે. માત્ર કોલસો જ નહીં, પણ બળતણના લાકડા મેળવવા પણ હવે મુશ્કેલ બન્યા છે કારણ કે લોકોએ તેનો સંગ્રહ કરવાનું શરૂ કરી દીધું છે. એલપીજીની અછત માત્ર રસોડા સુધી મર્યાદિત નથી. ફરસાણ, નમકીન અને ચિપ્સ બનાવતા ઉત્પાદકોએ પણ હવે ડીઝલ અથવા કોલસા જેવા મોંઘા ઈંધણનો ઉપયોગ કરવો પડી રહ્યો છે. આને કારણે ઉત્પાદન ખર્ચ વધતા આગામી દિવસોમાં ખાણીપીણીની ચીજવસ્તુઓના ભાવમાં પણ વધારો થવાની પૂરેપૂરી શક્યતા છે.

## એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઈન્ડિયા) લિમિટેડ (આર્સિલ)

Arcil Premier ARC

**વિવિધ આર્સિલ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કાર્યરત**
**આર્સિલ ઓફિસ: ધ રૂબી, 10મો માળ, 29, સેનાપતિ બાપટ માર્ગ, દાદર (પશ્ચિમ) મુંબઈ-400028**
**વેબસાઈટ: https://auction.arcil.co.in; CIN-U65999MH2002PLC134884**

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 (SARFAESI ACT) ની સત્તા હેઠળ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમો 6, 8 અને 9 સાથે વાંચતા ઓનલાઈન ઈ-હરાજી દ્વારા વેચાણ માટેની જાહેર નોટિસ.
સામાન્ય જનતાને અને ખાસ કરીને લોન લેનાર (ઓ)/ જામીનદાર (ઓ)/ ગીરોદાર (ઓ) ને આથી નોટિસ આપવામાં આવે છે કે નીચે વર્ણવેલી સ્થાવર મિલકત/તો જે એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઈન્ડિયા) લિમીટેડ, વિવિધ આર્સિલ ટ્રસ્ટો ('ARCIL') ના ટ્રસ્ટી તરીકેની ક્ષમતામાં (નોંધાયેલ અસાઈનમેન્ટ એગ્રીમેન્ટ્સ દ્વારા નાણાકીય અસ્કયામતોની સોંપણી મુજબ) ગીરો/ચાર્જ થયેલ છે, તેનું વેચાણ 'જે છે જ્યાં છે', 'જે છે જેવું છે', 'જે કંઈ પણ છે' અને 'કોઈપણ આશરો લીધા વિનાના ધોરણે' ઓનલાઈન ઈ-હરાજી દ્વારા કરવામાં આવશે. આ વેચાણ સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 ('એક્ટ') ની જોગવાઈઓ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ('નિયમો') ના નિયમો 6, 8 અને 9 મુજબ નીચે વિગતવાર જણાવેલ બાકી રકમ સાથે વધુ વ્યાજ, ચાર્જ અને ખર્ચ વગેરેની વસૂલાત માટે કરવામાં આવશે.

| ઉધાર લેનાર/સહ-ઋણ લેનાર/ઓ/ જામીનદાર/ઓ/ ગીરો લેનાર/ઓ | LAN નંબર અને વેચાણ બેંક | ટ્રસ્ટનું નામ | SARFAESI નોટિસ તારીખ 16.02.2026 મુજબ કબજો પ્રકાર અનેતારીખ | કબજો પ્રકાર અને તારીખ | નિરીક્ષણ તારીખ | મિલકતનો પ્રકાર અને ક્ષેત્રફળ | અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) | અનામત કિંમત | ઈ ઓક્સનની તારીખ / સમય ઓક્સનની વેબસાઈટ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| લોન લેનાર: અરબ વાહિદ સહ-લોન લેનાર: અરબ યાસ્મીનબાનુ અબ્દુલવાહિદ | 32149420000091 જના સ્મોલ ફાયનાન્સ બેંક લિ. | આર્સિલ-ટ્રસ્ટ-2026-005 | રૂ. 18,37,347/- (રૂપિયા અઢાર લાખ સાડત્રીસ હજાર ત્રણસો સુડતાલીસ પૂરા) | 01/12/2024 | વિનંતી મુજબ | 61.66 ચો. મીટર | રૂ. 1,00,700/- (રૂપિયા એક લાખ સાતસો પૂરા) | રૂ. 10,07,000/- (રૂપિયા દસ લાખ સાત હજાર પૂરા) | 02/04/2026 ના રોજ બપોરે 03:00 કલાકે |

હરાજીમાં મુકાયેલી સુરક્ષિત સંપત્તિનું વર્ણન: બિન-ખેતીલાયક જમીન પર બાંધવામાં આવેલી રહેણાંક સ્થાવર મિલકત જેનો સર્વે નંબર 16/2 પૈકી, પ્લોટ નંબર 5 અને 6 પૈકી, બ્લોક 'D', બીજો માળ, ફ્લેટ નંબર D-3(203), સ્કીમનું નામ ક્રિષ્ના રેસીડેન્સી, જે આશરે 61.66 ચો.મીટર છે, જે ખલીપુર, તા. મોડાસા, જી. અરવલ્લી ખાતે આવેલી છે. જેની ચતુર્દિશા: પૂર્વમાં: ફ્લેટ નંબર D-4(204), પશ્ચિમમાં: ફ્લેટ નંબર D-2(202), ઉત્તરમાં: ફ્લેટ નંબર C-6(306), દક્ષિણમાં: ફ્લેટ નંબર D-6(206) આવેલ છે.

| | | |
|---|---|---|
| ARCILને જાણીતા બાકી મુકદ્દમા: NIL | ડિમાન્ડ ડ્રાફ્ટ આના નામે બનાવવામાં આવશે: ARCIL-TRUST-2026-005 | RTGS વિગતો: બેંક ખાતા નં. 57500001783971, બેંકનું નામ: HDFC , |
| ARCIL ને જાણીતા બોજો/કરજો: NIL | બિડ વધારાની રકમ : બિડ દસ્તાવેજમાં જણાવ્યા મુજબ | IFSC: HDFC0000542, શાખાનું સરનામું: કમલા મિલ્સ કમ્પાઉન્ડ |
| બિડ સબમિટ કરવાની છેલ્લી તારીખ: હરાજીના 2 કલાક પહેલા તે જ દિવસે | સમાન ભાવે ચૂકવવાપાત્ર | સંપર્ક વ્યક્તિનું નામ અને નંબર: યશસ્કર શર્મા- 9898335003 અને રંજન નાઈક- 6362951653 |

**નિયમો અને શરતો:**
1. હરાજીનું વેચાણ HTTPS://AUCTION.ARCIL.CO.IN વેબસાઈટ દ્વારા ઈ-હરાજી મારફત અને બિડ દસ્તાવેજના નિયમો અને શરતો અને તેમાં નિર્ધારિત પ્રક્રિયા મુજબ હાથ ધરવામાં આવી રહ્યું છે.
2. ઈન્ટરનેટ કનેક્ટિવિટી, નેટવર્ક સમસ્યાઓ, સિસ્ટમ ક્રેશ ડાઉન, પાવર ફેલ્યોર વગેરે માટે અધિકૃત અધિકારી ('AO')/ ARCIL ને જવાબદાર ગણવામાં આવશે નહીં.
3. હરાજીના કોઈપણ તબક્કે, AO કોઈપણ કારણ આપ્યા વિના અને કોઈપણ પૂર્વ સૂચના વિના બિડ/ઓફર સ્વીકારી/નકારી/સુધારી/રદ કરી શકે છે અથવા હરાજી મોકૂફ રાખી શકે છે.
4. સફળ ખરીદનાર/બિડર લાગુ પડતા કાયદા મુજબ સુરક્ષિત મિલકત તેમના નામે ટ્રાન્સફર કરવા માટે ચૂકવવાપાત્ર કોઈપણ વૈધાનિક લેણાં, ટેક્સ, ફી, ખરીદ કિંમત પર લાગુ પડતો GST, સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ફી વગેરે ભોગવવાની રહેશે.
5. ઈચ્છુક બિડરોએ તેમની બિડ સબમિટ કરતા પહેલા બોજો, સુરક્ષિત મિલકતનું ટાઈટલ અને સુરક્ષિત મિલકતોને અસર કરતા દાવાઓ/હકો/લેણાં, જેમાં વૈધાનિક લેણાં વગેરેનો સમાવેશ થાય છે, તે અંગે પોતાની સ્વતંત્ર તપાસ/ડ્યુ ડિલિજન્સ કરવી જોઈએ. હરાજીની આ જાહેરાત ARCIL ની કોઈપણ પ્રતિબદ્ધતા કે રજૂઆત ગણાશે નહીં. ARCIL ના અધિકૃત અધિકારી કોઈપણ તૃતીય-પક્ષના દાવા/હકો/લેણાં માટે કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં.
6. સમાચારપત્રમાં પ્રકાશિત હરાજી નોટિસમાં નિર્દિષ્ટ વિગતો નીચે સહી કરનારની શ્રેષ્ઠ માહિતી મુજબ જણાવવામાં આવી છે; જોકે નીચે સહી કરનાર કોઈપણ ભૂલ, ખોટા નિવેદન અથવા વિસંગતતા માટે જવાબદાર રહેશે નહીં.
7. લેણદાર/ જામીનદારો/ ગીરો મૂકનાર, જેઓ સદર બાકી લેણાં માટે જવાબદાર છે, તેમણે આ વેચાણ નોટિસને ઉપરોક્ત હરાજી વેચાણના આયોજન અંગે સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સના નિયમ 8 અને 9 હેઠળની નોટિસ તરીકે ગણવી.
8. જો અહીં નિર્ધારિત હરાજી કોઈપણ કારણોસર નિષ્ફળ જાય, તો ARCIL ને નિયમો અને એક્ટના નિયમ 8(5) ની જોગવાઈઓ હેઠળ અન્ય કોઈપણ પદ્ધતિ દ્વારા સુરક્ષિત મિલકત વેચવાનો અધિકાર છે.

**સ્થળ: ગુજરાત, તારીખ: 17.03.2026** | **Sd/- અધિકૃત અધિકારી, એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઈન્ડિયા) લિમિટેડ**

## એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઈન્ડિયા) લિમિટેડ (આર્સિલ)

Arcil Premier ARC

**વિવિધ આર્સિલ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કાર્યરત**
**આર્સિલ ઓફિસ: ધ રૂબી, 10મો માળ, 29, સેનાપતિ બાપટ માર્ગ, દાદર (પશ્ચિમ) મુંબઈ-400028**
**વેબસાઈટ: https://auction.arcil.co.in; CIN-U65999MH2002PLC134884**

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 (SARFAESI ACT) ની સત્તા હેઠળ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમો 6, 8 અને 9 સાથે વાંચતા ઓનલાઈન ઈ-હરાજી દ્વારા વેચાણ માટેની જાહેર નોટિસ.
સામાન્ય જનતાને અને ખાસ કરીને લોન લેનાર (ઓ)/ જામીનદાર (ઓ)/ ગીરોદાર (ઓ) ને આથી નોટિસ આપવામાં આવે છે કે નીચે વર્ણવેલી સ્થાવર મિલકત/તો જે એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઈન્ડિયા) લિમીટેડ, વિવિધ આર્સિલ ટ્રસ્ટો ('ARCIL') ના ટ્રસ્ટી તરીકેની ક્ષમતામાં (નોંધાયેલ અસાઈનમેન્ટ એગ્રીમેન્ટ્સ દ્વારા નાણાકીય અસ્કયામતોની સોંપણી મુજબ) ગીરો/ચાર્જ થયેલ છે, તેનું વેચાણ 'જે છે જ્યાં છે', 'જે છે જેવું છે', 'જે કંઈ પણ છે' અને 'કોઈપણ આશરો લીધા વિનાના ધોરણે' ઓનલાઈન ઈ-હરાજી દ્વારા કરવામાં આવશે. આ વેચાણ સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 ('એક્ટ') ની જોગવાઈઓ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ('નિયમો') ના નિયમો 6, 8 અને 9 મુજબ નીચે વિગતવાર જણાવેલ બાકી રકમ સાથે વધુ વ્યાજ, ચાર્જ અને ખર્ચ વગેરેની વસૂલાત માટે કરવામાં આવશે.

| ઉધાર લેનાર/સહ-ઋણ લેનાર/ઓ/ જામીનદાર/ઓ/ ગીરો લેનાર/ઓ | LAN નંબર અને વેચાણ બેંક | ટ્રસ્ટનું નામ | SARFAESI નોટિસ તારીખ 16.02.2026 મુજબ કબજો પ્રકાર અનેતારીખ | કબજો પ્રકાર અને તારીખ | નિરીક્ષણ તારીખ | મિલકતનો પ્રકાર અને ક્ષેત્રફળ | અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) | અનામત કિંમત | ઈ ઓક્સનની તારીખ / સમય ઓક્સનની વેબસાઈટ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| લોન લેનાર: બેલીમ રિઝવાન સહ-લોન લેનાર: બેલીમ રૂબીનાબાનુ રિજવાન | 31969420002252 જના સ્મોલ ફાયનાન્સ બેંક લિ. | આર્સિલ-ટ્રસ્ટ-2026-005 | રૂ. 20,01,979.05 (રૂપિયા વીસ લાખ એક હજાર નવસો ઓગણ્યાસી અને પાંચ પૈસા પૂરા) | 09/11/2024 | વિનંતી મુજબ | 67.0762 ચો. મીટર | રૂ. 1,05,600/- (રૂપિયા એક લાખ પાંચ હજાર છસો પૂરા) | રૂ. 10,56,000/- (રૂપિયા દસ લાખ છપ્પન હજાર પૂરા) | 02/04/2026 ના રોજ બપોરે 02:30 કલાકે |

હરાજીમાં મુકાયેલી સુરક્ષિત સંપત્તિનું વર્ણન: સિટી સર્વે નંબર 3, ટીક્કા નંબર 5/6, સનદ નંબર 2921 ધરાવતી તમામ રહેણાંક સ્થાવર મિલકત જેનું ક્ષેત્રફળ 67.0762 ચો.મીટર છે. જે કસબા, મહેસાણા, તા. અને જી. મહેસાણા, ઉત્તર ગુજરાત ખાતે આવેલી છે.

| | | |
|---|---|---|
| ARCILને જાણીતા બાકી મુકદ્દમા: NIL | ડિમાન્ડ ડ્રાફ્ટ આના નામે બનાવવામાં આવશે: ARCIL-TRUST-2026-005 | RTGS વિગતો: બેંક ખાતા નં. 57500001783971, બેંકનું નામ: HDFC , |
| ARCIL ને જાણીતા બોજો/કરજો: NIL | બિડ વધારાની રકમ : બિડ દસ્તાવેજમાં જણાવ્યા મુજબ | IFSC: HDFC0000542, શાખાનું સરનામું: કમલા મિલ્સ કમ્પાઉન્ડ |
| બિડ સબમિટ કરવાની છેલ્લી તારીખ: હરાજીના 2 કલાક પહેલા તે જ દિવસે | સમાન ભાવે ચૂકવવાપાત્ર | સંપર્ક વ્યક્તિનું નામ અને નંબર: યશસ્કર શર્મા- 9898335003 અને રંજન નાઈક- 6362951653 |

**નિયમો અને શરતો:**
1. હરાજીનું વેચાણ HTTPS://AUCTION.ARCIL.CO.IN વેબસાઈટ દ્વારા ઈ-હરાજી મારફત અને બિડ દસ્તાવેજના નિયમો અને શરતો અને તેમાં નિર્ધારિત પ્રક્રિયા મુજબ હાથ ધરવામાં આવી રહ્યું છે.
2. ઈન્ટરનેટ કનેક્ટિવિટી, નેટવર્ક સમસ્યાઓ, સિસ્ટમ ક્રેશ ડાઉન, પાવર ફેલ્યોર વગેરે માટે અધિકૃત અધિકારી ('AO')/ ARCIL ને જવાબદાર ગણવામાં આવશે નહીં.
3. હરાજીના કોઈપણ તબક્કે, AO કોઈપણ કારણ આપ્યા વિના અને કોઈપણ પૂર્વ સૂચના વિના બિડ/ઓફર સ્વીકારી/નકારી/સુધારી/રદ કરી શકે છે અથવા હરાજી મોકૂફ રાખી શકે છે.
4. સફળ ખરીદનાર/બિડર લાગુ પડતા કાયદા મુજબ સુરક્ષિત મિલકત તેમના નામે ટ્રાન્સફર કરવા માટે ચૂકવવાપાત્ર કોઈપણ વૈધાનિક લેણાં, ટેક્સ, ફી, ખરીદ કિંમત પર લાગુ પડતો GST, સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ફી વગેરે ભોગવવાની રહેશે.
5. ઈચ્છુક બિડરોએ તેમની બિડ સબમિટ કરતા પહેલા બોજો, સુરક્ષિત મિલકતનું ટાઈટલ અને સુરક્ષિત મિલકતોને અસર કરતા દાવાઓ/હકો/લેણાં, જેમાં વૈધાનિક લેણાં વગેરેનો સમાવેશ થાય છે, તે અંગે પોતાની સ્વતંત્ર તપાસ/ડ્યુ ડિલિજન્સ કરવી જોઈએ. હરાજીની આ જાહેરાત ARCIL ની કોઈપણ પ્રતિબદ્ધતા કે રજૂઆત ગણાશે નહીં. ARCIL ના અધિકૃત અધિકારી કોઈપણ તૃતીય-પક્ષના દાવા/હકો/લેણાં માટે કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં.
6. સમાચારપત્રમાં પ્રકાશિત હરાજી નોટિસમાં નિર્દિષ્ટ વિગતો નીચે સહી કરનારની શ્રેષ્ઠ માહિતી મુજબ જણાવવામાં આવી છે; જોકે નીચે સહી કરનાર કોઈપણ ભૂલ, ખોટા નિવેદન અથવા વિસંગતતા માટે જવાબદાર રહેશે નહીં.
7. લેણદાર/ જામીનદારો/ ગીરો મૂકનાર, જેઓ સદર બાકી લેણાં માટે જવાબદાર છે, તેમણે આ વેચાણ નોટિસને ઉપરોક્ત હરાજી વેચાણના આયોજન અંગે સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સના નિયમ 8 અને 9 હેઠળની નોટિસ તરીકે ગણવી.
8. જો અહીં નિર્ધારિત હરાજી કોઈપણ કારણોસર નિષ્ફળ જાય, તો ARCIL ને નિયમો અને એક્ટના નિયમ 8(5) ની જોગવાઈઓ હેઠળ અન્ય કોઈપણ પદ્ધતિ દ્વારા સુરક્ષિત મિલકત વેચવાનો અધિકાર છે.

**સ્થળ: ગુજરાત, તારીખ: 17.03.2026** | **Sd/- અધિકૃત અધિકારી, એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઈન્ડિયા) લિમિટેડ**

## એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઈન્ડિયા) લિમિટેડ (આર્સિલ)

Arcil Premier ARC

**વિવિધ આર્સિલ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કાર્યરત**
**આર્સિલ ઓફિસ: ધ રૂબી, 10મો માળ, 29, સેનાપતિ બાપટ માર્ગ, દાદર (પશ્ચિમ) મુંબઈ-400028**
**વેબસાઈટ: https://auction.arcil.co.in; CIN-U65999MH2002PLC134884**

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 (SARFAESI ACT) ની સત્તા હેઠળ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમો 6, 8 અને 9 સાથે વાંચતા ઓનલાઈન ઈ-હરાજી દ્વારા વેચાણ માટેની જાહેર નોટિસ.
સામાન્ય જનતાને અને ખાસ કરીને લોન લેનાર (ઓ)/ જામીનદાર (ઓ)/ ગીરોદાર (ઓ) ને આથી નોટિસ આપવામાં આવે છે કે નીચે વર્ણવેલી સ્થાવર મિલકત/તો જે એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઈન્ડિયા) લિમીટેડ, વિવિધ આર્સિલ ટ્રસ્ટો ('ARCIL') ના ટ્રસ્ટી તરીકેની ક્ષમતામાં (નોંધાયેલ અસાઈનમેન્ટ એગ્રીમેન્ટ્સ દ્વારા નાણાકીય અસ્કયામતોની સોંપણી મુજબ) ગીરો/ચાર્જ થયેલ છે, તેનું વેચાણ 'જે છે જ્યાં છે', 'જે છે જેવું છે', 'જે કંઈ પણ છે' અને 'કોઈપણ આશરો લીધા વિનાના ધોરણે' ઓનલાઈન ઈ-હરાજી દ્વારા કરવામાં આવશે. આ વેચાણ સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 ('એક્ટ') ની જોગવાઈઓ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ('નિયમો') ના નિયમો 6, 8 અને 9 મુજબ નીચે વિગતવાર જણાવેલ બાકી રકમ સાથે વધુ વ્યાજ, ચાર્જ અને ખર્ચ વગેરેની વસૂલાત માટે કરવામાં આવશે.

| ઉધાર લેનાર/સહ-ઋણ લેનાર/ઓ/ જામીનદાર/ઓ/ ગીરો લેનાર/ઓ | LAN નંબર અને વેચાણ બેંક | ટ્રસ્ટનું નામ | SARFAESI નોટિસ તારીખ 16.02.2026 મુજબ કબજો પ્રકાર અનેતારીખ | કબજો પ્રકાર અને તારીખ | નિરીક્ષણ તારીખ | મિલકતનો પ્રકાર અને ક્ષેત્રફળ | અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) | અનામત કિંમત | ઈ ઓક્સનની તારીખ / સમય ઓક્સનની વેબસાઈટ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| લોન લેનાર: હરવાણી દીપકભાઈ મનુભાઈ,સહ-લોન લેનાર: ભાવના દીપક હરવાણી | 33369610000881 જના સ્મોલ ફાયનાન્સ બેંક લિ. | આર્સિલ-ટ્રસ્ટ-2026-005 | રૂ. 26,50,989/- (રૂપિયા છવીસ લાખ પચાસ હજાર નવસો નેવ્યાસી પૂરા) | 20/04/2025 | વિનંતી મુજબ | 75.16 ચો. મીટર | રૂ. 69,600/- (રૂપિયા અગણોસિત્તેર હજાર છસો પૂરા) | રૂ. 12,29,000/- (રૂપિયા બાર લાખ ઓગણત્રીસ હજાર પૂરા) | 02/04/2026 ના રોજ બપોરે 02:00 કલાકે |

હરાજીમાં મુકાયેલી સુરક્ષિત સંપત્તિનું વર્ણન: ફ્રીહોલ્ડ સ્થાવર મિલકતનો તમામ ભાગ અને પાર્સલ એટલે કે મકાન નંબર E-28, માત્ર ગ્રાઉન્ડ ફ્લોર, જેનું ક્ષેત્રફળ 809 ચોરસ ફૂટ છે, એટલે કે 75.16 ચો.મીટર, જેમાં જમીનમાં અવિભાજિત હિસ્સો અને 75.16 ચો.મીટરના બાંધકામ વિસ્તાર સાથે, જે 'પ્રેમનગર સિંધી કોલોની' તરીકે ઓળખાતી સ્કીમમાં આવેલ છે. આ મિલકત સિટી સર્વે નંબર 810 પૈકી, સર્વે નંબર 3-1 પૈકી, પ્લોટ નંબર 179 પૈકી, ટાઉન પ્લાનિંગ સ્કીમ નંબર 47, મોજે સૈજપુર બોઘા, તાલુકો વટવા, જિલ્લો અમદાવાદ અને રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રિક્ટ અમદાવાદ-6 (નરોડા) ની જમીન પર આવેલી છે. ચતુર્દિશા: પૂર્વમાં: શેરી, પશ્ચિમમાં: શેરી, ઉત્તરમાં: અન્ય મિલકત, દક્ષિણમાં: અન્ય મિલકત.

| | | |
|---|---|---|
| ARCILને જાણીતા બાકી મુકદ્દમા: NIL | ડિમાન્ડ ડ્રાફ્ટ આના નામે બનાવવામાં આવશે: ARCIL-TRUST-2026-005 | RTGS વિગતો: બેંક ખાતા નં. 57500001783971, બેંકનું નામ: HDFC , |
| ARCIL ને જાણીતા બોજો/કરજો: NIL | બિડ વધારાની રકમ : બિડ દસ્તાવેજમાં જણાવ્યા મુજબ | IFSC: HDFC0000542, શાખાનું સરનામું: કમલા મિલ્સ કમ્પાઉન્ડ |
| બિડ સબમિટ કરવાની છેલ્લી તારીખ: હરાજીના 2 કલાક પહેલા તે જ દિવસે | સમાન ભાવે ચૂકવવાપાત્ર | સંપર્ક વ્યક્તિનું નામ અને નંબર: યશસ્કર શર્મા- 9898335003 અને રંજન નાઈક- 6362951653 |

**નિયમો અને શરતો:**
1. હરાજીનું વેચાણ HTTPS://AUCTION.ARCIL.CO.IN વેબસાઈટ દ્વારા ઈ-હરાજી મારફત અને બિડ દસ્તાવેજના નિયમો અને શરતો અને તેમાં નિર્ધારિત પ્રક્રિયા મુજબ હાથ ધરવામાં આવી રહ્યું છે.
2. ઈન્ટરનેટ કનેક્ટિવિટી, નેટવર્ક સમસ્યાઓ, સિસ્ટમ ક્રેશ ડાઉન, પાવર ફેલ્યોર વગેરે માટે અધિકૃત અધિકારી ('AO')/ ARCIL ને જવાબદાર ગણવામાં આવશે નહીં.
3. હરાજીના કોઈપણ તબક્કે, AO કોઈપણ કારણ આપ્યા વિના અને કોઈપણ પૂર્વ સૂચના વિના બિડ/ઓફર સ્વીકારી/નકારી/સુધારી/રદ કરી શકે છે અથવા હરાજી મોકૂફ રાખી શકે છે.
4. સફળ ખરીદનાર/બિડર લાગુ પડતા કાયદા મુજબ સુરક્ષિત મિલકત તેમના નામે ટ્રાન્સફર કરવા માટે ચૂકવવાપાત્ર કોઈપણ વૈધાનિક લેણાં, ટેક્સ, ફી, ખરીદ કિંમત પર લાગુ પડતો GST, સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ફી વગેરે ભોગવવાની રહેશે.
5. ઈચ્છુક બિડરોએ તેમની બિડ સબમિટ કરતા પહેલા બોજો, સુરક્ષિત મિલકતનું ટાઈટલ અને સુરક્ષિત મિલકતોને અસર કરતા દાવાઓ/હકો/લેણાં, જેમાં વૈધાનિક લેણાં વગેરેનો સમાવેશ થાય છે, તે અંગે પોતાની સ્વતંત્ર તપાસ/ડ્યુ ડિલિજન્સ કરવી જોઈએ. હરાજીની આ જાહેરાત ARCIL ની કોઈપણ પ્રતિબદ્ધતા કે રજૂઆત ગણાશે નહીં. ARCIL ના અધિકૃત અધિકારી કોઈપણ તૃતીય-પક્ષના દાવા/હકો/લેણાં માટે કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં.
6. સમાચારપત્રમાં પ્રકાશિત હરાજી નોટિસમાં નિર્દિષ્ટ વિગતો નીચે સહી કરનારની શ્રેષ્ઠ માહિતી મુજબ જણાવવામાં આવી છે; જોકે નીચે સહી કરનાર કોઈપણ ભૂલ, ખોટા નિવેદન અથવા વિસંગતતા માટે જવાબદાર રહેશે નહીં.
7. લેણદાર/ જામીનદારો/ ગીરો મૂકનાર, જેઓ સદર બાકી લેણાં માટે જવાબદાર છે, તેમણે આ વેચાણ નોટિસને ઉપરોક્ત હરાજી વેચાણના આયોજન અંગે સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સના નિયમ 8 અને 9 હેઠળની નોટિસ તરીકે ગણવી.
8. જો અહીં નિર્ધારિત હરાજી કોઈપણ કારણોસર નિષ્ફળ જાય, તો ARCIL ને નિયમો અને એક્ટના નિયમ 8(5) ની જોગવાઈઓ હેઠળ અન્ય કોઈપણ પદ્ધતિ દ્વારા સુરક્ષિત મિલકત વેચવાનો અધિકાર છે.

**સ્થળ: ગુજરાત, તારીખ: 17.03.2026** | **Sd/- અધિકૃત અધિકારી, એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઈન્ડિયા) લિમિટેડ**

## એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઈન્ડિયા) લિમિટેડ (આર્સિલ)

Arcil Premier ARC

**વિવિધ આર્સિલ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કાર્યરત**
**આર્સિલ ઓફિસ: ધ રૂબી, 10મો માળ, 29, સેનાપતિ બાપટ માર્ગ, દાદર (પશ્ચિમ) મુંબઈ-400028**
**વેબસાઈટ: https://auction.arcil.co.in; CIN-U65999MH2002PLC134884**

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 (SARFAESI ACT) ની સત્તા હેઠળ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમો 6, 8 અને 9 સાથે વાંચતા ઓનલાઈન ઈ-હરાજી દ્વારા વેચાણ માટેની જાહેર નોટિસ.
સામાન્ય જનતાને અને ખાસ કરીને લોન લેનાર (ઓ)/ જામીનદાર (ઓ)/ ગીરોદાર (ઓ) ને આથી નોટિસ આપવામાં આવે છે કે નીચે વર્ણવેલી સ્થાવર મિલકત/તો જે એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઈન્ડિયા) લિમીટેડ, વિવિધ આર્સિલ ટ્રસ્ટો ('ARCIL') ના ટ્રસ્ટી તરીકેની ક્ષમતામાં (નોંધાયેલ અસાઈનમેન્ટ એગ્રીમેન્ટ્સ દ્વારા નાણાકીય અસ્કયામતોની સોંપણી મુજબ) ગીરો/ચાર્જ થયેલ છે, તેનું વેચાણ 'જે છે જ્યાં છે', 'જે છે જેવું છે', 'જે કંઈ પણ છે' અને 'કોઈપણ આશરો લીધા વિનાના ધોરણે' ઓનલાઈન ઈ-હરાજી દ્વારા કરવામાં આવશે. આ વેચાણ સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 ('એક્ટ') ની જોગવાઈઓ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ('નિયમો') ના નિયમો 6, 8 અને 9 મુજબ નીચે વિગતવાર જણાવેલ બાકી રકમ સાથે વધુ વ્યાજ, ચાર્જ અને ખર્ચ વગેરેની વસૂલાત માટે કરવામાં આવશે.

| ઉધાર લેનાર/સહ-ઋણ લેનાર/ઓ/ જામીનદાર/ઓ/ ગીરો લેનાર/ઓ | LAN નંબર અને વેચાણ બેંક | ટ્રસ્ટનું નામ | SARFAESI નોટિસ તારીખ 16.02.2026 મુજબ કબજો પ્રકાર અનેતારીખ | કબજો પ્રકાર અને તારીખ | નિરીક્ષણ તારીખ | મિલકતનો પ્રકાર અને ક્ષેત્રફળ | અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) | અનામત કિંમત | ઈ ઓક્સનની તારીખ / સમય ઓક્સનની વેબસાઈટ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| લોન લેનાર: રાવલ પુરણ બાલ સહ-લોન લેનાર: રાવલ પાર્વતી પુરણ | 45259420005602 જના સ્મોલ ફાયનાન્સ બેંક લિ. | આર્સિલ-ટ્રસ્ટ-2026-005 | રૂ. 13,27,250.98 (રૂપિયા તેર લાખ સત્તાવીસ હજાર બસો પચાસ અને અઠ્ઠાણું પૈસા પૂરા) | 29/11/2024 | વિનંતી મુજબ | 0-52-58 ચો. મીટર | રૂ. 1,20,800/- (રૂપિયા એક લાખ વીસ હજાર આઠસો પૂરા) | રૂ. 12,08,000/- (રૂપિયા બાર લાખ આઠ હજાર પૂરા) | 02/04/2026 ના રોજ બપોરે 03:30 કલાકે |

હરાજીમાં મુકાયેલી સુરક્ષિત સંપત્તિનું વર્ણન: સ્થાવર મિલકતનો તમામ ભાગ અને પાર્સલ જે પ્લોટ નંબર 23 (કે.જે.પી. મુજબ નવો બ્લોક નંબર 151-23) ધરાવે છે, જેનું ક્ષેત્રફળ 44.99 ચો.મીટર છે, તેની સાથે રોડ અને સી.ઓ.પી. (COP) ની જમીનનો 31.53 ચો.મીટરનો અવિભાજિત હિસ્સો, કુલ ક્ષેત્રફળ 76.52 ચો.મીટર છે. આ મિલકત 'શ્રી હરિ રેસીડેન્સી' માં આવેલ છે, જે બ્લોક નંબર 112 (રી-સર્વે/પ્રોમલગેશન મુજબ નવો બ્લોક નંબર 151) અને બ્લોક નંબર 123 (રી-સર્વે/ પ્રોમલગેશન મુજબ નવો બ્લોક નંબર 151) પૈકી નવો બ્લોક નંબર 151 પર આવેલ છે, જેનું ક્ષેત્રફળ હે. આરે. 0-52-58 ચો. મીટર છે, જે મોજે ગામ શેખપુર, તા. કામરેજ, જી. સુરત ખાતે આવેલ છે. ચતુર્દિશા: પૂર્વમાં: જોડાયેલ જમીન, પશ્ચિમમાં: પ્લોટ નંબર 24, ઉત્તરમાં: સોસાયટીનો રોડ, દક્ષિણમાં: પ્લોટ નંબર 32.

| | | |
|---|---|---|
| ARCILને જાણીતા બાકી મુકદ્દમા: NIL | ડિમાન્ડ ડ્રાફ્ટ આના નામે બનાવવામાં આવશે: ARCIL-TRUST-2026-005 | RTGS વિગતો: બેંક ખાતા નં. 57500001783971, બેંકનું નામ: HDFC , |
| ARCIL ને જાણીતા બોજો/કરજો: NIL | બિડ વધારાની રકમ : બિડ દસ્તાવેજમાં જણાવ્યા મુજબ | IFSC: HDFC0000542, શાખાનું સરનામું: કમલા મિલ્સ કમ્પાઉન્ડ |
| બિડ સબમિટ કરવાની છેલ્લી તારીખ: હરાજીના 2 કલાક પહેલા તે જ દિવસે | સમાન ભાવે ચૂકવવાપાત્ર | સંપર્ક વ્યક્તિનું નામ અને નંબર: યશસ્કર શર્મા- 9898335003 અને રંજન નાઈક- 6362951653 |

**નિયમો અને શરતો:**
1. હરાજીનું વેચાણ HTTPS://AUCTION.ARCIL.CO.IN વેબસાઈટ દ્વારા ઈ-હરાજી મારફત અને બિડ દસ્તાવેજના નિયમો અને શરતો અને તેમાં નિર્ધારિત પ્રક્રિયા મુજબ હાથ ધરવામાં આવી રહ્યું છે.
2. ઈન્ટરનેટ કનેક્ટિવિટી, નેટવર્ક સમસ્યાઓ, સિસ્ટમ ક્રેશ ડાઉન, પાવર ફેલ્યોર વગેરે માટે અધિકૃત અધિકારી ('AO')/ ARCIL ને જવાબદાર ગણવામાં આવશે નહીં.
3. હરાજીના કોઈપણ તબક્કે, AO કોઈપણ કારણ આપ્યા વિના અને કોઈપણ પૂર્વ સૂચના વિના બિડ/ઓફર સ્વીકારી/નકારી/સુધારી/રદ કરી શકે છે અથવા હરાજી મોકૂફ રાખી શકે છે.
4. સફળ ખરીદનાર/બિડર લાગુ પડતા કાયદા મુજબ સુરક્ષિત મિલકત તેમના નામે ટ્રાન્સફર કરવા માટે ચૂકવવાપાત્ર કોઈપણ વૈધાનિક લેણાં, ટેક્સ, ફી, ખરીદ કિંમત પર લાગુ પડતો GST, સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ફી વગેરે ભોગવવાની રહેશે.
5. ઈચ્છુક બિડરોએ તેમની બિડ સબમિટ કરતા પહેલા બોજો, સુરક્ષિત મિલકતનું ટાઈટલ અને સુરક્ષિત મિલકતોને અસર કરતા દાવાઓ/હકો/લેણાં, જેમાં વૈધાનિક લેણાં વગેરેનો સમાવેશ થાય છે, તે અંગે પોતાની સ્વતંત્ર તપાસ/ડ્યુ ડિલિજન્સ કરવી જોઈએ. હરાજીની આ જાહેરાત ARCIL ની કોઈપણ પ્રતિબદ્ધતા કે રજૂઆત ગણાશે નહીં. ARCIL ના અધિકૃત અધિકારી કોઈપણ તૃતીય-પક્ષના દાવા/હકો/લેણાં માટે કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં.
6. સમાચારપત્રમાં પ્રકાશિત હરાજી નોટિસમાં નિર્દિષ્ટ વિગતો નીચે સહી કરનારની શ્રેષ્ઠ માહિતી મુજબ જણાવવામાં આવી છે; જોકે નીચે સહી કરનાર કોઈપણ ભૂલ, ખોટા નિવેદન અથવા વિસંગતતા માટે જવાબદાર રહેશે નહીં.
7. લેણદાર/ જામીનદારો/ ગીરો મૂકનાર, જેઓ સદર બાકી લેણાં માટે જવાબદાર છે, તેમણે આ વેચાણ નોટિસને ઉપરોક્ત હરાજી વેચાણના આયોજન અંગે સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સના નિયમ 8 અને 9 હેઠળની નોટિસ તરીકે ગણવી.
8. જો અહીં નિર્ધારિત હરાજી કોઈપણ કારણોસર નિષ્ફળ જાય, તો ARCIL ને નિયમો અને એક્ટના નિયમ 8(5) ની જોગવાઈઓ હેઠળ અન્ય કોઈપણ પદ્ધતિ દ્વારા સુરક્ષિત મિલકત વેચવાનો અધિકાર છે.

**સ્થળ: ગુજરાત, તારીખ: 17.03.2026** | **Sd/- અધિકૃત અધિકારી, એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઈન્ડિયા) લિમિટેડ**

સિટી એક્સપ્રેસ

## ટ્યુશન ક્લાસમાં બેસવા બાબતે વિદ્યાર્થીએ મિત્રને છરી મારી

અમદાવાદ | અમદાવાદ શહેરમાં સ્કૂલમાં અભ્યાસ કરતા બાળકોમાં મારામારીના બનાવોમાં વધારો થઈ રહ્યો છે. ખોખરા વિસ્તારમાં સેન્ટ ઝેવિયર્સ અને ઘાટલોડિયાની નેશનલ સ્કૂલ બાદ શહેરના હીરાવાડી વિસ્તારમાં ધો.11માં અભ્યાસ કરતા એક વિદ્યાર્થીને બીજા વિદ્યાર્થીએ ટ્યુશન ક્લાસમાં બીજા રૂમમાં બેસવા બાબતે છરીનો ઘા મારી દીધો હતો.પેટમાં છરીનો ઘા વાગવાથી ઈજાગ્રસ્ત વિદ્યાર્થીને લોહીલુહાણ હાલતમાં સાથી સ્ટુડન્ટ રીક્ષામાં લઈ ગયો હતો. સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

## 'તંત્ર પરિણામ ભોગવવા તૈયાર રહે, ઉગ્ર આંદોલન કરીશું'

અમદાવાદ | અમદાવાદના ખોખરા અને CTM સાથે જોડતા વિવાદિત હાટકેશ્વર ઓવરબ્રિજ તોડવાની કામગીરીમાં બાકીના બે સ્પાન તોડવાના અસહ્ય વિલંબને લઈને હાટકેશ્વર વિસ્તારના તમામ શોપધારકો અને દુકાનદારો દ્વારા બંધ પાળવામાં આવ્યું છે.તમામ વેપારીઓ પોતાના ધંધા રોજગાર બંધ રાખીને વિરોધ કરવા સાથે રોજ થતો ટ્રાફિક જામ અવરજવરમાં પડતી ભારે હાલાકીઓ અને દિવસ-રાત કાટમાળના ઉડતા ધૂળ રજકણો અને સેપટના છવાતા આવરણોથી ત્રસ્ત થઈ સંપુર્ણ બંધ પાળવાની જાહેરાત કરીને આજે 16 માર્ચે વિસ્તારની તમામ દુકાનો બંધ કરવામાં આવી છે.

## વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ માટે રૂ. ૨,૬૩૩ કરોડ કરતાં વધુની જોગવાઈ: અર્જુન મોઢવાડિયા

# ગુજરાત બનશે વૈશ્વિક ટેકનોલોજી હબ

(એજન્સી) નવી દિલ્હી । તા. 09

વિધાનસભા ગૃહમાં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની અંદાજપત્રીય માગણીઓ પર ચર્ચા કરતાં મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું કે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત ટેકનોલોજીના વૈશ્વિક નકશા પર અગ્રેસર બનવા આગેકૂચ કરી રહ્યું છે. આ માટે રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટમાં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ માટે રૂ. ૨,૬૩૩.૭૨ કરોડ ફાળવીને એક મહત્વાકાંક્ષી કદમ ભર્યું છે. તેમણે કહ્યું કે આ બજેટ થકી રાજ્ય સેમિકન્ડક્ટર, સ્પેસ ટેક અને AI જેવી વિવિધ ટેક્નોલોજીના ક્ષેત્રમાં હરણફાળ ભરીને દેશ અને દુનિયામાં આગવું સ્થાન પ્રાપ્ત કરશે. આમ, ગુજરાત વડાપ્રધાનશ્રીના 'વિકસિત ભારત@૨૦૪૭'ના વિઝન સાથે STEM-Science, Technology, Engineering, Maths આધારિત જ્ઞાન સમાજ તરફ પ્રયાણ કરી રહ્યું છે.વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી મોઢવાડિયાએ ગર્વભેર કહ્યું હતું કે સેમિકન્ડક્ટર ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૧,૧૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત, સેમિકન્ડક્ટર નીતિ ૨૦૨૨-૨૭ અંતર્ગત રાજ્યમાં રૂ. ૧,૨૪,૯૩૩ કરોડના રોકાણ સાથે માઈક્રોન, ટાટા ઈલેક્ટ્રોનિક્સ, સી.જી. સેમિનું OSAT અને કેયન્સ સેમિકોન જેવી કંપનીઓ પ્લાન્ટ સ્થાપી રહી છે. જેના પરિણામે સેમિકન્ડક્ટર ક્ષેત્રે 'મેડ ઈન ગુજરાત'નો ડંકો સમગ્ર વિશ્વમાં ગૂંજશે. વધુમાં, મંત્રીશ્રીએ કહ્યું કે, તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે સાણંદ ખાતે કરવા આવેલા માઈક્રોન પ્લાન્ટના ઉદ્‌ઘાટન બાદ અહીં વ્યાપારી ઉત્પાદન શરૂ પણ થઈ ચૂક્યું છે.



### ઈલેક્ટ્રોનિક્સ ઉદ્યોગો માટે રૂ. ૧૫૦ કરોડ

વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટમાં રૂ. ૧૫૦ કરોડની જોગવાઈ પણ કરવામાં આવી છે. તદુપરાંત, આ નીતિ અંતર્ગત રાજ્યમાં કૌશલ્યવર્ધન માટે સેમિકન્ડક્ટર ATMP તાલીમ કેન્દ્ર અને IIT ગાંધીનગર ખાતે 'સિલિકોન એન્ડ એડવાન્સ્ડ સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ હબ'-SAMARTH, સમર્થની સ્થાપના પણ કરવામાં આવી છે. વધુમાં, ગુજરાત સરકારે અદ્યતન ટેકનોલોજી શિક્ષણ અને કૌશલ્ય વિકાસ પર કેન્દ્રિત રાજ્યનું પ્રથમ NIELIT સેન્ટર સ્થાપવા માટે અમદાવાદમાં ITI ચાંદખેડા ખાતે જગ્યા ફાળવી છે. રાજ્ય સરકાર, ચિપ-ઈન એક્સ્ટેન્શન સેન્ટર અને VLSI ડિઝાઈનમાં સેન્ટર ઑફ એક્સેલન્સની સ્થાપના કરવા માટે સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ એડવાન્સ્ડ કમ્પ્યુટિંગ C-DAC, બેંગલુરુ સાથે સહયોગ કરી રહી છે. આ કેન્દ્ર સેમિકન્ડક્ટર ડિઝાઈન, નવીનતા અને સાહસિકતા માટે રાજ્ય સ્તરીય હબ તરીકે કાર્ય કરશે.

### સાણંદ ખાતે EMC 2.0ના વિકાસ માટે રૂ. ૫૦ કરોડની જોગવાઇ

કેન્દ્ર સરકાર દ્વારા EMC 2.0 સ્કીમ અંતર્ગત ગુજરાતના ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન ખાતે ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરીંગ ક્લસ્ટર વિકસાવવા મંજુરી આપવામાં આવી છે તેમજ સાણંદમાં ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરીંગ ક્લસ્ટર વિકસાવવાની અરજી અગ્રિમ તબક્કામાં છે.

**વર્ષ ૨૦૨૬-૨૭ માટે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની અંદાજપત્રીય માંગણીઓ વિધાનસભામાં પસાર** વિધાનસભા ગૃહમાં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની અંદાજપત્રીય માગણીઓ પર ચર્ચા કરતાં મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું કે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત ટેકનોલોજીના વૈશ્વિક નકશા પર અગ્રેસર બનવા આગેકૂચ કરી રહ્યું છે. આ માટે રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટમાં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ માટે રૂ. ૨,૬૩૩.૭૨ કરોડ ફાળવીને એક મહત્વાકાંક્ષી કદમ ભર્યું છે.

### GCC પોલિસી અંતર્ગત રાજ્યમાં ૨૫૦ નવાં ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ આકર્ષવા અને ૫૦૦૦૦ નવી રોજગારી સર્જવાનું લક્ષ્ય

GCC પોલિસી અંતર્ગત વિગતો આપતા મંત્રીશ્રીએ કહ્યું હતું કે, રાજ્યમાં ૨૫૦ નવા ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ આકર્ષવા અને ૫૦ હજાર નવી રોજગારી સર્જવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. આ ઉપરાંત, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી-GTU અને એલ.ડી. કોલેજ ઓફ એન્જિનિયરિંગ, અમદાવાદ ખાતે એડવાન્સ્ડ 5G યુઝકેસ લેબ સ્થાપવા માટે વર્ષ ૨૦૨૬-૨૭ ના અંદાજપત્રમાં રૂ. 30 લાખની વિશેષ જોગવાઈ કરવામાં આવી છે. GIL એ ગિફ્ટ સિટી, ગાંધીનગર ખાતે NASSCOM અને Microsoft સાથે એમઓયુ કરી AI સેન્ટર ઓફ એક્સેલન્સની સ્થાપના કરી છે.

**Quick Read**

### 32 લાખ સિલિન્ડર ભરાય એટલો ગેસ લઈને 'શિવાલિક' જહાજ ગુજરાત પહોંચ્યું

(એજન્સી) અમદાવાદ | તા.15

વૈશ્વિક સ્તરે પ્રવર્તી રહેલી અશાંતિ અને યુદ્ધ જેવી સ્થિતિ વચ્ચે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના સફળ રાજદ્વારી પ્રયાસોને કારણે LPGનો જથ્થો લઈને ભારતનું 'શિવાલિક' જહાજ સુરક્ષિત રીતે ગુજરાતના મુંદ્રા બંદરે પહોંચ્યું છે. આ મહત્વપૂર્ણ સફળતા અંગે રાજ્યના પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ આજે ગુજરાત વિધાનસભા ગૃહમાં ગૌરવભેર માહિતી આપી હતી. ગૃહમાં સંબોધન કરતા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, હાલમાં ઈરાન, ઈઝરાયેલ અને અન્ય દેશો વચ્ચે જે પ્રકારનું સંકટ ઘેરાયેલું છે અને યુદ્ધનું વાતાવરણ છે, તેવા સમયે ભારતનું LPG ગેસ ભરેલું શિવાલિક જહાજ સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી સુરક્ષિત પસાર થઈને મુંદ્રા બંદરે ગુજરાતની ધરતી પર આવી પહોંચ્યું છે. આ ઉપરાંત અન્ય એક 'નંદદેવી' જહાજ પણ સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી સુરક્ષિત પસાર થઇ ગયું છે અને આવતીકાલે ગુજરાતના વાડીનાર બંદરે પહોંચશે. મંત્રીશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વની સરાહના કરતા ઉમેર્યું કે, વડાપ્રધાનશ્રીના નેતૃત્વ હેઠળ ડિપ્લોમેટીક રીતે ભારત આજે વિશ્વમાં એક અલગ ઊંચાઈ પર પહોંચ્યું છે. આ ડિપ્લોમેટીક સંબંધોના પરિણામે જ યુદ્ધ જેવી અશાંતિ વચ્ચે પણ ભારતના જહાજ સુરક્ષિત રીતે પસાર થઈ ચૂક્યા છે. તેમણે રશિયા-યુક્રેન યુદ્ધના સમયને યાદ કરતા કહ્યું કે, તે સમયે વડાપ્રધાનશ્રીના પ્રયાસોથી રશિયા અને યુક્રેનમાંથી યુદ્ધ રોકીને જે રીતે ભારતીય વિદ્યાર્થીઓને સલામત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા, તેવી જ કુશળતા આજે ફરી એકવાર જોવા મળી રહી છે. આ 'નવું ભારત' છે જેની તાકાત સમગ્ર વિશ્વ જોઈ રહ્યું છે.

### અમદાવાદ RTO ચાલી રહી છે ભાડાના મકાનમાં, 2 વર્ષમાં 2.33 કરોડ રૂપિયા ભાડુ ચુકવાયું




(એજન્સી) અમદાવાદ | તા.15

અમદાવાદ શહેરમાં RTO કચેરી હાલમાં ભાડાના મકાનમાં કાર્યરત છે. માહિતી અનુસાર, આ કચેરીના ભાડાના ખર્ચ પર ગયા બે વર્ષમાં લગભગ 2.33 કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે. વિગતવાર માહિતી મુજબ, RTO ભાડા પર ચાલતી કચેરી માટે પ્રતિ માસ 12,98,000 રૂપિયા ભાડું ચૂકવવામાં આવે છે. છેલ્લા બે વર્ષમાં કુલ 2,33,64,000 રૂપિયા ભાડાના રૂપે ચુકવ્યા ગયા છે. હાલની RTO ભાડાના મકાનમાં કાર્યરત હોવાથી કર્મચારીઓ અને દૈનિક કામગીરી માટે નિયમિત વ્યવસ્થા જાળવી રહી છે.જિલ્લા અને રાજ્ય સ્તરે વધતી જનસંખ્યાને ધ્યાનમાં રાખીને નવી RTO કચેરી બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. નવી RTO માટે વર્ષ 2019માં મંજૂરી આપવામાં આવી હતી અને વર્ષ 2020માં વર્ક ઓર્ડર બહાર પાડવામાં આવ્યો હતો.આગામી સમયમાં નવું મકાન RTO માટે ઉપયોગમાં લેવાશે.

## રાજ્યની શાળામાં AIનો અભ્યાસ દાખલ થશે, વિધાનસભા ગૃહમાં જાહેરાત



(એજન્સી) ગાંધીનગર | તા.17

રાજ્યના શિક્ષણ ક્ષેત્રમાં રાજ્ય સરકારની મહત્વપૂર્ણ જાહેરાત સામે આવી છે. રાજ્યના સાયન્સ અને ટેકનોલોજી પ્રધાન અર્જુન મોઢવાડિયા દ્વારા જાહેર કરાયું કે રાજ્યની શાળાઓમાં હવે AI અભ્યાસને અભ્યાસક્રમમાં ઉમેરવામાં આવશે. વિધાનસભા ગૃહમાં મંત્રી અર્જુન મોઢવાડિયાએ આ યોજના અંગેની જાહેરાત કરી હતી. શિક્ષણ મંત્રી અને વિભાગ સાથે યોજાયેલા વિભાગીય બેઠક અને ચર્ચાઓ બાદ નિર્ણય લેવામાં આવ્યો છે. નવા અભ્યાસક્રમ હેઠળ, AI નો અભ્યાસ અને કોંટમ કોમ્પ્યુટરનો અભ્યાસ પણ દાખલ કરાશે. આ પહેલ વિશ્વકક્ષાની આવશ્યકતાઓને ધ્યાને લઈને કરવામાં આવી રહી છે, જેથી વિદ્યાર્થીઓને ટેક્નોલોજી અને અદ્યતન અભ્યાસમાં વિશ્વ સ્તરે સ્પર્ધાત્મક બનાવવામાં મદદ મળી શકે. અભ્યાસક્રમમાં આ વિષય એક પાઠ તરીકે દાખલ કરવામાં આવશે. શિક્ષણ મંત્રાલય દ્વારા જણાવ્યું છે કે આ નિર્ણયનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતને ટેક્નોલોજી ક્ષેત્રે મજબૂત બનાવવું અને સેમિ કન્ડક્ટર સહિત અન્ય ઉદ્યોગ માટે તૈયાર કરવાનો છે. અભ્યાસક્રમમાં AIનો સમાવેશ થવાથી વિદ્યાર્થીઓને ટેકનોલોજી, પ્રોગ્રામિંગ અને નવા યુગના કમ્પ્યુટર વિજ્ઞાનની જ્ઞાનમાં સુધારો આવશે.

**વિશ્વકક્ષાની જરૂરિયાત માટે નિર્ણય**

આ પહેલ વિશ્વકક્ષાની આવશ્યકતાઓને ધ્યાને લઈને કરવામાં આવી રહી છે, જેથી વિદ્યાર્થીઓને ટેક્નોલોજી અને અદ્યતન અભ્યાસમાં વિશ્વ સ્તરે સ્પર્ધાત્મક બનાવવામાં મદદ મળી શકે. અભ્યાસક્રમમાં આ વિષય એક પાઠ તરીકે દાખલ કરવામાં આવશે.

**શ્રમ અને રોજગાર મંત્રી શ્રી**

## કુંવરજીભાઈ બાવળીયાએ તેમના 71માં જન્મદિવસ નિમિત્તે 'શ્રમિક અન્નપૂર્ણા યોજના' કેન્દ્રની મુલાકાત લઈ શ્રમિકોને સ્વહસ્તે ભોજન પીરસ્યું

(એજન્સી) અમદાવાદ | તા.17

ગુજરાત સરકાર દ્વારા શ્રમિકોના સર્વાંગી કલ્યાણ અને સુખાકારી માટે કાર્યરત 'શ્રમિક અન્નપૂર્ણા યોજના' અંતર્ગત શ્રમિક પરિવારોને પૂરતું પોષણ અને આરોગ્યલક્ષી સુવિધાઓ પૂરી પાડવા માટે નક્કર આયોજન કરવામાં આવ્યું છે. બાંધકામ ક્ષેત્ર સાથે જોડાયેલા શ્રમિકો અને તેમના પરિવારને સાદું, સાત્વિક અને પોષણયુક્ત આહાર મળી રહે તે હેતુથી આ યોજનાનો વિસ્તાર કરવામાં આવી રહ્યો છે. જે અંતર્ગત ગુજરાત સરકારના શ્રમ, કૌશલ વિકાસ અને રોજગાર તેમજ ગ્રામ વિકાસ મંત્રીશ્રી



કુંવરજીભાઈ બાવળિયાએ પોતાના 71 મા જન્મદિવસની ઉજવણી, આજે ગાંધીનગરમાં સેક્ટર - 6માં આવેલા કડિયા નાકા પાસેના શ્રમિક અન્નપૂર્ણા કેન્દ્ર પર જઈને, યોજનાના લાભાર્થીઓને પોતાના હાથે ગરમા ગરમ ભોજન પીરસીને કરી હતી.આ મુલાકાત દરમિયાન મંત્રીશ્રીએ શ્રમિકો સાથે સીધો સંવાદ કર્યો હતો અને શ્રમિક પરિવારોને પૌષ્ટિક ભોજન પીરસીને યોજનાની ગુણવત્તાનું નિરીક્ષણ કર્યું હતું. આ અવસરે મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે, બાંધકામ ક્ષેત્રે પરસેવો પાડતા શ્રમિકોને પૂરતું પોષણ મળી રહે તે માટે સરકાર સંવેદનશીલ છે. આ યોજના અંતર્ગત શ્રમિકોને માત્ર 5 રૂપિયાના રાહત દરે સાદું, સાત્વિક અને પોષણયુક્ત ભોજન પૂરું પાડવામાં આવે છે. તેમણે ઉમેર્યું હતું કે, શ્રમિકોના સ્વાસ્થ્યની જાળવણી માટે ભોજન કેન્દ્રોની સાથે જ શ્રમિક કલ્યાણ બોર્ડ દ્વારા પ્રાથમિક આરોગ્ય તપાસની સુવિધા પણ ઉપલબ્ધ કરાવાઈ છે. w

## બાકરોલમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક બેગ બનાવતી ફેક્ટરી ઝડપાઈ

### લાખોના મુદ્દામાલ સાથે સંચાલકની અટકાયત



(એજન્સી) અમદાવાદ | તા.17

પર્યાવરણના જતન અને પ્રતિબંધિત પ્લાસ્ટિક વિરુદ્ધ ચાલી રહેલી ઝુંબેશના ભાગરૂપે અમદાવાદ ગ્રામ્ય સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ(SOG)એ એક મોટી કાર્યવાહી હાથ ધરી છે. જેમાં કણભા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા બાકરોલ ખાતેના રૂદ્રા ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં ગેરકાયદેસર રીતે ધમધમતી પોલીથીન બેગ બનાવતી ફેક્ટરી પર દરોડો પાડી લાખોનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. અમદાવાદ ગ્રામ્ય SOGની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, રૂદ્રા ઈન્ડસ્ટ્રીયલ પાર્કના ગોડાઉન નંબર-481માં બહારથી શટર બંધ રાખી અંદરના ભાગે ગેરકાયદે પ્લાસ્ટિકની(પોલીથીન) થેલીઓનું ઉત્પાદન અને વેચાણ કરવામાં આવી રહ્યું હતું. જેને લઈને SOGની ટીમે સ્થળ પર ચકાસણી કરતા મોટાપાયે પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો મળી આવ્યો હતો. SOGના દરોડા દરમિયાન ફેક્ટરી ચલાવતા મુખ્ય વ્યક્તિ સલીમમીયા કાલુમીયા મલેકની અટકાયત કરવામાં આવી છે. આરોપી દસક્રોઈ તાલુકાના બાકરોલના રહેવાસી છે. સમગ્ર મામલે આગળની કાયદેસરની કાર્યવાહી માટે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ(GPCB)ને રિપોર્ટ સોંપવામાં આવ્યો છે.

**જપ્ત કરાયેલો જથ્થો**

તૈયાર પ્લાસ્ટિકના 500 ગ્રામ વજનના કુલ 2600 પેકેટ , 25 કિલોગ્રામની કુલ 388 પ્લાસ્ટિકના બેગ , પોલીસે કુલ રૂ.8.56 લાખનો મુદ્દામાલ કબજે કર્યો

